અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

19 NOVEMBER-2025 WEDNESDAY | Vol. : 17 | Issue : 138 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
એક વિમાનની કિંમત ₹900 કરોડ, મિડલ ઈસ્ટમાં ફક્ત ઇઝરાયલ પાસે જ આ પ્લેન

4 
ધૈર્ય અને ધ્વનિ એ નાની ઉંમરમાં કંઈ રીતે સમાજ ધર્મ અદા કર્યો?

6 
કરીના કપૂરે ભત્રીજાવાદ પર પોતાના વિચારો શેર કર્યાં

7 
સેબીની ચેતવણીના પગલે ઓક્ટોબરમાં ડિજિટલ ગોલ્ડની ખરીદીમાં 60 ટકાનો ઘટાડો

# રશિયા-યુક્રેન સંઘર્ષ વચ્ચે 100 રાફેલ જેટની એન્ટ્રી થતાં બદલાશે યુદ્ધની દિશા!

## યુક્રેન અને રશિયા યુદ્ધમાં મોટો વળાંક આવી શકે, વ્લાદિમીર ઝેલેન્સ્કી અને ઈમેન્યુઅલ મેક્રોને એક ઐતિહાસિક કરાર કર્યો

**યુક્રેન, તા.18**

યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં હવે એક મોટો વળાંક આવી શકે છે. સોમવારે યુક્રેનના પ્રમુખ વ્લાદિમીર ઝેલેન્સ્કી અને ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને એક ઐતિહાસિક કરાર કર્યો છે. આ કરાર હેઠળ યુક્રેનને આગામી 10 વર્ષમાં ફ્રાન્સ પાસેથી 100 રાફેલ ફાઈટર જેટ, ડ્રોન, એર ડિફેન્સ સિસ્ટમ અને અન્ય હથિયાર મળશે. ઝેલેન્સ્કીએ તેને 'વિશ્વની સૌથી મજબૂત એર ડિફેન્સ' ગણાવી છે. પરંતુ શું આ જેટ યુદ્ધની દિશા બદલી નાખશે? અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનનો શું જવાબ હશે?

રાફેલ ફ્રાન્સનું સૌથી ઍડ્વાન્સ ફાઈટર વિમાન છે. તે ચોથી પેઢીનું મલ્ટી-રોલ જેટ છે, જે હવામાં લડાઈ, લાંબા અંતરના હુમલા અને મિસાઈલ રોકવાનું કામ કરી શકે છે. એક જેટની કિંમત લગભગ 850 કરોડ રૂપિયા છે. ફ્રાન્સે અગાઉ યુક્રેનને મિરાજ જેટ આપ્યા હતા, પરંતુ રાફેલ પહેલી વાર આપવામાં આવી રહ્યા છે.

આ જેટ અમેરિકન F-16 જેટની જેમ કામ કરે છે. યુક્રેન પાસે હાલમાં માત્ર 9 F-16 અને 2 મિરાજ છે, બાકીના જૂના સોવિયેત વિમાનો છે. રાફેલ જેટની એન્ટ્રીથી યુક્રેનની હવાઈ તાકાત મજબૂત થશે. નિષ્ણાતો કહે છે કે, તે રશિયન મિસાઈલો અને ડ્રોનને સરળતાથી અટકાવી શકશે. જોકે, પ્રથમ જેટ આવવામાં ઓછામાં ઓછા ત્રણ વર્ષ લાગશે, કારણ કે પાયલટ્સને ટ્રેનિંગ આપવી પડશે.

17 નવેમ્બર 2025ના રોજ પેરિસના વિલાકોબ્લે એરબેઝ પર બંને પ્રમુખોએ લેટર ઓફ ઈન્ટેન્ટ (કરાર પત્ર) પર હસ્તાક્ષર કર્યા. આ કોઈ ફાઈનલ કોન્ટ્રાક્ટ નથી પરંતુ ભવિષ્યની ખરીદ માટેની યોજના છે. આ ડીલમાં શામેલ છે...

ફ્રાન્સ EU પ્રોગ્રામ અને રશિયાના ફ્રીઝ્ડ એસેટ્સ (જપ્ત સંપત્તિ)માંથી પૈસા આપશે. યુક્રેન પણ કો-પ્રોડક્શન પર વિચાર કરી રહ્યું છે, જેથી જેટ ખુદ બનાવી શકે. આ ડીલ સ્વીડન સાથે 150 ગ્રિપેન જેટની ડીલ બાદ થઈ છે. યુક્રેનની યોજના 250 નવા વિમાનોથી હવાઈ તાકાત બનાવવાની છે.



યુક્રેનની હવાઈ શક્તિ એક મોટી સમસ્યા છે. રશિયા દર મહિને 6,000 ગ્લાઈડ બોમ્બ ફેંકે છે, જે સરહદ પરના શહેરોને તબાહ કરી રહ્યા છે. તાજેતરમાં જ ખાર્કિવ અને બાલાક્લિયામાં રશિયન હુમલાઓમાં ઘણા નાગરિકો માર્યા ગયા હતા. રાફેલથી યુક્રેન લાંબા અંતરના હુમલા કરી શકશે અને રશિયન વિમાનોને પાછળ ધકેલી શકશે.

શોર્ટ ટર્મમાં વધુ ફરક નહીં પડશે. ટ્રેનિંગ અને ડિલીવરીમાં સમય લાગશે. યુદ્ધ હાલમાં રશિયાના પક્ષમાં ચાલી રહ્યું છે, જે ધીમે-ધીમે જમીન પર કબજો કરી રહ્યું છે.

લોન્ગ ટર્મમાં આ જેટ રશિયાને ડરાવશે. યુક્રેન લાંબા અંતરના હુમલા કરી શકશે, જેમ કે, રશિયાની અંદર સ્ટ્રાઈક. તે રશિયાને ભવિષ્યમાં હુમલા કરતા અટકાવશે. રાફેલ રશિયન જેટ્સને હરાવી શકશે.

જોકે, બીજી તરફ પડકાર એ છે કે, યુક્રેને પૈસા એકઠા કરવા પડશે. અમેરિકાના ટ્રમ્પ વહીવટીતંત્રએ ઓછી મદદ કરી છે તેથી યુરોપ આગળ આવી રહ્યું છે. ફ્રાન્સે કહ્યું કે, તે યુક્રેનની આર્મીને ફરીથી બનાવશે.

આ ડીલના સમાચાર પર ક્રેમલિન તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા નથી આવી. પરંતુ રશિયાનું વલણ સ્પષ્ટ છે. પુતિન યુદ્ધવિરામની માગ ઠુકરાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે યુક્રેન ધીમે-ધીમે હથિયાર જમા કરી લેશે. રશિયા ટ્રમ્પ પાસે વાતચીતની આશા રાખી રહ્યું છે, પરંતુ તેની શરતો નથી છોડી રહ્યું.

જમીન પર કબજો: રશિયા દોનેત્સક અને ઝાપોરિઝિયાના ગામડાઓ પર કબજો કરી રહ્યું છે.

હવાઈ હુમલામાં વધારો: મિસાઈલ અને ડ્રોનથી યુક્રેનના એનર્જી પ્લાન્ટ્સ પર હુમલા વધારી શકે છે.

હાઈબ્રિડ વોર: રોમાનિયા અને પોલૅન્ડમાં રશિયન પ્રોક્સી હુમલા કરી રહ્યા છે, જેમ કે LNG ટેન્કર પર હુમલો. બ્રિટિશ મંત્રી ટૉમ ટુંગેહાટ કહે છે કે પુતિન યુરોપને ડરાવવા માટે યુદ્ધ ફેલાવી રહ્યા છે.

રાજનીતિક દબાણ: ટ્રમ્પ સાથે ડીલ કરવાનો પ્રયાસ, જેથી પશ્ચિમી મદદ અટકે.

મેક્રોને કહ્યું કે, રશિયાને યુદ્ધની લત છે. 2027 પહેલા શાંતિ સ્થાપિત થઈ જવી જોઈએ. પરંતુ પુતિન પીછે હઠ કરવા માટે તૈયાર નથી. આ ડીલ યુક્રેન માટે એક મોટી જીત છે, ખાસ કરીને જ્યારે અમેરિકાની મદદ અનિશ્ચિત છે. રાફેલથી હવાઈ સુરક્ષા મજબૂત થશે, પરંતુ યુદ્ધનો અંત લાવવા માટે હજુ વધુ હથિયાર, ટ્રેનિંગ અને ડિપ્લોમેસીની જરૂર પડશે. યુક્રેનિયન લોકો શિયાળામાં રશિયન હુમલાઓ સામે સંઘર્ષ કરી રહ્યા છે. વિશ્વ શાંતિ ઈચ્છે છે, પરંતુ પુતિન પોતાની જિદ પર અડગ છે.

# મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેના વચ્ચે ડખાં! કેબિનેટની બેઠકમાં ન દેખાયા શિંદેના મંત્રી....

**મુંબઈ, તા.18**

મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ વચ્ચે ભાજપ અને શિવસેના વચ્ચે આંતરિક વિવાદ હોવાના અહેવાલ સામે આવ્યા છે. રિપોર્ટ મુજબ સચિવાલયમાં કેબિનેટની બેઠક યોજાઈ હતી, જેમાં માત્ર નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે જ હાજર રહ્યા હતા, જ્યારે મહાયુતિ સરકારમાં શિવસેના જૂથના મોટાભાગના મંત્રીઓ બેઠકથી દૂર રહ્યા હતા. આ મામલો સામે આવ્યા બાદ ભાજપે પણ પ્રતિક્રિયા આપી છે.



રિપોર્ટ મુજબ, શિવસેના જૂથના મંત્રીઓ ભાજપને સંદેશ આપવા માટે બેઠકથી દૂર રહ્યા હતા. તેઓ સંદેશ આપવા માંગતા હતા કે, જે થઈ રહ્યું છે, તેનો ક્યારેય સ્વિકાર કરવામાં નહીં આવે. વાસ્વપમાં BMC ચૂંટણીના કારણે ભાજપ-શિવસેના વચ્ચે તિરાડ પડી છે. તાજેતરમાં ડોમ્બિવલી શહેરમાં શિવસેનાના ઘણા કાર્યકરો ભાજપમાં જોડાયા હતા, જેને કારણે શિવસેના નારાજ થયું છે. રિપોર્ટ મુજબ, કલ્યાણ-ડોમ્બિવલીમાં શિવસેનામાંથી ભાજપમાં સામેલ થયેલા એક નેતાના કારણે પણ બંને પક્ષો વચ્ચે વિવાદ થયો હોવાની ચર્ચા છે.

એવા પણ અહેવાલ સામે આવ્યા છે કે, શિવસેનાના મંત્રીઓએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ (CM Devendra Fadnavis)ના કાર્યાલયમાં તેમની સાથે મુલાકાત કરી હતી અને મંત્રીઓએ ડોમ્બિવલી ઘટનાક્રમ મામલે નારાજગી વ્યક્ત કરી હતી. આ દરમિયાન મુખ્યમંત્રીએ કહ્યું કે, 'પડોશી ઉલ્હાસનગર ક્ષેત્રમાં ભાજપના સભ્યોને સૌથી પહેલા શિવસેનાએ જ પોતાના પક્ષમાં સામેલ કર્યા હતા.' તેમણે કથિત રીતે શિવસેનાના નેતાઓને કહ્યું કે, 'તમારી પાર્ટી અન્ય સાથી પક્ષોના કાર્યકર્તાઓને પોતાના પક્ષમાં સામેલ કરી શકે છે, તો ભાજપ આવું કે ન કરી શકે, આવી ફરિયાદ ન કરવી જોઈએ.'

ફડણવીસે શિવસેનાના મંત્રીઓને કથિત રીતે સ્પષ્ટ સંભળાવી દીધું છે કે, 'હવેથી ગઠબંધનના સાથી પક્ષોએ એક-બીજાના કાર્યકર્તાઓને પક્ષમાં સામેલ ન કરવા જોઈએ. મહારાષ્ટ્રમાં સત્તાધારી મહાયુતિ ગઠબંધનમાં ભાજપ, એકનાથ શિંદે (Eknath Shinde)ની શિવસેના અને અજિત પવાર (Ajit Pawar)ની એનસીપી સામેલ છે. જોકે મહાયુતિમાં બે પક્ષો વચ્ચે વિવાદ થયો હોવાની વાતને ભાજપે રદીયો આપ્યો છે.

મહારાષ્ટ્રના મંત્રી અને ભાજપ નેતા ચંદ્રશેખર બાવનકુલેએ આજે (18 નવેમ્બર) કહ્યું કે, 'મહાયુતિ ગઠબંધનમાં સામેલ ભાજપ, શિવસેના અને એનસીપી સાથે મળીને બીએમસીની ચૂંટણી લડશે. તેમાં બેતૃતિયાંશ વોર્ડ અને 51 ટકા મત હાંસલ કરવાનું અમારા ગઠબંધનનું લક્ષ્ય છે. મહાયુતિ મળીને બીએમસીની ચૂંટણી લડશે.'

# 'દરેક EVMમાં પહેલેથી જ 25 હજાર વોટ હતા', RJD નેતાના ગંભીર આરોપથી બિહારનું રાજકારણ ગરમાયું

**પટના, તા.18**

બિહાર વિધાનસભા 2025ની ચૂંટણીના પરિણામો બાદ રાષ્ટ્રીય જનતા દળે(RJD) સોમવારે (17મી નવેમ્બર) પટણામાં સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં તેજસ્વી યાદવને સર્વસંમતિથી વિધાનસભા પક્ષના નેતા અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે ફરીથી ચૂંટવામાં આવ્યા હતા. જો કે, બેઠક બાદ RJDના વરિષ્ઠ નેતાઓના ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) અંગેના નિવેદનોથી રાજકીય વાતાવરણ ગરમાયું છે.



સમીક્ષા બેઠક બાદ મીડિયા સાથે વાત કરતાં પૂર્વ પ્રદેશ અધ્યક્ષ જગદાનંદ સિંહે EVMને લઈને ચોંકાવનારો દાવો કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, 'અમને અપેક્ષા નહોતી કે ચૂંટણીમાં RJDને આવી દુર્દશાનો સામનો કરવો પડશે. EVMમાં આશરે 25,000 મત પહેલાથી જ હતા. છતાં અમારા 25 ધારાસભ્યોનો વિજય અમારા માટે સૌભાગ્યની વાત છે.' તેમના નિવેદનથી ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા પર સીધો સવાલ ઉઠાવવામાં આવ્યો છે.

જગદાનંદ સિંહે લોકશાહી પ્રક્રિયામાં કથિત છેડછાડ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, 'જો લોકશાહી પ્રક્રિયા સાથે છેડછાડ કરવામાં આવે તો દેશ કઈ દિશામાં જશે? શાસક પક્ષે પરિસ્થિતિ બદલવા માટે ખાસ પગલાં લીધા છે. શું લોકશાહી એક એવો વ્યવસાય છે જ્યાં છેતરપિંડી ચાલુ રહી શકે છે? EVM સાથે છેડછાડ ચૂંટણી પરિણામોને પ્રભાવિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.'

બેઠકમાં હાજર રહેલા મનેરના RJD ધારાસભ્ય ભાઈ વીરેન્દ્રએ પણ ચૂંટણી પ્રક્રિયામાં છેડછાડનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, 'અમે બેલેટ પેપરનો ઉપયોગ કરીને ચૂંટણી જીતીએ છીએ, પરંતુ EVMનો ઉપયોગ કરીને ચૂંટણી હારી જઈએ છીએ. EVM સાથે છેડછાડ કરવામાં આવી છે, અને આપણે તેની સામે લડવું જોઈએ.' તેમણે આ મુદ્દે વધુ આંદોલનની જરૂરિયાત દર્શાવી હતી.

આરજેડી નેતાઓના આ આક્ષેપોથી ફરી એકવાર EVMની વિશ્વસનીયતા પર રાજકીય ચર્ચા શરુ થઈ છે. જો કે, ચૂંટણી પંચે ભૂતકાળમાં વારંવાર સ્પષ્ટતા કરી છે કે EVM સંપૂર્ણપણે સુરક્ષિત છે અને તેમાં કોઈપણ પ્રકારની હેરાફેરી અશક્ય છે.

બિહારમાં NDA 202 બેઠક પર જીત સાથે ફરી સરકાર બનાવશે. ભાજપ 89 બેઠકો પર જીત સાથે રાજ્યની સૌથી મોટી પાર્ટી બની ગઈ છે. આ ઉપરાંત, નીતિશ કુમારની પાર્ટી JDU ને 85 બેઠક, ચિરાગ પાસવાનની પાર્ટી LJPR ને 19 બેઠક, જીતન રામ માંઝીની પાર્ટી HAMને 5 બેઠક અને RLM ને 4 બેઠક પર જીત મળી છે. બીજી બાજુ, મહાગઠબંધનના સૂંપડા સાફ થઈ ગયા છે. મહાગઠબંધન ફક્ત 35 બેઠકો પર સમેટાઈ ગયું. મહાગઠબંધનમાં તેજસ્વી યાદવની પાર્ટી RJD એ સૌથી વધુ 25 બેઠક પર જીત મેળવી છે, જ્યારે કોંગ્રેસે 6 બેઠક પર અને અન્ય સહયોગી પક્ષોએ 4 બેઠક પર જીત મેળવી છે.

# રશિયન ઓઇલ ફરી વેચનાર-ખરીદનાર પર 500 ટકા ટેરિફ લાદતું બિલ રિપબ્લિકન્સે રજૂ કર્યું

**વૉશિંગ્ટન, તા.18**

યુએસના પ્રમુખ ટ્રમ્પે ચેતવણી આપી છે કે રશિયા સાથે બિઝનેસ કરતાં કોઇપણ દેશ પર આકરાં નિયંત્રણો લાદવામાં આવશે. બીજી તરફ રિપબ્લિકન્સ દ્વારા રશિયાને લક્ષ્ય બનાવી ખરડો રજૂ કરવામાં આવ્યો છે જેમાં રશિયન ઓઇલના સેકન્ડરી પરચેઝ અને રિસેલિંગ પર ૫૦૦ ટકા ટેરિફ લાદવાની જોગવાઇ કરવામાં આવેલી છે. આ ખરડો કાયદો બનશે તો રશિયા પાસેથી ઓઇલ અને ગેસ ખરીદતાં ચીન, ભારત અને બ્રાઝિલ પર ફરી આકરાં નિયંત્રણો લાગુ પડી શકે છે.

ટ્રમ્પે સેનેટર લિન્ડસે ગ્રેહામ અને સેનેટર રિચાર્ડ બ્લુમેન્થાલ દ્વારા સંયુક્ત રીતે રજૂ કરવામાં આવેલાં સેન્કશનિંગ રશિયા એક્ટ ૨૦૨૫માં યુક્રેન સાથે રશિયાની જંગાલિયતભરી લડાઇને નાણાં પુરાં પાડતાં દેશો પર સેકન્ડરી ટેરિફ અને નિયંત્રણો લાદવાની જોગવાઇ કરાઇ છે. આ સૂચિત કાયદાના સેનેટમાં ૮૫ કોસ્પોન્સર્સ છે.

રવિવારે પત્રકારો સાથે વાત કરતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે રિપબ્લિકન્સ દ્વારા રશિયા સાથે વેપાર કરતાં કોઈપણ દેશ પર આકરાં નિયંત્રણો મુકતો કાયદો લાવવામાં આવી રહ્યો છે. તેઓ તેમાં ઈરાનને પણ જોડી શકે છે. ટ્રમ્પ વહીવટીતંત્રએ ભારતપર ૫૦ ટકા ટેરિફ લાદ્યા છે જેમાં રશિયન ઉર્જાની ખરીદી પર ૨૫ ટકા લેવીનો પણ સમાવેશ થાય છે. દુનિયામાં વિવિધ દેશો પર લાદવામાં આવેલાં ટેરિફમાં આ સૌથી ઉંચો દર છે.

ગ્રેહામ અને બ્લુમેન્થાલે જુલાઈમાં જ જારી કરેલાં એક નિવેદનમાં જણાવ્યું હતું કે રશિયા અને યુક્રેન વચ્ચેની લોહિયાળ લડાઇ અટકાવવા પ્રમુખ ટ્રમ્પ અને તેમની ટીમે ટેરિફ લાદવાનો નવો અભિગમ અપનાવ્યો છે. જો કે, આ યુદ્ધનો અંત તો સસ્તા રશિયન ઓઇલ અને ગેસ ખરીદી રશિયાને યુદ્ધ લડવામાં સહાય કરતાં ચીન, ભારત અને બ્રાઝિલ જેવા દેશો પર આકરાં ટેરિફ લાદવાથી જ લાવી શકાશે.



# રાજકોટ રેસકોર્સને 50 કરોડના ખર્ચે નવા રંગરૂપ અપાશે

## હયાત ગાર્ડન અને સ્પોર્ટ્સની સુવિધાને અપગ્રેડ કરાશે, વોકીંગ ટ્રેક દિવાલની અંદર લાવવા વિચારણા

**રાજકોટ, તા.18**

રાજકોટ શહેરના હૃદય સમાન અને નાગરિકોનું મુખ્ય આકર્ષણનું કેન્દ્ર ગણાતા રેસકોર્સ ગ્રાઉન્ડને હવે વૈશ્વિક કક્ષાનું નવું સ્વરૂપ આપવાની મહત્વાકાંક્ષી તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરાએ આ સમગ્ર નવીનીકરણના મેગા પ્લાન વિશે સૌપ્રથમ દિવ્યભાસ્કર સાથે ખાસ વાતચીત કરી હતી. જેમાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે, તેમનો મુખ્ય ઉદ્દેશ્ય રેસકોર્સને માત્ર ફરવાનું સ્થળ જ નહીં, પરંતુ આધુનિક, સુરક્ષિત અને સુવિધાસભર જગ્યા બનાવવાનો છે જ્યાં નાગરિકો ટ્રાફિકની કે અન્ય કોઈ ચિંતા વગર પોતાના પરિવાર સાથે ગુણવત્તાસભર સમય વિતાવી શકશે. આ માટે રૂ. 50 કરોડ જેટલા ખર્ચનો અંદાજ હોવાનું તેઓએ જણાવ્યું છે.

મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરાએ દિવ્યભાસ્કર સમક્ષ જણાવ્યું કે, સમગ્ર રેસકોર્સ પરિસરના રીનોવેશન માટે એક માસ્ટર પ્લાન તૈયાર કરવાની કામગીરી શરૂ કરાવી છે, જેના માટે લગભગ રૂ. 50 કરોડ જેટલા મોટા ખર્ચનો પ્રાથમિક અંદાજ મૂકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ દ્વારા રેસકોર્સના સમગ્ર રંગરૂપ બદલવાની યોજના છે, જેમાં મેળાના વિશાળ મેદાનથી માંડીને અલગ અલગ ગાર્ડનના નવનિર્માણ અને સ્પોર્ટ્સ સુવિધાઓના અપગ્રેડેશનનો વિચાર કરવામાં આવ્યો છે. હાલમાં, આ પ્રોજેક્ટ માસ્ટર પ્લાનિંગના પ્રાથમિક તબક્કામાં છે. સંપૂર્ણ આયોજન તૈયાર થયા બાદ તેમાં સુધારા-વધારા સાથેની બ્લુ પ્રિન્ટ ઘડવામાં આવશે. કમિશનરે આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટના પ્રાથમિક આર્થિક પાસાઓ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, રેસકોર્સના નવીનીકરણનું કામ હાલ માસ્ટર પ્લાનિંગના પ્રાથમિક તબક્કામાં ચાલી રહ્યું છે. હાલ પ્રાથમિક અંદાજ મુજબ આ સમગ્ર પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂ. 50 કરોડ સુધીનો ખર્ચ થવાની સંભાવના છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી વર્ષોના બજેટમાં આ યોજનાને સમાવવા માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ફંડિંગ અંગે કમિશનરે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આટલા મોટા પ્રોજેક્ટ માટેના ફંડિંગ રૂટ પર હાલ કામગીરી ચાલી રહી છે, જેમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ્સ અને અન્ય અનુદાન મેળવવાનો સમાવેશ થાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સારા અને ગુણવત્તાસભર વિકાસ કાર્યો માટે ફંડ ક્યારેય અવરોધ બન્યો નથી અને એકવાર માસ્ટર પ્લાન ફાઈનલ થઈ જાય પછી ફંડની





વ્યવસ્થા સરળતાથી ગોઠવી દેવામાં આવશે. આર્થિક વ્યવસ્થાની રૂપરેખા સ્પષ્ટ થતાં જ નવીનીકરણના કામોને ઝડપથી આગળ વધારવામાં આવશે.

નવીનીકરણના આયોજનો અંગે મ્યુ. કમિશ્નરે જણાવ્યું કે, આ નવીનીકરણમાં રાજકોટના નાગરિકોની લાંબા સમયથી રહેલી જરૂરિયાતોને કેન્દ્રમાં રાખવામાં આવી છે. મુખ્યત્વે ટ્રાફિક અને પાર્કિંગની કાયમી સમસ્યાને હલ કરવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. રેસકોર્સ શહેરના મધ્યમાં સ્થિત હોવાથી ટ્રાફિક અને ખાસ કરીને પાર્કિંગની સમસ્યા એક કાયમી પડકાર રહી છે. આ પ્રશ્ન સમસ્યાને કાયમ માટે હલ કરવા માટે, રેસકોર્સમાં મુલાકાતીઓની સંખ્યાને અનુરૂપ પૂરતી અને વ્યવસ્થિત પાર્કિંગ સ્પેસ ડેવલપ કરવામાં આવશે, જેથી લોકો વાહનોની ચિંતા વગર રેસકોર્સનો ઉપયોગ કરી શકે. આ વ્યવસ્થા લોકોના ગુણવત્તાસભર સમયને બગાડ્યા વિના રેસકોર્સની મુલાકાત લેવામાં મદદરૂપ થશે.

વૈશ્વિક કક્ષાની સુવિધાઓ આપવાના ભાગરૂપે, હાલના પ્લેનેટોરિયમનું સંપૂર્ણપણે નવનિર્માણ કરવાની યોજના છે. જે આધુનિક પ્લેનેટોરિયમ હશે. હાલનાં પ્લેનેટોરિયમને બદલે સંપૂર્ણપણે નવી ટેકનોલોજીથી સજ્જ અને વિશ્વસ્તરીય પ્રદર્શન ક્ષમતા ધરાવતું આધુનિક પ્લેનેટોરિયમ બનાવવાની યોજના છે. કમિશનરે જણાવ્યું કે, આ પ્લેનેટોરિયમ ભારતમાં ઉપલબ્ધ શ્રેષ્ઠ ટેકનોલોજીનો ઉપયોગ કરીને તૈયાર કરાશે, જે રાજકોટના બાળકો, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકો માટે જ્ઞાન અને મનોરંજનનું એક મુખ્ય કેન્દ્ર બનશે. આનાથી શૈક્ષણિક પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન મળશે.

નાગરિકોને એક્સરસાઈઝ અને વોકિંગ માટે અલગ, સલામત અને સુખદ જગ્યા મળે તે માટે વિશેષ રસ્તાઓ અને એરિયા બનાવવામાં આવશે. આનાથી લોકો ટ્રાફિક કે અન્ય કોઈ અસુવિધા વગર આરામથી હરી-ફરી શકે અને શારીરિક પ્રવૃત્તિઓ કરી શકે. આ સાથે, રેસકોર્સ રીંગ રોડનો વોકિંગ ટ્રેક દીવાલની અંદર લઈ જવાનું આયોજન પણ ફરી એકવાર વિચારણા હેઠળ લેવામાં આવશે. અગાઉના સમયગાળામાં પણ આ પ્રકારનો વિચાર કરવામાં આવ્યો હતો, પરંતુ તે સમયે તે સાકાર થઈ શક્યો ન હતો. હવે કોર્પોરેશન દ્વારા રેસકોર્સ રીંગ રોડ ડેવલપમેન્ટના વિચારને પણ ફરી એકવાર ગતિ આપવામાં આવી છે.

મહાનગરપાલિકા રેસકોર્સ પર આવતા દરેક વ્યક્તિને સંપૂર્ણપણે સેફ (સુરક્ષિત) અને એન્ગેજિંગ (આકર્ષક) અનુભવ મળે તેના પર ભાર મૂકી રહી છે. સમગ્ર ગ્રાઉન્ડનું વાતાવરણ વધુ હરિયાળું અને સ્વચ્છ બનાવવામાં આવશે. રેસકોર્સ સંકુલનો સૌથી મોટો ભાગ મેળાના મેદાનનો છે. અગાઉ આ ભાગ ફરતે ગ્રીનરી વધારવા અંગે વિચારણા થઈ હતી. આ નવીનીકરણ યોજનામાં રેસકોર્સના અલગ અલગ ગાર્ડનની હાલત સુધારવા પર પણ ધ્યાન આપવામાં આવશે. થોડા સમય પહેલા જ ચબૂતરા સામેનો સંપૂર્ણ ભાગ ખાલી કરાવવામાં આવ્યો છે, જ્યાં અગાઉ સ્પોર્ટ્સ ફિયેસ્ટા ફેસ્ટિવલ યોજવામાં આવ્યો હતો. હવે આ નાની જગ્યા સહિત સમગ્ર રેસકોર્સ સંકુલમાં કેટલા અને કેવા ડેવલપમેન્ટ કરવા તેની બ્લુ પ્રિન્ટ ટૂંક સમયમાં તૈયાર થઈ જશે. રાજકોટ કોર્પોરેશન દ્વારા શહેરના ખેલકૂદથી ધમધમતા રેસકોર્સ સંકુલના સંપૂર્ણ નવીનીકરણનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. રેસકોર્સ સંકુલમાં હાલ ક્રિકેટ સ્ટેડિયમ, હોકી અને ફૂટબોલ ગ્રાઉન્ડ, એથ્લેટિક ટ્રેક, ઈન્ડોર સ્ટેડિયમ જેવી અનેક રમત-ગમતની સુવિધાઓ ઉપલબ્ધ છે. વળી, મેળાના વિશાળ મેદાનમાં બાળકો અને યુવાનો ક્રિકેટ રમવા નિયમિતપણે ઉમટી પડે છે, અને મહિલા ગાર્ડન સહિતના અલગ અલગ બગીચા પણ અહીં આવેલા છે.આ નવીનીકરણ પાછળનો મુખ્ય વિચાર રેસકોર્સ સંકુલને સમય અને લોકોની જરૂરિયાત મુજબ આધુનિક બનાવવાનો છે. મનપા દ્વારા નવા રિંગ રોડ પર સ્માર્ટ સિટી અને અટલ સરોવર જેવા મોટા પ્રોજેક્ટ્સ વિકસાવવામાં આવ્યા હોવા છતાં, રેસકોર્સ રીંગ રોડ આજે પણ રાજકોટના લોકો માટે એક અતિ મહત્વનું સ્થળ અને હૃદય સમાન છે. જોકે, સંકુલના ઘણા ભાગો હવે નવીનીકરણ માંગી રહ્યા છે.

મ્યુ. કમિશનરે સ્પષ્ટતા કરી હતી કે, આ પ્રોજેક્ટ હજી ખૂબ જ પ્રાથમિક સ્ટેજ પર છે. માસ્ટર પ્લાનનું એક પ્રાથમિક પ્રેઝન્ટેશન થઈ ચૂક્યું છે, પરંતુ તેના પર વિવિધ સજેશન્સ, બ્રેઈનસ્ટોર્મિંગ અને સુધારાનો બીજો કટ આવવાનો હજી બાકી છે. માસ્ટર પ્લાન સંપૂર્ણપણે ફાઈનલ થયા બાદ જ તેના ડિટેલિંગ અને ગ્રાઉન્ડ લેવલના અમલની શરૂઆત થઈ શકશે. એન્જિનિયરો દ્વારા કયા કયા જરૂરી સુધારા અને ઉમેરા કરવા તે અંગેના વિચારો ચાલી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, મનપા દ્વારા હાલ શહેરમાં એકસાથે ત્રણ નવા પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા છે, જેમાં સ્માર્ટ સિટી એરિયામાં વર્કિંગ વુમન્સ હોસ્ટેલ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ (PMU) અને રેસકોર્સ રિનોવેશનનો સમાવેશ થાય છે. વર્કિંગ વુમન્સ હોસ્ટેલનું ટેન્ડર પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે, જ્યારે PMUની સ્થાપના બાદ તેના મહેકમ માટે 35 એન્જિનિયરોની 11 માસના કોન્ટ્રાક્ટ બેઝથી ભરતી કરવાની પ્રક્રિયાને પણ મંજૂરી મળી ગઈ છે. હવે ટૂંક સમયમાં રેસકોર્સ રિનોવેશનના આયોજનને પણ વેગ આપવામાં આવશે.

---

### સુરત એરપોર્ટ પરથી કરોડોનું ડ્રગ્સ ઝડપાયું

# બેંગકોકથી આવેલા મુસાફર પાસેથી 4 કિલો હાઈડ્રોપોનિક વીડ જપ્ત....

**સુરત, તા.18**

સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ફરી એકવાર માદક પદાર્થોનો મોટો જથ્થો પકડાતા ચકચાર મચી જવા પામી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે થતી નશીલા પદાર્થોની હેરાફેરી રોકવા માટે સુરક્ષા એજન્સીઓ દ્વારા ચલાવવામાં આવી રહેલા સઘન ચેકિંગ દરમિયાન સુરત ક્રાઈમ બ્રાન્ચ, કસ્ટમ્સ અને CISFની સંયુક્ત ટીમને મોટી સફળતા હાથ લાગી છે. ટીમે બેંગકોકથી આવેલા એક આંતરરાષ્ટ્રીય મુસાફર પાસેથી રૂ.1.42 કરોડની કિંમતનો 4 કિલોગ્રામથી વધુનો હાઈડ્રોપોનિક વીડ (હાઈબ્રિડ ગાંજો)નો જથ્થો ઝડપી પાડ્યો છે.



સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સોમવારે (17 નવેમ્બર) સાંજે 07:30 વાગ્યે એર ઈન્ડિયાની ફ્લાઈટ નંબર IX-263 બેંગકોકથી સુરત એરપોર્ટ પર આવી પહોંચી હતી. આ ફ્લાઈટના મુસાફરોનું નિયમિત ચેકિંગ ચાલી રહ્યું હતું, તે દરમિયાન એક મુસાફરની હિલચાલ શંકાસ્પદ જણાતા સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ હતી.

CISF અને કસ્ટમ્સની ટીમે આ શંકાસ્પદ મુસાફરના માલ-સામાનની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન તેની બેગમાંથી અત્યંત ચાલાકીપૂર્વક છુપાવેલા 8 પેકેટ મળી આવ્યા હતા. આ પેકેટો ખોલીને તપાસ કરતાં તેમાંથી ઉચ્ચ ગુણવત્તાવાળું અને આંતરરાષ્ટ્રીય બજારમાં મોંઘું ગણાતું હાઈડ્રોપોનિક વીડ (હાઈબ્રિડ ગાંજો) મળી આવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે જપ્ત કરાયેલા આ હાઈબ્રિડ ગાંજાનું કુલ વજન 4.055 કિલોગ્રામ છે, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત અંદાજે 1,41,92,500 રૂપિયા જેટલી માતબર રકમ થાય છે. સુરક્ષા એજન્સીઓએ તાત્કાલિક ડ્રગ્સનો જથ્થો જપ્ત કરી મુસાફરની અટકાયત કરી હતી.

આ મામલે, જપ્ત કરાયેલા પદાર્થને ફોરેન્સિક તપાસ (FSL) માટે મોકલવામાં આવ્યો હતો. ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ, સુરત ક્રાઈમ બ્રાન્ચે આરોપી મુસાફરની વિધિવત ધરપકડ કરી કસ્ટડી મેળવી છે. હાલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે કે આ જથ્થો કોણે મોકલ્યો હતો અને સુરતમાં તેની ડિલિવરી કોને કરવાની હતી, તે અંગેના તથ્યો બહાર લાવવા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

---

# નંદેસરીને જોડતો બ્રિજ સંપૂર્ણ બંધ કરાતા અસંખ્ય લોકો પરેશાનીમાં મુકાયા : વાહનચાલકોના સમય અને ઈંધણનો વ્યય

**વડોદરા, તા.18**

રણોલી નજીક મીની નદી પરનો 50 વર્ષ જૂનો બ્રિજ મજબૂતાઈ રિપોર્ટ બાદ પહેલા ભારે વાહનો માટે અને ગંભીરા બ્રિજ દુર્ઘટના પછી લાઈટ વ્હિકલ માટે પણ બંધ કરી દેવાયો છે. બ્રિજ બંધ થતાં નંદેસરી રેલવે ફાટક અથવા અનગઢના રામપુરા માર્ગે 4-5 કિમીનો વધારાનો ચક્કરાવો અને સમય-ઈંધણનો વ્યય થઈ રહ્યો છે. અનગઢના કાચા રસ્તેથી ભારદારી વાહનો જતા ગ્રામજનોમાં અકસ્માતનો ભય ઉભો થયો છે.



વડોદરા શહેરના છેવાડે રણોલી નજીક મીની નદી પર નંદેસરીને જોડતો બ્રિજ આવેલો છે. બ્રિજ 50 વર્ષ જૂનો હોવાથી બે વર્ષ અગાઉ બ્રિજની મજબૂતાઈની ચકાસણી હાથ ધરાતા રિપોર્ટમાં ભારદારી વાહનો માટે બ્રિજ બંધ કરવાની સૂચના હતી. જેથી બ્રિજ પર બેરીકેડ મૂકી ભારદારી વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂક્યો હતો. અને લાઈટ વ્હિકલની અવરજવર યથાવત રાખી હતી. પરંતુ ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ લાઈટ વ્હિકલની અવરજવર પર રોક લગાવી બ્રિજ સંપૂર્ણપણે બંધ કર્યો હતો. જેના કારણે વાહનચાલકોને નંદેસરી રેલવે ફાટક અથવા અનગઢ ગામના રામપુરા થઈને અવરજવર કરવાની નોબત આવી છે. જેના કારણે અંદાજે ચારથી પાંચ કિલોમીટરનો ચકરાવો થવા સાથે અડધો કલાકનો સમય અને ઈંધણનો વ્યય થઈ રહ્યો છે. અનગઢ ગામનો કાચા રસ્તાથી ભારદારી વાહનો પસાર થતા ગ્રામજનોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. જેથી ગ્રામજનો પણ ભારધારી વાહનોના પ્રતિબંધની માંગ કરી રહ્યા છે. આ પરિસ્થિતિના કારણે કંપની સંચાલકો અને કર્મચારીઓ પણ મુશ્કેલીમાં મુકાયા છે. ટ્રેનો પસાર થવાના કારણે રેલવે ફાટક અવારનવાર બંધ થતી હોવાથી તેમજ રામપુરાનો રસ્તો કાચો હોવાથી વાહનચાલકોની મુશ્કેલી વધી છે.

બ્રિજ બનાવવા માટે શરૂઆતમાં 14 કરોડનું ટેન્ડર 10 ટકા વધારા સાથે મંજુર થયું હતું. આ બ્રિજ બનાવવા માટે પેટ્રોકેમિકલ કોમ્પલેક્ષ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ અને નંદેશરી જીઆઈડીસી એસોસિએશનના ખર્ચે બનાવવાની સહમતિ થઈ હતી. પરંતુ વિશ્વામિત્રી નદીનું પાણી ડાયવર્ટ કરી મિનિટ નદી તરફ વાળવાની ચર્ચાઓના કારણે મીની નદીનો બ્રિજ ઉંચો કરવા ફરી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરતા 34 કરોડનો બ્રિજ થઈ રહ્યો હતો. જોકે, વિશ્વામિત્રી નદીનું પાણી મીની નદીમાં ડાયવર્ટ કરવાનો કોઈ ઉલ્લેખ ન હોય આખરે અગાઉ 14 કરોડના ખર્ચે મંજૂર થયેલ ટેન્ડર મુજબ કામ આગળ વધ્યું હતું. જોકે બ્રિજની નીચે રિલાયન્સ, આઈઓસી, જીએસએફસીને ઉપયોગી ગેસ,પાણી અને યુટીલીટીની પાઈપલાઈનો પસાર થતી હોવાથી કામગીરી ઉપર બ્રેક લાગી છે.

નંદેસરી જીઆઈડીસીમાં અવારનવાર આગના બનાવો બને છે. દુર્ઘટના સમયે વડોદરા તંત્રનો સહયોગ રહે છે. હાલ મીની નદીનો બ્રિજ બંધ હોવાથી નંદેશરીમાં કોઈ દુર્ઘટના થાય તો ઈમર્જન્સી વ્હીકલો સરળતાથી પહોંચી શકે તેમ નથી. જેથી મોટી જાનહાનિ થવાની શક્યતા ને પણ નકારી શકાય તેમ નથી.

નંદેશરી એસોસિએશનના ચેરમેનનું કહેવું છે કે, મીની નદીનો બ્રિજ બંધ થતાં અને નવો બ્રિજ બનવામાં વિલંબથી કંપનીના કર્મચારીઓ અને ગ્રામજનો છેલ્લા બે વર્ષથી પરેશાન થઈ રહ્યા છે. બ્રિજ વહેલી તકે પૂર્ણ થાય તેવા પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ બ્રિજ નીચેની પાઈપલાઈનોના ડાયવર્ઝન માટે મિટિંગનો દોર ચાલતા સમયનો વ્યય થઈ રહ્યો છે. કામગીરી વહેલી તકે શરૂ થાય તે માટે મુખ્યમંત્રી ,નાયબ મુખ્યમંત્રી અને આરએન્ડબી વિભાગને રજૂઆત કરી છે.

---

# સુરતના પુણામાં રૂપિયાની લેતીદેતીમાં યુવકને ટાઈલ્સના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેવાયો




**સુરત, તા.18**

રાજ્યમાં જાણે ગુનાખોરી બેલગામ બની હોય તેમ ક્રાઈમ રેટ સતત વધી રહ્યો છે. તેમાં પણ 'ડાયમંડ સિટી' સુરત જાણે 'ક્રાઈમ કેપિટલ' બની રહ્યું હોય તેમ હત્યાના બનાવો સામાન્ય બની ગયા છે. શહેરમાં છેલ્લા 24 કલાકમાં જ ત્રણ-ત્રણ હત્યાના બનાવો સામે આવતા પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થયા છે. ત્યારે સુરતના પુણા વિસ્તારમાં રૂપિયાની સામાન્ય લેતીદેતી જેવી બાબતે એક યુવકની ઘાતકી હત્યા કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના પુણા વિસ્તારમાં વિકી નામના શખ્સે લાલુ યાદવ (મૂળ બિહાર) નામના યુવક સાથે રૂપિયાની લેતીદેતી બાબતે બોલાચાલી કરી હતી. આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં વિકીએ આવેશમાં આવી જઈ લાલુ યાદવ પર હુમલો કર્યો હતો. વિકીએ નજીકમાં પડેલી ટાઈલ્સ ઉઠાવી તેના ઉપરાછાપરી ઘા લાલુ યાદવને માથાના ભાગે મારી દેતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

હત્યાના આ ચકચારી બનાવની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત પુણા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતક લાલુ યાદવના મૃતદેહનો કબજો લઈ તેને પોસ્ટમોર્ટમ અર્થે સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી આરોપી વિકીને ઝડપી પાડવા માટે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુરતમાં 24 કલાકમાં ત્રણ હત્યાના બનાવોએ શહેરીજનોમાં ભયનો માહોલ પેદા કર્યો છે.

---

# સુરતમાં બી.એલ.ઓ.ની કામગીરીમાં સંકળાયેલા શિક્ષકો-કર્મચારીઓને અન્ય કામગીરીમાંથી મુક્તિ આપવા આદેશ

**સુરત, તા.18**

સુરતમાં બી.એલ.ઓ કામગીરીમાં સંકળાયેલ શિક્ષકો-પાલિકા કર્મચારીઓને મતદાર સુધારણા કામગીરી સાથે શાળા ઓફિસની કામગીરીમાં રજા ન મળતી હોવાની ફરિયાદ વચ્ચે ચૂંટણી પંચ દ્વારા આ કામગીરીમાં જોડાયેલા કર્મચારીઓને અન્ય કામગીરીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવા પરિપત્ર જાહેર કરાયો છે. જ્યારે બીજી તરફ બીએલઓ કામગીરીમાં સંકળાયેલા કર્મચારીઓને ઘરે સામાજિક પ્રસંગ હોય કે મેડિકલ ઈસ્યુ હોય તેવા સંજોગોમાં પણ પુરતી રજા અપાતી નથી અને કામગીરી માટે દબાણ કરવામાં આવી રહ્યું હોવાની ફરિયાદ પણ બહાર આવી છે.




સુરત સહિત ગુજરાતમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે જેમાં શિક્ષકો-પાલિકા કર્મચારી અને સરકારી કર્મચારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં શિક્ષકોની ઘટ વચ્ચે આ કામગીરી સોંપવામાં આવી છે તો કેટલાક આચાર્ય દ્વારા શિક્ષકોને શૈક્ષણિક કાર્ય બાદ મતદારયાદી સુધારણા માટે કામગીરી કરવા ફરજ પાડવામાં આવી રહી હોવાની ફરિયાદ છે. આવી જ રીતે પાલિકાના કર્મચારીઓને તેમની મૂળ કામગીરી સાથે મતદાર યાદી સુધારણા કામગીરી કરવી પડી રહી છે.

સુરતમાં બી.એલ.ઓ.ની કામગીરીમાં સંકળાયેલા શિક્ષકો-કર્મચારીઓને અન્ય કામગીરીમાંથી મુક્તિ આપવા આદેશ 2 - imageઆવી સંખ્યાબંધ ફરિયાદ અને બે કામ કરતા હોવાથી મતદાર યાદી સુધારણા માટે બી.એલ.ઓ તથા બી.એલ.ઓ. સુપરવાઈઝરને મતદારયાદી ખાસ સઘન સુધારણાની કામગીરી માટે અન્ય કામગીરીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવા પરિપત્ર જાહેર કર્યો છે. જેના કારણે હવે શિક્ષણ સમિતિની શાળામાં શિક્ષકોની ઘટ પડશે અને એક શિક્ષકોએ એક કરતા વધુ વર્ગ સંભાળવા પડી શકે તેવી શક્યતા છે.

આ સમસ્યા પુરી થાય તે પહેલા મતદાર યાદી સુધારણા કાર્યક્રમ સાથે જોડાયેલા કર્મચારીઓના ઘરે સામાજિક પ્રસંગ કે મેડિકલ ઈસ્યુ હોવાથી રજાની માંગણી કરવામા આવે છે તો રિઝર્વ કર્મચારી નથી તેવું કહીને રજા આપવામા આવતી નથી અથવા ઘણી જ ઓછી રજા આપવામા આવે છે તેવી ફરિયાદ થઈ રહી છે. જેથી મતદાર યાદી સુધારણા સાથે જોડાયેલા કર્મચારીઓને સામાજિક પ્રસંગ કે મેડિકલ ઈશ્યુ હોય અને તેના પુરવા રજુ કરવામા આવે તો પુરી રજા આપવા માટેની માંગણી થઈ રહી છે. કેટલાક કિસ્સામાં તો આવા કર્મચારીઓને ઘણી જ ઓછી રજા મંજુર કરવામા આવે છે તેના કારણે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ સાથે જોડાયેલા કર્મચારીઓની હાલત કફોડી થઈ રહી છે તેથી સાચા કારણ હોય અને પુરાવા રજુ કરે તેવા કર્મચારીઓને કામગીરીમાંથી મુક્તિ આપે કે રજા મંજુર કરવામાં આવે તેવી માંગણી થઈ રહી છે.

---

# વડોદરાના કાલાઘોડા નજીક ખુલ્લામાં પાર્ક કરેલી બે કાર આગમાં લપેટાઈ, ટેમ્પાને બચાવી લીધો



**વડોદરા, તા.18**

વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં વિશ્વામિત્રી નદીના કિનારે પાર્ક કરેલી જુદી જુદી બે કારમાં આગ લાગતા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી.

કાલાઘોડા નજીક જૂની રાજેશ્રી ટોકીઝ પાસે ખુલ્લામાં બે કાર પાસે પાસે પાર્ક કરેલી હતી તે દરમિયાન એક કારમાં આગ લાગ્યા બાદ બીજી કાર પણ તેમાં લપેટાઈ હતી. બનાવને પગલે એકત્રિત થયેલા લોકોએ આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સફળતા મળી ન હતી.

બંને કારની પાસે એક ટેમ્પો પણ પાર્ક કરેલો હતો. પરંતુ આગ ત્યાં સુધી પહોંચે તે પહેલા ફાયર બ્રિગેડ આવી જતા ટેમ્પાને બચાવી લીધો હતો. ત્યારબાદ બંને કારની આગ કાબુમાં લેવામાં આવી હતી.

ફાયર બ્રિગેડના સુત્રોએ કહ્યું હતું કે, આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. પરંતુ નજરે જોનારા લોકો ના કહેવા પરથી કચરામાં આગ લાગ્યા બાદ નજીકમાં પાર્ક કરેલી કારમાં આગ લાગી હોવાનું મનાય છે.

# સાઉદી સરકાર ભારતીય નાગરિકોના મૃતદેહો સોંપશે નહીં

## ત્યાં જ દફનાવી દેશે, વળતર પણ મળવું મુશ્કેલ, બસ દુર્ઘટનામાં 45 ભારતીયોનાં મોત થયાં હતાં

**રિયાધ, તા.18**

રવિવારે મોડીરાત્રે સાઉદી અરેબિયાના મક્કા-મદીના હાઈવે પર બસ અકસ્માતમાં મૃત્યુ પામેલા 45 ભારતીય નાગરિકોના મૃતદેહ ભારત પરત મોકલવામાં આવશે નહીં. સાઉદી વહીવટીતંત્રે ભારતીય દૂતાવાસને સ્પષ્ટતા કરી છે કે તમામ મૃતદેહોને સ્થાનિક કબ્રસ્તાનમાં દફનાવવામાં આવશે.

મક્કાથી મદીના જઈ રહેલી ઉમરાહ યાત્રાળુઓને લઈ જતી બસ રસ્તાની બાજુમાં ઊભી હતી ત્યારે પાછળથી આવતા એક ફ્યૂઅલ ટેન્કરે બસને ટક્કર મારી દીધી. મોટા ભાગના મૃતકો હૈદરાબાદના હતા. મક્કા-મદીના ક્ષેત્રમાં મૃત્યુ પામેલા મુસ્લિમ યાત્રાળુઓને દફનાવવા એ એક ધાર્મિક અને વહીવટી પરંપરા છે. મોટા ભાગના મૃતદેહો એટલા ખરાબ રીતે બળી ગયા છે કે તેમની ઓળખ થઈ શકતી નથી. સાઉદી અધિકારીઓના મતે, આવા અકસ્માતોમાં ગંભીર રીતે બળી ગયેલા મૃતદેહોને ભારતમાં મોકલવા એ સલામતી અને આરોગ્યના નિયમો વિરુદ્ધ છે.

આ અકસ્માત રવિવારે ભારતીય સમય (IST) મુજબ મોડીરાતે 1:30 વાગ્યે મદીનાથી લગભગ 25 કિલોમીટર દૂર મુહરાસ નજીક થયો હતો. એ સમયે ઘણા મુસાફરો ઊંઘી રહ્યા હતા, જેથી તેમને પોતાનો બચાવ કરવાની કોઈ તક મળી નહીં.

સાઉદી અરેબિયામાં માર્ગ અકસ્માતો માટે કોઈ સીધું સરકારી વળતર નથી. વળતર ફક્ત ત્યારે જ આપી શકાય છે જો પોલીસ તપાસમાં ટેન્કર ડ્રાઈવર અથવા કંપની દોષિત સાબિત થાય અને પરિવાર કાનૂની દાવો દાખલ કરે.

આ પ્રક્રિયા મહિનાઓ સુધી ચાલી શકે છે, તેથી અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક નાણાકીય સહાય મળવાની શક્યતા ઓછી છે. મૃતકોમાં 18 મહિલા, 17 પુરુષ અને 10 બાળકનો સમાવેશ થાય છે. આ અકસ્માતમાં ફક્ત એક જ વ્યક્તિ બચી ગઈ છે. તેની ઓળખ મોહમ્મદ અબ્દુલ શોએબ (24) તરીકે થઈ છે, જે ડ્રાઈવરની બાજુમાં બેઠો હતો. શોએબ પણ ભારતીય છે. અકસ્માત બાદ તેને તાત્કાલિક



હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેની સરકારી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મૃતકોમાંથી અઢાર લોકો એક જ પરિવારના હતા, જેમાં નવ બાળકો અને નવ પુખ્ત વયના લોકોનો સમાવેશ થાય છે. આ પરિવાર હૈદરાબાદનો હતો અને 22 નવેમ્બરે ભારત પરત ફરવાનો હતો.

હૈદરાબાદ પોલીસના જણાવ્યા અનુસાર, 9 નવેમ્બરના રોજ 54 લોકો હૈદરાબાદથી સાઉદી અરેબિયા ગયા હતા. તેઓ 23 નવેમ્બરના રોજ પાછા ફરવાના હતા. આમાંથી ચાર લોકો રવિવારે કાર દ્વારા અલગથી મદીના ગયા હતા, જ્યારે અન્ય ચાર લોકો મક્કામાં રોકાયા હતા. અકસ્માતગ્રસ્ત બસમાં 46 લોકો સવાર હતા.

તેલંગાણા સરકારે કહ્યું હતું કે તે રિયાધમાં ભારતીય દૂતાવાસના સંપર્કમાં છે. રાજ્ય સરકારે પીડિતો માટે પ્રત્યેકને 5 લાખનું વળતર આપવાની જાહેરાત કરી છે.

મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ દિલ્હીના અધિકારીઓને પીડિતોની ઓળખ અને અન્ય ઔપચારિકતાઓમાં મદદ કરવા માટે દૂતાવાસ સાથે નજીકથી સંકલન કરવાનો નિર્દેશ આપ્યો છે.

હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ સાઉદી અરેબિયામાં ભારતીય ઉમરાહ યાત્રાળુઓ સાથે થયેલી બસ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે. ન્યૂઝ એજન્સી ANI સાથે ફોન પર વાત કરતાં ઓવૈસીએ કહ્યું હતું કે તેમણે હૈદરાબાદમાં બે ટ્રાવેલ એજન્સીઓનો સંપર્ક કર્યો છે અને મુસાફરોની માહિતી રિયાધમાં ભારતીય દૂતાવાસ સાથે શેર કરી છે.

તેમણે રિયાધમાં ભારતીય દૂતાવાસના ડેપ્યુટી ચીફ ઓફ મિશન (ડીસીએમ) અબુ મથાન જ્યોર્જ સાથે પણ વાત કરી. જ્યોર્જે તેમને જણાવ્યું કે સ્થાનિક અધિકારીઓ પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં અપડેટ આપવામાં આવશે.

પીએમ નરેન્દ્ર મોદીએ સોમવારે સાઉદી બસ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું હતું. એક પોસ્ટમાં તેમણે કહ્યું હતું કે રિયાધમાં વાણિજ્ય દૂતાવાસ તમામ શક્ય સહાય પૂરી પાડી રહ્યું છે.

'મદીનામાં ભારતીય નાગરિકો સાથે થયેલી દુર્ઘટનાથી હું ખૂબ જ દુઃખી છું. મારી સંવેદના એ પરિવારો સાથે છે, જેમણે પોતાનાં પ્રિયજનો ગુમાવ્યાં છે. અમારા અધિકારીઓ સાઉદી અરેબિયાના અધિકારીઓ સાથે સંપર્કમાં છે.'

વિદેશમંત્રી એસ. જયશંકરે સાઉદી અરેબિયામાં થયેલા અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે કહ્યું, 'મદીનામાં ભારતીય નાગરિકો સાથે થયેલા અકસ્માતથી ભારે આઘાત લાગ્યો છે.' રિયાધમાં અમારું દૂતાવાસ અકસ્માતથી પ્રભાવિત ભારતીય નાગરિકો અને તેમના પરિવારોને સંપૂર્ણ સહાય પૂરી પાડી રહ્યું છે.

ઉમરાહ વર્ષના કોઈપણ દિવસે કરી શકાય છે અને એની કોઈ ચોક્કસ તારીખ નથી. ઉમરાહ ફર્જ નથી, પરંતુ મક્કા અને મદીનાની હજયાત્રાનું ટૂંકું સ્વરૂપ છે, જે કોઈપણ મુસ્લિમ ગમે ત્યારે, ગમે એટલી વખત કરી શકે છે.

# બેંગલુરુ એરપોર્ટ પર એક યુવક છરી લઈને દોડ્યો : ટેક્સી ડ્રાઈવર પર હુમલો કરવાનો પ્રયાસ

**બેંગલુરુ, તા.18**

બેંગલુરુના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક યુવકે ટેક્સી ડ્રાઈવર પર છરીથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો. આ ઘટના રવિવારે મોડી રાત્રે ટર્મિનલ 1ના એન્ટ્રી ગેટ પર બની હતી. ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.

સીસીટીવી ફૂટેજમાં આરોપી સોહેલ અહેમદ દોડીને ટેક્સી ડ્રાઈવર પાસે જઈ રહ્યો છે અને તેના પર હુમલો કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. ત્યારે ત્યાં હાજર લોકો ગભરાઈ ગયા અને આમ-તેમ ભાગવા લાગ્યા.

ઘટનાસ્થળે હાજર CISFના ASI સુનિલ કુમાર અને તેમની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી. તેઓ હુમલાખોરને પકડવા દોડી ગયા, તેને જમીન પર પછાડી દીધો અને છરી છીનવીને તેને દબાવી લીધો હતો.

પોલીસે આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે. તેને કોર્ટમાં રજૂ કરીને જ્યુડિશિયલ કસ્ટડીમાં ધકેલવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીનો ટેક્સી ડ્રાઈવરો સાથે કોઈ બાબતે ઝઘડો થયો હતો. આ જ ગુસ્સામાં તેણે મોટી છરી કાઢીને તેના પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો. જોકે, પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે આ ઘટના માત્ર ઝગડાની વાત હતી કે તેની પાછળ કોઈ અન્ય કારણ હતું.

પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે આરોપી આટલો મોટી છરી લઈને એરપોર્ટ પર કેવી રીતે પહોંચ્યો, તેણે તેને ક્યાંથી ખરીદ્યો, તે ત્યાં શા માટે લાવ્યો અને તેનો સાચો ઈરાદો શું હતો. આ માટે, પોલીસ હવે તેના ભૂતકાળના રેકોર્ડ, કામ-કાજ અને હાલની હિલચાલની તપાસ કરી રહી છે.

આ દરમિયાન, CISFએ સોશિયલ મીડિયા પર વીડિયો શેર કર્યો અને તેની ટીમની તત્પરતાની પ્રશંસા કરી અને લખ્યું કે 'સમયસર કાર્યવાહીને કારણે એક મોટો ગુનો ટાળી શકાયો.'

### અમેરિકા સાઉદી અરેબિયાને F-35 જેટ વેચશે

# એક વિમાનની કિંમત ₹900 કરોડ, મિડલ ઈસ્ટમાં ફક્ત ઈઝરાયલ પાસે જ આ પ્લેન

**વોશિંગ્ટન, તા.18**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે અમેરિકા સાઉદી અરેબિયાને વિશ્વના સૌથી અદ્યતન લશ્કરી જેટ ગણાતા F-35 ફાઈટર જેટ વેચશે.

એક F-35 જેટની કિંમત આશરે $100 મિલિયન (આશરે રૂ. 900 કરોડ) છે. આ નિર્ણય ત્યારે લેવામાં આવ્યો છે જ્યારે સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (MBS) મંગળવારે વ્હાઈટ હાઉસ પહોંચવાના છે. ટ્રમ્પે સાઉદી અરેબિયાને 'મહાન ભાગીદાર' ગણાવ્યું છે.

સાઉદી અરેબિયા ઘણા વર્ષોથી F-35 વિમાન ખરીદવા માંગે છે, પરંતુ ઈઝરાયલ આનો વિરોધ કરે છે, કારણ કે તેને ડર છે કે તેનાથી તેના લશ્કરી ફાયદાને નુકસાન થઈ શકે છે. હાલમાં, મધ્ય પૂર્વમાં ફક્ત ઈઝરાયલ પાસે જ F-35 વિમાન છે. જો યુએસ કોંગ્રેસ ઈચ્છે તો આ સોદાને અવરોધિત કરી શકે છે, પરંતુ સામાન્ય રીતે આવું થતું નથી.

F-35એ અમેરિકાનું પાંચમી પેઢીનું ફાઈટર એરક્રાફ્ટ છે. લોકહીડ માર્ટિન દ્વારા વિકસિત, ઉત્પાદન 2006 માં શરૂ થયું હતું અને 2015 થી યુએસ એરફોર્સ સાથે સેવામાં છે.




તે પેન્ટાગોનના ઈતિહાસમાં સૌથી મોંઘુ એરક્રાફ્ટ છે.

F-35 ત્રણ પ્રકારોમાં આવે છે, જેની કિંમત 700 કરોડથી 944 કરોડની વચ્ચે છે. વધુમાં, F-35 ને ચલાવવા માટે પ્રતિ કલાક વધારાના 31.20 લાખનો ખર્ચ થાય છે.

પ્રિન્સ સલમાને છેલ્લે 2018 માં અમેરિકાની મુલાકાત લીધી હતી. તેમની મુલાકાત વોશિંગ્ટન પોસ્ટના પત્રકાર જમાલ ખાશોગીની ઈસ્તંબુલમાં સાઉદી દૂતાવાસમાં હત્યા થયાના થોડા મહિના પછી આવી હતી.

આ પછી પ્રિન્સ સલમાનને ઘણી આંતરરાષ્ટ્રીય ટીકાઓનો સામનો કરવો પડ્યો. જોકે, છેલ્લા સાત વર્ષમાં આંતરરાષ્ટ્રીય રાજકારણમાં નોંધપાત્ર ફેરફાર થયો છે.

અમેરિકા અને તેના સાથી દેશો વચ્ચે અનેક મુદ્દાઓ પર વિવાદો ઊભા થયા છે. ગાઝા યુદ્ધમાં ઈઝરાયલને ટેકો આપવા બદલ અમેરિકાને ઘણા દેશોના રોષનો સામનો કરવો પડ્યો છે.

બીજી તરફ, ચીન અને સાઉદી અરેબિયા વચ્ચેના સંબંધો મજબૂત થયા છે. ગયા મહિને, બંને દેશોએ સંયુક્ત નૌકાદળ કવાયત હાથ ધરી હતી, અને 2023 માં સાઉદી-ઈરાન કરારમાં ચીને મધ્યસ્થી ભૂમિકા ભજવી હતી. ચીન સાઉદી અરેબિયાનો સૌથી મોટો વેપાર ભાગીદાર પણ બની ગયો છે.

### ચીની 9-9-6 નિયમ શું છે જેનો નારાયણમૂર્તિએ ઉલ્લેખ કર્યો

# પહેલા 70 કલાક કામની હિમાયત કરી હવે 72 કલાક કામ, વિવાદ ઉભો થયો

**નવી દિલ્હી, તા.18**

ઈન્ફોસિસના સહ-સ્થાપક નારાયણ મૂર્તિએ ફરીથી દેશમાં કામ કરવાના કલાકોની હિમાયત કરી છે. સોમવારે એક ઈન્ટરવ્યુમાં મૂર્તિએ ચીનના પ્રખ્યાત '9-9-6 મોડેલ' (સવારે 9 થી રાત્રે 9 વાગ્યા સુધી, અઠવાડિયાના છ દિવસ) નો ઉલ્લેખ કર્યો.

મૂર્તિએ કહ્યું, 'જો ભારતે ચીન જેટલી ઝડપથી પ્રગતિ કરવી હોય તો યુવાનોએ અઠવાડિયામાં ઓછામાં ઓછા 72 કલાક કામ કરવું પડશે.' તેમણે ઉમેર્યું કે દેશના દરેક નાગરિક, નોકરિયાત અને કોર્પોરેટ નેતાએ આ માટે સખત મહેનત કરવી પડશે.

મૂર્તિએ વધુમાં જણાવ્યું હતું કે ભારતે અત્યાર સુધીમાં સારી પ્રગતિ કરી છે (6.57% નો આર્થિક વિકાસ), પરંતુ ચીનની બરાબરી કરવા માટે વધુ પ્રયત્નોની જરૂર છે. તેમણે ભારતીય યુવાનોને ચીન જેટલી જ મહેનત કરવા વિનંતી કરી.

આ પહેલીવાર નથી જ્યારે નારાયણ મૂર્તિએ લાંબા કામના કલાકોની હિમાયત કરી હોય.



2023ના પોડકાસ્ટમાં, તેમણે ભારતીય યુવાનોને અઠવાડિયામાં 70 કલાક કામ કરવાની સલાહ આપી હતી.

આ પછી, સોશિયલ મીડિયા અનેક જૂથોમાં વહેંચાઈ ગયું. ઘણા યુવાનોએ તેને અવ્યવહારુ અને સ્વાસ્થ્ય માટે ખતરનાક ગણાવ્યું, જ્યારે અન્ય લોકો તેમની સાથે સંમત થયા.

હુઆવેઈના સ્થાપક રેન ઝેંગફેઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'જેઓ 9-9-6 કરવા માંગતા નથી તેઓ છોડી શકે છે.' સ્ટાફ પર સમાન પગાર માટે બમણું કામ કરવાનું દબાણ કરવામાં આવ્યું હતું.

આનાથી સ્ટાર્ટઅપ્સને મોંઘા એન્જિનિયરોની મોટી ટીમો રાખવાની જરૂરિયાત બચી ગઈ. સતત ઓવરટાઈમને કારણે કર્મચારીઓમાં હતાશા, ચિંતા અને ઊંઘનો અભાવ જોવા મળ્યો.

ઘણા યુવાનો અચાનક મૃત્યુ પામ્યા. વધતા તણાવના પ્રતિભાવમાં, ચીનની સુપ્રીમ કોર્ટે 2021 માં તેને ગેરકાયદેસર જાહેર કર્યું. તેમ છતાં, ઘણી કંપનીઓ ગુપ્ત રીતે તેનો અભ્યાસ ચાલુ રાખે છે.

અગાઉ, મૂર્તિએ કહ્યું હતું કે 2024 માં, દેશના નાગરિકોએ કામ પ્રત્યેનો પોતાનો અભિગમ બદલવો જોઈએ. તેમણે પોતાના સમયપત્રકનો ઉલ્લેખ કરીને નોંધ્યું હતું કે પીએમ મોદી અઠવાડિયામાં 100 કલાક કામ કરે છે. દેશના નાગરિકોએ પણ આવી જ સમર્પણ દર્શાવવી જોઈએ.

મેં અઠવાડિયાના છ દિવસ, દિવસમાં 14 કલાક કામ કર્યું. છ દિવસના અઠવાડિયાથી પાંચ દિવસના અઠવાડિયામાં ફેરફારથી હું નિરાશ થયો.

જ્યારે પીએમ મોદી અઠવાડિયામાં 100 કલાક કામ કરી રહ્યા છે, ત્યારે દેશના નાગરિકોએ ભારતની પ્રગતિને આગળ વધારવા માટે વધારાના કલાકો કામ કરીને સમાન સમર્પણ દર્શાવવું જોઈએ.

ઓક્ટોબર 2023: 2023માં નારાયણ મૂર્તિએ દેશના યુવાનોને અઠવાડિયામાં 70 કલાક કામ કરવાની સલાહ આપી. તેમણે ભારતને વૈશ્વિક નેતા બનાવવા માટે સખત મહેનત કરવા વિનંતી કરી.

ડિસેમ્બર 2024: મૂર્તિએ કહ્યું, 'આપણે આપણી આકાંક્ષાઓ ઊંચી રાખવી પડશે, કારણ કે 800 મિલિયન ભારતીયોને મફત રાશન મળે છે. તેનો અર્થ એ કે 800 મિલિયન ભારતીયો ગરીબીમાં છે. જો આપણે સખત મહેનત ન કરી શકીએ તો કોણ કરશે?'

ઓફિસ સમય પછી પણ 88% ભારતીયો તેમના કાર્યસ્થળ સાથે કોઈને કોઈ પ્રકારનો સતત સંપર્ક જાળવી રાખે છે. ગ્લોબલ જોબ મેચિંગ અને હાયરિંગ પ્લેટફોર્મ ઈન્ડીડે જુલાઈથી સપ્ટેમ્બર 2024 દરમિયાન એક સર્વે હાથ ધર્યો હતો.

દર 10 માંથી આઠ નોકરીદાતાઓ કાર્યસ્થળમાં 'ડિસ્કનેક્ટ કરવાનો અધિકાર' નીતિ લાગુ કરવાનું સમર્થન કરે છે. આ નીતિનો અર્થ એ છે કે કર્મચારીઓને સ્થાપિત કાર્યકારી કલાકો પછી કામ અથવા અન્ય કોઈપણ પ્રકારના સંદેશાવ્યવહારથી સંપૂર્ણપણે અલગ થવાની સ્વતંત્રતા હોવી જોઈએ.

### હસીનાને ફાંસીની સજાના વિરોધમાં બાંગ્લાદેશ બંધ

# પ્રતિબંધિત આવામી લીગે જાહેરાત કરી, ચીફ એડવાઈઝર યુનુસના રાજીનામાની માંગ કરી

**ઢાકા, તા.18**

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને ફાંસીની સજાના વિરોધમાં તેમની પ્રતિબંધિત આવામી લીગ પાર્ટીએ આજે દેશવ્યાપી બંધનું આહ્વાન કર્યું છે. આવામી લીગે ઢાકામાં ઈન્ટરનેશનલ ક્રાઈમ ટ્રિબ્યુનલ (ICT)ના ચુકાદાને સંપૂર્ણપણે નકારી કાઢ્યો છે.

પાર્ટીએ વચગાળાના સરકારના વડા મોહમ્મદ યુનુસ અને મંત્રીઓના તાત્કાલિક રાજીનામાની માંગ કરી છે. આવામી લીગના નેતા જહાંગીર કબીર નાનકે પાર્ટીના ફેસબુક પેજ પર એક વીડિયો જાહેર કર્યો હતો, જેમાં આ નિર્ણયને પક્ષપાતી અને રાજકીય બદલો ગણાવ્યો હતો.

હસીનાને ઈન્ટરનેશનલ ક્રાઈમ ટ્રિબ્યુનલ (ICT) દ્વારા હત્યા માટે ઉશ્કેરણી અને હત્યાનો આદેશ આપવા બદલ મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. ICT એ તેના પર પાંચ કેસોમાં આરોપ મૂક્યા હતા. બાકીના



કેસોમાં તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

ટ્રિબ્યુનલે શેખ હસીનાને જુલાઈ 2024ના વિદ્યાર્થીઓના પ્રદર્શન દરમિયાન થયેલી હત્યાઓના માસ્ટરમાઈન્ડ જાહેર કર્યા. અન્ય આરોપી, ભૂતપૂર્વ ગૃહમંત્રી અસદુઝમાન ખાનને પણ હત્યાના દોષી ઠેરવવામાં આવ્યા અને તેમને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી. સજા સંભળાવતાની સાથે જ કોર્ટરૂમ તાળીઓથી ગૂંજી ઉઠ્યો હતો.

ત્રીજા આરોપી, ભૂતપૂર્વ આઈજીપી અબ્દુલ્લા અલ-મામુનને પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. મામુન હજુ પણ કસ્ટડીમાં છે અને સાક્ષી બની ગયો છે. કોર્ટે હસીના અને અસદુઝમાન કમાલની મિલકતો જપ્ત કરવાનો આદેશ આપ્યો હતો. ચુકાદા બાદ, બાંગ્લાદેશના વચગાળાના વડાપ્રધાન, મોહમ્મદ યુનુસે હસીનાને ભારતમાંથી ડિપોર્ટ કરવાની માંગ કરી હતી.

ભારતના વિદેશ મંત્રાલય (MEA)એ બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના વિરુદ્ધ ઈન્ટરનેશનલ ક્રાઈમ ટ્રિબ્યુનલ દ્વારા આપવામાં આવેલા ચુકાદા અંગે સત્તાવાર નિવેદન જારી કર્યું છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભારતે આ નિર્ણયની નોંધ લીધી છે. ભારતે યાદ અપાવ્યું કે તે બાંગ્લાદેશનો નજીકનો પાડોશી છે અને બાંગ્લાદેશના લોકોના કલ્યાણ, શાંતિ, લોકશાહી, તમામ સમુદાયોની ભાગીદારી અને દેશમાં સ્થિરતા માટે પ્રતિબદ્ધ છે.

વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારત બાંગ્લાદેશની શાંતિ અને સ્થિરતાને ધ્યાનમાં રાખીને તમામ પક્ષો સાથે રચનાત્મક રીતે વાતચીત કરવાનું ચાલુ રાખશે.

હસીનાને મોતની સજા સંભળાવનારા ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલની સ્થાપના તેમણે પોતે જ કરી હતી. તેને 2010માં બનાવવામાં આવ્યું હતું. આ કોર્ટને 1971ના બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામ દરમિયાન થયેલા વોર ક્રાઈમ્સ અને નરસંહાર જેવા મામલાઓની તપાસ અને સજા માટે બનાવવામાં આવ્યું હતું.

જોકે આ ટ્રિબ્યુનલ બનાવવા માટે 1973માં જ કાયદો બનાવી દેવાયો હતો, પરંતુ દાયકાઓ સુધી પ્રક્રિયા અટકેલી રહી. તે પછી 2010માં હસીનાએ તેની સ્થાપના કરી જેથી ગુનેગારો સામે કેસ ચાલી શકે.

# 25 નવેમ્બરે અયોધ્યામાં ઉત્સવ : મોદી રામ મંદિર પર અમદાવાદમાં બનેલી ધજા ફરકાવશે

**અયોધ્યા, તા.18**

અયોધ્યામાં રામ મંદિર પર ધજા ફરકાવવાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. 25 નવેમ્બરના રોજ, પીએમ નરેન્દ્ર મોદી બટન દબાવીને ધ્વજ ફરકાવશે. તેમની સાથે મોહન ભાગવત પણ હાજર રહેશે. આ કાર્યક્રમ માટે બપોરે 12 થી 12:30 વાગ્યા વચ્ચે અભિજિત મુહૂર્ત નક્કી કરવામાં આવ્યું છે. બટન દબાવ્યા બાદ 10 સેકન્ડમાં ધજા હવામાં લહેરાશે. આ વિશિષ્ટ કેસરી રંગના ધ્વજમાં સૂર્ય, અને કોવિદાર (અયોધ્યાનું શાહી વૃક્ષ, જેને કચનાર તરીકે પણ ઓળખવામાં આવે છે) ના પ્રતીકો છે. આ પ્રતીકો સૂર્યવંશનું પ્રતીક છે. વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે ધજાને સલામી આપવામાં આવશે. ધજા ફરકાવતાની સાથે જ મંદિર સંકુલમાં ઘંટ વાગવા લાગશે. ધજા ફરકાવવા માટે ઓટોમેટિક ફ્લેગ હોસ્ટિંગ સિસ્ટમ લગાવવામાં આવી છે. આ સિસ્ટમનો ઉપયોગ ધજા બદલવા માટે પણ કરવામાં આવશે. જોકે, ટ્રસ્ટે હજુ સુધી સ્પષ્ટતા કરી નથી કે ધજા કેટલી વાર બદલાશે. ધજા પવનની દિશા સાથે 360 ડિગ્રી ફરી શકશે. રામ મંદિરમાં પહેલી વાર રામ-સીતા લગ્ન ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. અંદાજે 8,000 લોકો હાજરી આપે તેવી અપેક્ષા છે. આમાંથી 2,500 લોકોને સમાવવા



માટે તીર્થપુરમમાં એક ટેન્ટ સિટી બનાવવામાં આવી રહી છે. 25 નવેમ્બરે VIP મુવમેન્ટને કારણે, સામાન્ય લોકો દર્શન કરી શકશે નહીં. ટ્રસ્ટના જણાવ્યા અનુસાર, ભક્તો ફક્ત 26 નવેમ્બરે જ દર્શન કરી શકશે. પીએમ મોદીની અયોધ્યા મુલાકાત ત્રણ કલાકની રહેશે. તેઓ સવારે 11 વાગ્યે રામ મંદિર પહોંચશે તે પહેલાં, તેઓ હનુમાનગઢી જશે અને ત્યાં પૂજા કરશે. તેઓ રામલલ્લા અને રામ દરબારના દર્શન કરીને આરતી કરશે. અભિજીત મુહૂર્ત દરમિયાન, બપોરે 12 થી 12:30 વાગ્યાની વચ્ચે, પીએમ મોદી 191 ફૂટ ઊંચા શિખર પર ધજા ફરકાવશે.

પીએમ સપ્ત મંદિર પરકોટા, શેષાવતાર મંદિર અને રામાયણના શ્રી ડી ભીંતચિત્રોની પણ મુલાકાત લેશે. ત્યારબાદ તેઓ મંદિરમાં કામ કરી રહેલા ઈજનેરો અને શ્રમિકો સાથે મુલાકાત કરશે. મા અન્નપૂર્ણા મંદિરની પાછળ તેમના માટે એક ગ્રીનહાઉસ બનાવવામાં આવ્યું છે. SPGએ અહીં સુરક્ષા સંભાળી લીધી છે. અમદાવાદના કારીગરો દ્વારા બનાવવામાં આવેલ રામ મંદિરમાં ફરકાવવામાં આવનાર ધજા અનેક રીતે અનોખૂ છે. આ ધજા ખાસ નાયલોન પેરાશૂટ ફેબ્રિકમાંથી બનાવવામાં આવી છે જે તેને સૂર્ય, વરસાદ અને ભારે પવનથી રક્ષણ આપશે. ભેજ અને તાપમાનની અસરો ઘટાડવા માટે તેમાં ડબલ-કોટેડ સિન્થેટિક સ્તર છે. ધજામાં સૂર્યવંશ, ઓમ અને કોવિદાર વૃક્ષના પ્રતીકો છે. જેમ બટન દબાવીને ધજા ફરકાવવામાં આવે છે, તેવી જ રીતે તેને કંટ્રોલ રૂમમાંથી પણ નીચે ઉતારી શકાય છે. પૂજારીઓ સરળતાથી ધજા બદલી શકશે. જોકે, ધજા કેટલી વાર બદલાશે તે હજુ નક્કી કરવામાં આવ્યું નથી. જન્મભૂમિ મંદિર સંકુલના તમામ મંદિરોમાં 21 નવેમ્બરથી ધ્વજારોહણ અને પૂજા વિધિ શરૂ થશે. ટ્રસ્ટે તમામ મંદિરોમાં પૂજા- અર્ચના માટે અલગ અલગ યજમાનોની નિમણૂક કરી છે. બધા યજમાન ગૃહસ્થ છે. તેમાં મુખ્ય યજમાનોમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના સભ્ય ડૉ. અનિલ મિશ્રા અને ટ્રસ્ટી રાધામોહનનો સમાવેશ થાય છે. બધા યજમાન 21 નવેમ્બરથી 25 નવેમ્બર સુધી શ્રી રામ મંદિર સંકુલ અથવા ટ્રસ્ટ દ્વારા નિયુક્ત ભવનમાં રહેશે.

## તંત્રી લેખ

# ‘કત્લેઆમમાં મિત્રો ગુમાવ્યા-ડરમાં વીતી રાતો, હવે ન્યાય મળ્યો

’હું કોર્ટના નિર્ણયથી સંપૂર્ણપણે સંતુષ્ટ નથી, કારણ કે એવી અપેક્ષા હતી કે ત્રણેય આરોપીને સજા-એ-મોત થશે, પરંતુ પૂર્વ આઈજી પોલીસને માત્ર 5 વર્ષની સજા થઈ. અમારી માગણી છે કે તેમને ઓછામાં ઓછી ઉમરકેદની સજા થવી જોઈએ.’ બાંગ્લાદેશમાં વિદ્યાર્થી આંદોલનનો ચહેરો રહેલા સ્નિગ્ધો શેખ હસીનાના મામલામાં આવેલા કોર્ટના નિર્ણયથી ખુશ નથી. 18 ઓગસ્ટ 2024ના રોજ તેમના ભાઈ મીર મહમુબુર રહેમાન મુગ્ધોનું વિદ્યાર્થી આંદોલન દરમિયાન પોલીસની ગોળી લાગવાથી મૃત્યુ થયું હતું. આ પછીથી સ્નિગ્ધો ભાઈને ઈન્સાફ અપાવવા માટે લડાઈ લડી રહ્યા હતા, પરંતુ નિર્ણયે તેમને નિરાશ કર્યા. ઢાકાની ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલ (ICT)એ પૂર્વ PM શેખ હસીનાને ’માનવતા વિરુદ્ધના અપરાધ’ના દોષી જાહેર કર્યાં છે. કોર્ટે 17 નવેમ્બરના રોજ હસીનાને ફાંસીની સજા સંભળાવી છે. તેમની સાથે જ પૂર્વ ગૃહમંત્રી અસદુજ્જમાન ખાન કમાલને પણ ફાંસીની સજા સંભળાવવામાં આવી છે. ત્યાં જ આ કેસમાં ત્રીજા આરોપી રહેલા પૂર્વ આઈજી પોલીસ ચૌધરી અબ્દુલ્લા અલ-મમૂનને માત્ર 5 વર્ષની સજા સંભળાવામાં આવી છે. શેખ હસીના વિરુદ્ધના કેસમાં અલ-મમૂન સરકારી ગવાહ બની ગયા હતા. હસીનાને ફાંસીની સજા અપાવવામાં અલ-મમૂનની ગવાહી સૌથી અગત્યની રહી, પરંતુ તેમને લઈને આવેલા નિર્ણયે નિષ્પક્ષતા પર સવાલ ઊભા કર્યા છે. શેખ હસીનાએ 5 ઓગસ્ટ 2024ના રોજ થયેલા સ્ટુડન્ટ્સ પ્રોટેસ્ટ પછી પદ પરથી રાજીનામું આપીને બાંગ્લાદેશ છોડી દીધું હતું. છેલ્લા 15 મહિનાથી તેઓ દિલ્હીના એક સેફ હાઉસમાં રહે છે.

આ તસવીર 17 નવેમ્બરની છે, જ્યારે ઢાકાની કોર્ટ શેખ હસીના વિરુદ્ધ ચુકાદો આપી રહી હતી, ત્યારે વિરોધ કરી રહેલી ભીડ હસીના અને મુજીબુર રહેમાનના ઘર અને સ્મારકને તોડી પાડવા માટે આગળ વધી રહી હતી. આ તસવીર 17 નવેમ્બરની છે, જ્યારે ઢાકાની કોર્ટ શેખ હસીના વિરુદ્ધ ચુકાદો આપી રહી હતી, ત્યારે વિરોધ કરી રહેલી ભીડ હસીના અને મુજીબુર રહેમાનના ઘર અને સ્મારકને તોડી પાડવા માટે આગળ વધી રહી હતી. અમે શેખ હસીના પર કોર્ટનું આખું જજમેન્ટ સાંભળ્યું છે. પ્રોસિક્યુશનથી લઈને ડિફેન્સની દલીલો સાંભળી અને કેસને વિગતવાર વાંચ્યો છે. આંદોલનનો હિસ્સો રહેલા વિદ્યાર્થીઓ, રાજકીય નેતાઓ અને શેખ હસીના સાથે જોડાયેલા નજીકના લોકો સાથે વાત કરી. વાંચો પૂરો રિપોર્ટ... સૌ પહેલા જાણો કોર્ટે ચુકાદો આપતાં શું કહ્યું.. ઢાકા સ્થિત ઈન્ટરનેશનલ ક્રાઈમ ટ્રિબ્યુનલ કોર્ટે સૌપ્રથમ શેખ હસીનાના કેસની વિગતવાર માહિતી આપી. લગભગ એક કલાક પછી ચુકાદો સંભળાવતા એટર્ની જનરલ મોહમ્મદ અસદુજ્જમાને કહ્યું- ’અમે નક્કી કર્યું છે કે શેખ હસીનાને ત્રણેય આરોપોમાં માત્ર એક જ સજા થશે અને એ છે ફાંસીની સજા.’ બાંગ્લાદેશમાં ટીવીથી લઈને સોશિયલ મીડિયા સુધી આ ચુકાદાનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું. ટ્રિબ્યુનલે શેખ હસીનાને જુલાઈ 2024ના વિદ્યાર્થી આંદોલન દરમિયાન થયેલી હત્યાઓની માસ્ટરમાઈન્ડ ગણાવી.

# ધૈર્ય અને ધ્વનિ એ નાની ઉંમરમાં કંઈ રીતે સમાજ ધર્મ અદા કર્યો?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)




તુલસી વિવાહ પછી હિન્દુ ધર્મમાં લગ્નની શરૂઆત થાય છે, અને હવે તો વૈશાખમાં ખૂબ આકરો તાપ હોયને, લગભગ બધા નવેમ્બર, ડિસેમ્બર, જાન્યુઆરી, અને ફેબ્રુઆરીમાં જ લગ્ન ગોઠવે છે! એન આર આઈ માં હવે ડિસેમ્બરમાં કમુરતામા લગ્ન કરવાની પણ ફેશન થઈ છે. આજકાલ લગ્ન બહુ ખર્ચાળ થઈ ગયાં છે, અને એમાં જ્યારથી ઈવેન્ટ મેનેજમેન્ટનો બિઝનેસ શરૂ થયો છે, ત્યારથી તો વાત પુછોમાં! રુપિયે પૈસે ધનવાન હોય એવાં લોકો તો ઠીક છે, પણ પૂરાં સમાજમાં દેખાદેખી નું દુષણ એવું વ્યાપયુ છે કે, વ્યવહારને નામે જે લગ્ન લાખ બે લાખમાં પતી જતાં હતાં, એ હવે સામાન્ય થી સામાન્ય માણસોનાં લગ્ન પણ પંદર વીસ લાખ આસપાસ પહોંચી જાય છે. તો આવા જ એક ભવ્ય લગ્નના રિસેપ્શાનની વાત છે, જેમાં ઘણાં અજનબીઓ મળ્યા, એમાંના એક યુવા કપલનો અનોખો કિસ્સો લઈને હું આવી છું. આકાશ અને આરોહીના લગ્નનું રિસેપ્શાન હતું, અને મહેમાનો ઉમટી રહ્યાં હતાં. કોઈનાં હાથમાં ગિફ્ટ હતી, તો કોઈના હાથમાં બુકે હતો, તો કોઈ કવર પકડાવી, ફોટો ક્લિક કરાવી સ્ટેજ પરથી ઉતરતા હતાં. આકાશ અને આરોહીની જોડી પણ એકદમ હીરો હિરોઈન જેવી હતી! બંને જણાએ આ સંબંધને સમજવા માટે કે સરખી રીતે નિભાવવા માટે પૂરા દસ વર્ષનો સમય આપ્યો હતો, અને બંનેને એવું લાગ્યું કે લગ્ન માટે આનાથી પરફેક્ટ કોઈ નહીં મળે! આકાશ અને આરોહી બંને ગર્ભ શ્રીમંત માતા પિતાનાં સંતાનો હતાં! એટલે પાર્ટી પ્લોટ ખૂબ સુંદર રીતે સજાવવામાં આવ્યો હતો, અને વેલ કમ ડ્રીંક સ્ટાટર તેમજ અન્ય ફૂડ ડીશમાં ખૂબ વિવિધતા હતી! પ્રથમ કાઉન્ટ થી શરૂ કરીને છેલ્લા કાઉન્ટ સુધીનું અંદાજે પોણા થી અડધાં કિલોમીટર નું અંતર હતું! ઉપરથી એકદમ વેસ્ટન યુનિફોર્મ પહેરેલી યુવતીઓ હાય હલ્લો કરી કરીને મુખ પર બનાવટી સ્મિત ચીપકાવી બધાને આ બધાં વ્યજંનો પીરસતી હતી, એટલે ભૂખ હોય કે ન્હોય તો પણ બધાં આ બધું આરોગતા હતાં અને માણતાં હતાં! આકાશ અને આરોહી બંને બાળમંદિર થી માસ્ટર સુધી સાથે ભણ્યા હતાં, અને મોટાભાગનું ફ્રેન્ડ સર્કલ પણ આ બાળપણની પ્રીતનું સાક્ષી હતું! એ બધા જ ફ્રેન્ડ ગ્રાઉન્ડમાં એક બાજુ અડ્ડો જમાવી આ ભવ્ય રિસેપ્શાનને માણી રહ્યાં હતા! એક બાજુથી ધીમું ધીમું સંગીત વાગતું હતું, અને બીજી બાજુ આકાશ અને આરોહીની લવ સ્ટોરીને વધાવવા રોમેન્ટિક સોંગ ગવાતા હતાં! બધાં જ ફ્રેન્ડ એની પર ડાન્સ કરતાં હતાં. આકાશના એક ફ્રેન્ડ વિવેકનો ફ્રેન્ડ ધૈર્ય પણ તેની સાથે આ લગ્નમાં આવ્યો હતો, પણ એ લગ્નમાં માનતો નહોતો, કારણકે એ અનાથ આશ્રમમાં ઉછર્યો હતો! એ આ બધાં ઘોંઘાટથી બચવા એક ખૂણામાં જઈને બેઠો હતો, પણ એનું ધ્યાન વારેવારે ધ્વનિ પર જતું હતું! આ વાત વિવેકએ નોંધી લીધી, અને એ બંનેને સાથે ડાન્સ કરવાનો અનુરોધ કર્યો. પછી તો ભાવતું હતું ને વૈદે કીધુ, એમ બંને આંખો સમય સાથે રહ્યા! અને એકબીજાને નંબરની આપ લે પણ કરી.

ધૈર્ય અને ધ્વનિની મિત્રતા આગળ વધતી ગઈ, અને ગઈકાલ સુધી જે ધૈર્ય લગ્નમાં માનતો નહોતો એ ધૈર્ય, ધ્વનિ સાથે જીવન વિતાવવાનું સ્વપ્ન જોવાં લાગ્યો! એક દિવસ બંને મળ્યાં ત્યારે ધૈર્યએ કહ્યું, ધ્વનિ હું જોઈ રહ્યો છું કે તારો મારી તરફ ઝુકાવ થતો જાય છે! નો ડાઉટ હું પણ તને પસંદ કરું છું, પણ મારા જીવનની સચ્ચાઈ એ છે કે હું એક અનાથ છું! અને મારો ઉછેર અનાથાશ્રમમાં થયો છે, ત્યાં મેં એવું સાંભળ્યું છે, કે મારા માતાપિતાને લગ્ન પછી બન્યું નહીં, ડિવોર્સ લીધા અને બે માંથી કોઈ બાળકની કસ્ટડી લેવા તૈયાર ન્હોતું! એટલે મને અનાથાશ્રમમાં...અને આમ જુવો તો એટલે મારે લગ્ન કરવા જ નહોતાં,પણ... ધ્વનિ એ કહ્યું મારે પણ લગ્ન નહોતાં કરવાં, પણ મારું કારણ થોડું જુદું છે! એટલે કે મારા મમ્મી પપ્પા બંને જોબ કરતા હતાં, અને મારા જન્મ પછી મારા પપ્પાએ મમ્મીને જોબ કરવાની ના પાડી, પણ એણે સ્પષ્ટ ના પાડી દીધી, અને કહ્યું કે બાળક આપણાં બેયનું છે, હું એકલી ભોગ શું કામ આપું! અને એટલે મારાં દાદા દાદી પાસે મને મુકી દીધી! સ્કૂલ જવા જેવડી થઈ, અને શહેરમાં સારું એજ્યુકેશન મળે એમ કરી લઈ આવ્યા! અને હું શહેરમાં એમની સાથે રહી ભણવા લાગી. પાંચ વર્ષ પછી દાદી ગુજરી ગયાં, અને દાદાને કોણ રાખશે એ પ્રશ્ન થતાં, મારા પપ્પાના ભાઈઓએ કહી દીધું કે મારા પપ્પાએ એમના મમ્મી પપ્પાનો સૌથી વધુ લાભ લીધો છે, એટલે પપ્પા એને ઘરે રહેશે. દાદા અમારી સાથે રહેવા આવ્યાં, હું બહુ ખુશ થઈ કારણ કે આખો દિવસ કોઈનો સાથ તો મળશે! મમ્મી પપ્પાના ઈગો ને કારણે કાયમ ઘરમાં ઝઘડો રહેતો, અને એમાં હવે દાદા.... અને એટલે કંટાળીને એક દિવસ પપ્પા દાદાને વૃદ્ધાશ્રમમાં દાખલ કરી આવ્યા! ત્યાં થોડા વખતમાં એમનું અવસાન થયું! અને છતાં કોઈને શરમિંદગી થઈ નહીં, અને જાણે કંઈ જ બન્યું ન્હોય, એમ એની સ્થાવર જંગમ મિલ્કત વેંચી લીધી. અંતે ધૈર્ય અને ધ્વનિ બંનેએ લગ્ન કર્યા, પણ આકાશ અને આરોહી જેમ નહીં! એમણે પોતાનાં લગ્ન સાવ સીધીસાદી રીતે અને રુપિયા ઉડાવ્યા વગર એક વૃદ્ધાશ્રમમાં આવાં ત્યજાયેલા દાદા દાદીઓ સાથે કર્યા. લગ્નનાં બચેલા રુપિયા વૃદ્ધાશ્રમમાં અને અનાથાશ્રમમાં આપ્યાં, અને લગ્નનાં સાત વચનોની સાથોસાથ રજાઓમાં બંને જણાં અનુક્રમે અનાથાશ્રમમાં અને વૃદ્ધાશ્રમમાં આવશે! અને તરછોડાયેલા બાળકો તથા વૃદ્ધોને હુંફ આપશે! તેમજ શક્ય હોય એવી જરુરીયાત પૂરી પાડશે, એવું વચન પણ અગ્નિની સાક્ષીએ લીધું! તો આમ ધૈર્ય અને ધ્વનિ એ આટલી નાની ઉંમરમાં પોતાનો સમાજ ધર્મ અદા કરી ઉત્તમ દ્રષ્ટાંત પુરું પાડ્યું! મિત્રો આજકાલ લગ્ન સિઝન ચાલે છે, અને આમંત્રિત મહેમાન તરીકે જઈએ તો, મઝા પણ આવે, અને પંચાત થી શરૂ કરીને પાન બીડાં સુધીનું બધું જ મનભરીને માણીએ પણ ખરાં! કારણકે માણવું એ આપણી માનનીય માનસિકતા છે! પરંતુ આ નાનકડો એવો કિસ્સો આપણને ત્રણ શીખ આપે છે, એક તો દેખાદેખીમાં લગ્નમાં બહુ ખર્ચ કરવો નહીં! હું તો કહું છું ધનવાનો એ પણ થોડો ખર્ચ ઓછો કરીને આવી ચેરિટી કરવી જોઈએ, જેથી સમાજ પ્રત્યેનુ દાયિત્વ નિભાવી શકાય! બીજું લગ્ન કરનાર એ સંતાનની જવાબદારી સ્વીકારવી હોય તો જ સંતાન કરવું! કારણકે આજકાલ શિક્ષણના વ્યાપને લીધે સ્ત્રીઓમાં પણ સ્વતંત્ર વિચારધારા જોવા મળે છે. ત્રીજું માતાપિતા કોઈ સાધન નથી, કે ખપ પડે ત્યારે ઉપયોગમાં લઈ પછી છોડી દેવાં! પરિવાર પ્રત્યેનું કર્તવ્ય માતાપિતાએ જેમ ચૂકવ્યું એમ સંતાનોએ પણ ચૂકવવું પડે! અને સાથોસાથ જે સમાજમાં આપણે રહીએ છીએ એની પણ થોડી જવાબદારી મહિને બે મહિને લેવી જોઈએ, અને એ જ છે સાચો સમાજ ધર્મ! કે જે બે અજનબી ને આ રીતે જોડી પોતાના બનાવે છે.

# અમદાવાદ મંડળના સાણંદથી પ્રથમ રેફ્રિજરેટેડ કન્ટેનર રેક પિપાવાવ પોર્ટ માટે રવાના






**અમદાવાદ, તા. 18**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના સાણંદથી તા. 17.11.2025ના રોજ M/s હસ્તી પેટ્રોકેમિકલ્સ એન્ડ શિપિંગ લિમિટેડની પ્રથમ રેફ્રિજરેટેડ (રીફર) કન્ટેનર રેક (MHPL) (થાર ડ્રાય પોર્ટ) ફ્રેટ ટર્મિનલ સાણંદ થી મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ દ્વારા લીલી ઝંડી બતાવીને રવાના કરવામાં આવી. આ મહત્વપૂર્ણ પગલું મંડળની કોલ્ડ-ચેઈન લોજિસ્ટિક્સ મજબૂત અને માલ પરિવહન પ્રણાલીમાં કાર્યક્ષમતા વધારવા તરફના સતત પ્રયત્નોને પ્રતિબિંબિત કરે છો આ રીફર કન્ટેનર રેક પિપાવાવ પોર્ટ તરફ પ્રસ્થાન કરી રહી છે, જે વિસ્તારમાં મલ્ટિ-મોડલ કનેક્ટિવિટી મજબૂત કરશે તથા તાપમાન-સંવેદનશીલ માલની ઢુવાણ માટે ઉદ્યોગોને વિશ્વસનીય અને કાર્યક્ષમ વિકલ્પ પૂરો પાડશે. આ પહેલ અહમદાબાદ મંડળની બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ (BDU)ની વધતી ક્ષમતા અને ઉદ્યોગજગત દ્વારા મંડળની માલ ઢુવાણ સેવાઓ પ્રત્યે વ્યક્ત કરવામાં આવેલા વિશ્વાસને દર્શાવે છે. આ રેકમાં લોડ કરાયેલા રીફ્રિજરેટેડ કન્ટેનરોનું કુલ વજન 1061.81 ટન છે તથા તેમાંથી 6.57 લાખનો કુલ રાજસ્વ મળ્યો છે. આ કન્ટેનરોમાં M/s હાઈફન ઈન્ડસ્ટ્રીઝ, મેકકેને ઈન્ડસ્ટ્રીઝ અને બાલાજી ગ્રૂપનો નાજુક અને ઝડપથી નષ્ટ થઈ શકે એવો માલ સામેલ છે, જેને સમયબદ્ધ તથા નિયંત્રિત તાપમાનની જરૂરિયાત હોય છે. MHPL પ્રાઈવેટ ફ્રેટ ટર્મિનલથી રીફર રેક સંચાલનની શરૂઆતથી વિસ્તારના નિકાસકારો તથા કોલ્ડ-સ્ટોરેજ આધારિત ઉદ્યોગોને નવી ગતિ મળશે. આ અહમદાબાદ મંડળની ઉદ્યોગ વિકાસને સહકાર આપવાની, માલ સેવાઓનું વિસ્તરણ કરવાની અને નિરંતર, સુરક્ષિત અને કાર્યક્ષમ લોજિસ્ટિક્સ પ્રદાન કરવાની પ્રતિબદ્ધતાને વધુ બળ આપે છે. આ ઉપલબ્ધિ ભારતીય રેલવે અંતર્ગત મંડળની સક્રિય પહેલ, નવીનતા અને મજબૂત ફ્રેટ ઈકોસિસ્ટમ નિર્માણના ઉત્તમ ઉદાહરણરૂપ તરીકે ઉભરી આવી છે.

# એક જન્મમાં જે સંસ્કાર મનમાં દૃઢ થાય તે બીજા જન્મમાં સ્વભાવ બની પ્રગટ થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)



ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આગળ જોઈએ તો જીવ જ્યારે ચારે બાજુથી નિરાધાર બને છે ત્યારે તે પ્રભુને શરણે જાય છે. પૂર્વજન્મોના સંસ્કારો અનેસત્કર્મો હોય તો પ્રભુનું શરણ સૂઝે છે.

ગજેન્દ્ર પ્રાર્થના કરે છેકે,હે વિવિધ રૂપવાળા,અજ્ઞેય ચરિત્રવાળા પ્રભુ મારી રક્ષા કરો!હે પ્રભુ,તમે અવિદ્યાના ફાંસામાં ફસાયેલ જીવ ને જોતે શરણે આવે તો ફાંસો કાપી નાખી બચાવો છો.તમે અત્યંત દયાળુ છોને દયા કરવામાં કદી આળસ કરતા નથી. જીવમાત્રના તમે અંતર્યામી છો. તમે સર્વના નિયંતા છો.તમને હું પ્રણામ કરું છું.હું પશુ છું.કાળના પાશમાં ફસાયો છું.મને કાળથી બચાવો.જ્યાં કાળ ન હોય ત્યાં મને લઈ જાવ.જ્યાં કાળનોપ્રવેશ નથી એવા તમારા ધામમાં મને લઈ જાઓ.

હે પ્રભુ, હું જાણું છું કે, આપની કૃપા અને આપનું શરણ એ જ બચવાનો એક માત્ર ઉપાય છે. હે નાથ, મારી ઉપર કૃપા કરો. તમે શરણાગતનું રક્ષણ કરનાર છો. તમે મારી રક્ષા કરો!હું તમારે શરણે છું.ગજેન્દ્ર આ પ્રમાણે દુઃખથી આદ્ર બનીને શ્રીહરિની સ્તુતિ કરે છે. આ સ્તુતિનો પાઠ મનુષ્યને સંકટમાંથી મુક્ત કરે છે. તમે જ ગજેન્દ્ર છો,ને કાળ-મગર ના જડબામાં પડયા છો એમ સમજી પાઠ કરશો તો તેનો ચમત્કાર તરત દેખાશે.આ સ્તુતિ નો પાઠ કરનારને ખરાબ વિચારો નહીં આવે.ગજેન્દ્ર પ્રાર્થના કરેછેકે હવે નાશ ન થાય તેવું દિવ્ય શરીર મને આપો.કારણ કે આ નાશવંત લૌકિક શરીર કેવળ બોજારૂપ છે ને વ્યર્થ છે.માટે કૃપા કરી મને અવિનાશી તેજોમય શરીરઆપો. હે ગોવિંદ,હે નારાયણ હું દીન તમારી પ્રાર્થના કરું છું. કાળના મુખમાંથી મને છોડાવો.

હવે પરમાત્માને ઉતાવળ થઈ. તે દોડતા આવ્યા.ગજરાજને બચાવવાની ભગવાન સિવાય કોઈની તાકાત નથી.દેવો ત્યાં લાચાર છે. નિરાધારનો આધાર ભગવાન છે.ગજેન્દ્રે જોયું કે, ભગવાન દોડતા આવ્યા છે. ગજેન્દ્રે સરોવરમાંથી એક કમળ ઊંચકી તે ભગવાનને અર્પણ કર્યું.

તુલસી અને કમળ પરમાત્માને પ્રિય છે.પરમાત્માની નાભિમાંથી કમળ નીકળ્યું છે. કમળ બ્રહ્માજી ની સૃષ્ટિનું નથી.તે કમળનો પ્રભુ એ સ્વીકાર કર્યો. સુદર્શન ચક્રથી ભગવાને મગરને માર્યો.સુદર્શન ચક્ર એટલે જ્ઞાનચક્ર કાળનો નાશ જ્ઞાનચક્રથી જ થાય છે. એવું જ્ઞાન કે સર્વમાં ભગવાન દેખાય. જેને બ્રહ્મદૃષ્ટિ પ્રાપ્ત થાય છેતે જ્યાં જાય ત્યાં તેનેપરમાત્મા નાં દર્શન થાય છે.બ્રહ્મજ્ઞાની ઘણા મળશે,પણ શુકદેવજી જેવી બ્રહ્મ દૃષ્ટિ રાખનાર ઓછા મળશે. આવા જ્ઞાનીને સંસાર બાધક થતો નથી.અજ્ઞાનીને સંસારબાધક થાય છે.આ જ્ઞાન એટલે ચોપડીનું જ્ઞાન નહીં પણ અંતરમાં ઊગેલું જ્ઞાન. આ જ્ઞાન તમને અજ્ઞાનમાંથી છોડાવશે. અજ્ઞાનની પકડમાંથી છૂટવાનું છે.સર્વમાં ભગવદ્દર્શન તેજ સુદર્શન. ભગવાન સિવાય જગતમાં જેના દર્શન કરવા પ્રિય થાવું એવું સુદર્શન કોણ છે?એનો બીજો અર્થએ પણ થાયકે તમારી દૃષ્ટિસુદર્શન થશે;સારીથશે એટલે સર્વમાં તમને ભગવાન દેખાશે, તો તમે કાળના મુખમાંથી છૂટી જશો. સર્વમાં શ્રી કૃષ્ણનાં દર્શન કરો તો કાળ મારી શકશે નહીં. ભગવાને ગજેન્દ્રનો ઉદ્ધાર કર્યો,તેમ જે જીવ ભગવાનને શરણે જશે તેનો ઉદ્ધાર થશે.

પૂર્વજન્મમાં આ ગજેન્દ્ર ઈન્દ્રધુમ્ન નામનો રાજા હતો.રાજા ધ્યાનમાં બેઠો હતો.ત્યાં અગસ્ત્ય મુનિ આવ્યા.ઊભા થઈ રાજાએ મુનિ નો સત્કાર કર્યો નહીં. તેથી મુનિને લાગ્યું કે,રાજા મારું અપમાન કરે છે.ભગવાન કરતાં પણ ભગવાન ના ભક્તોનું વધારે માન રાખજો. પથ્થરની મૂર્તિમાં સદભાવ રાખવા થી ચેતન થાય છે તો ચેતનમાં સદભાવ રાખવાથી ઈશ્વરની પ્રાપ્તિ કેમ ન થાય?અગસ્ત્ય મહારાજને ખોટું લાગ્યું. તેમણે શ્રાપ આપ્યો કે, તું જડ જેમ બેસી રહ્યો તેથી તને પશુનો જડ અવતાર મળો! પૂર્વજન્મમાં ગજેન્દ્રે ખૂબ ભજન કરેલું એટલે ગજેન્દ્ર યોનિમાં તેને પ્રભુ યાદ આવ્યા.એક જન્મમાં જે સંસ્કાર મનમાં દૃઢ થાય તે બીજા જન્મમાં સ્વભાવ બની પ્રગટ થાય છે. ગજેન્દ્રની ગત જન્મની ભક્તિ આ જન્મે શ્રદ્ધા રૂપે પ્રગટ થઈ.

આજે આપણે છેલ્લે નાનકડી વાતથી આજના લેખનું સમાપન કરીએ પર્વતોમાંથી લાંબી અને કઠિન મુસાફરી પછી,નદી મેદાનોમાં પહોંચી.નદીના બંને કિનારે અસંખ્ય પથ્થરોનો ઢગલો હતો, ગોળાકાર, અંડાકાર અને આકાર હીન.આમાંથી બે પથ્થરો એક બીજાને ઓળખવા લાગ્યા. તેઓએ એકબીજા સાથેખુશીઓ વહેંચી.એક સંપૂર્ણપણે ગોળ, સુંવાળી અને અત્યંત આકર્ષક હતો, જ્યારે બીજો આકારહીન, ખરબચડી અને અપ્રાકૃતિક હતો.

એ ક દિવસ,આકારહીન,ખરબ ચડી પથ્થરે સરળ પથ્થરને પૂછ્યું, ‘આપણે બંને દૂરના ઊંચા પર્વતો પરથી ઉગ્યા છીએ.તોપછી તમે આટલા ગોળ,સુંવાળી અને આકર્ષક કેમ છો,જ્યારે હું નથી?‘

આ સાંભળીને,સરળ પથ્થરે જવાબ આપ્યો, ‘તમે જાણો છો, શરૂઆતમાં, હું તમારા જેવો જ હતો, પરંતુ તે પછી,હું ઘણા વર્ષો થી વહેતો રહ્યો છું,સતત તૂટી રહ્યો છું અને થાકી ગયો છું. મને ખબર નથી કે મેં કેટલા તોફાનોનો સામનો કર્યો છે... નદીના જોરદાર પ્રવાહોએ મને કેટલીવાર ખડકો સાથે અથડાવ્યો છે..અને ક્યારેક તેના પ્રવાહે મારા શરીરને કાપી નાખ્યું છે...ત્યારે જ મને આ સ્વરૂપ મળ્યું છે.‘ખબર છે,મારી પાસે હંમેશા આ મુશ્કેલી ઓમાંથી છટકી જવાનો અને આરામથી સૂવાનો વિકલ્પ હતો.. પણ શું આવી જિંદગી જીવવી પણ?ના,મારી નજરમાં, તે મૃત્યુ કરતાં પણ ખરાબ છે!

તમારા દેખાવથી નિરાશ ન થાઓ. તમારે હજુ પણ સંઘર્ષ કરવાનો બાકી છે, અને જો તમે સંઘર્ષ કરતા રહેશો,તો એક દિવસ તમે મારા કરતા પણ વધુ સુંદર, ભરાવદાર,સુંવાળી અને આકર્ષક બનશો એવું સ્વરૂપ સ્વીકારશો નહીં જે તમને અનુકૂળ ન હોય.. તમે ગઈ કાલે જે હતો તે જ છો..

કાલે તમે આજે જે છું તે જ હશો અથવા કદાચ તેનાથી પણ સારા‘ સુંવાળી પથ્થરે પોતાનું વાક્ય પૂર્ણ કર્યું.

વાચક ચાહક મિત્રો, સંઘર્ષમાં એટલી શક્તિ છે કે તે વ્યક્તિનું જીવન બદલી શકે છે. આજે તમે ગમે તેટલા મુશ્કેલ સંજોગોમાં હોવ..સંઘર્ષ કરવાનું બંધ ન કરો.. તમારા પ્રયત્નો બંધ ન કરો. ઘણી વખત તમને લાગશે કે તમારા પ્રયત્નો કોઈ પરિણામ આપી રહ્યા નથી,પરંતુ છતાં પણ પ્રયાસ કરવાનું બંધ ન કરો. અને જ્યારે તમે આ કરો છો, ત્યારે દુનિયામાં એવી કોઈ શક્તિ નથી જે તમને સફળ થવાથી રોકી શકે.

અસ્તુ. આ સાંભળીને,સરળ પથ્થરે જવાબ આપ્યો, ‘તમે જાણો છો, શરૂઆતમાં, હું તમારા જેવો જ હતો, પરંતુ તે પછી,હું ઘણા વર્ષો થી વહેતો રહ્યો છું,સતત તૂટી રહ્યો છું અને થાકી ગયો છું. મને ખબર નથી કે મેં કેટલા તોફાનોનો સામનો કર્યો છે... નદીના જોરદાર પ્રવાહોએ મને કેટલીવાર ખડકો સાથે અથડાવ્યો છે..અને ક્યારેક તેના પ્રવાહે મારા શરીરને કાપી નાખ્યું છે...ત્યારે જ મને આ સ્વરૂપ મળ્યું છે.‘ખબર છે,મારી પાસે હંમેશા આ મુશ્કેલી ઓમાંથી છટકી જવાનો અને આરામથી સૂવાનો વિકલ્પ હતો.. પણ શું આવી જિંદગી જીવવી પણ?ના,મારી નજરમાં, તે મૃત્યુ કરતાં પણ ખરાબ છે!

તમારા દેખાવથી નિરાશ ન થાઓ. તમારે હજુ પણ સંઘર્ષ કરવાનો બાકી છે, અને જો તમે સંઘર્ષ કરતા રહેશો,તો એક દિવસ તમે મારા કરતા પણ વધુ સુંદર, ભરાવદાર,સુંવાળી અને આકર્ષક બનશો એવું સ્વરૂપ સ્વીકારશો નહીં જે તમને અનુકૂળ ન હોય.. તમે ગઈ કાલે જે હતો તે જ છો.. કાલે તમે આજે જે છું તે જ હશો અથવા કદાચ તેનાથી પણ સારા‘ સુંવાળી પથ્થરે પોતાનું વાક્ય પૂર્ણ કર્યું. વાચક ચાહક મિત્રો, સંઘર્ષમાં એટલી શક્તિ છે કે તે વ્યક્તિનું જીવન બદલી શકે છે. આજે તમે ગમે તેટલા મુશ્કેલ સંજોગોમાં હોવ..સંઘર્ષ કરવાનું બંધ ન કરો.. તમારા પ્રયત્નો બંધ ન કરો. ઘણી વખત તમને લાગશે કે તમારા પ્રયત્નો કોઈ પરિણામ આપી રહ્યા નથી,પરંતુ છતાં પણ પ્રયાસ કરવાનું બંધ ન કરો. અને જ્યારે તમે આ કરો છો, ત્યારે દુનિયામાં એવી કોઈ શક્તિ નથી જે તમને સફળ થવાથી રોકી શકે. અસ્તુ. આ સાંભળીને,સરળ પથ્થરે જવાબ આપ્યો, ‘તમે જાણો છો, શરૂઆતમાં, હું તમારા જેવો જ હતો, પરંતુ તે પછી,હું ઘણા વર્ષો થી વહેતો રહ્યો છું,સતત તૂટી રહ્યો છું અને થાકી ગયો છું. મને ખબર નથી કે મેં કેટલા તોફાનોનો સામનો કર્યો છે... નદીના જોરદાર પ્રવાહોએ મને કેટલીવાર ખડકો સાથે અથડાવ્યો છે..અને ક્યારેક તેના પ્રવાહે મારા શરીરને કાપી નાખ્યું છે...ત્યારે જ મને આ સ્વરૂપ મળ્યું છે.‘ખબર છે,મારી પાસે હંમેશા આ મુશ્કેલી ઓમાંથી છટકી જવાનો અને આરામથી સૂવાનો વિકલ્પ હતો.. પણ શું આવી જિંદગી જીવવી પણ?ના,મારી નજરમાં, તે મૃત્યુ કરતાં પણ ખરાબ છે! તમારા દેખાવથી નિરાશ ન થાઓ. તમારે હજુ પણ સંઘર્ષ કરવાનો બાકી છે, અને જો તમે સંઘર્ષ કરતા રહેશો,તો એક દિવસ તમે મારા કરતા પણ વધુ સુંદર, ભરાવદાર,સુંવાળી અને આકર્ષક બનશો એવું સ્વરૂપ સ્વીકારશો નહીં જે તમને અનુકૂળ ન હોય.. તમે ગઈ કાલે જે હતો તે જ છો.. કાલે તમે આજે જે છું તે જ હશો અથવા કદાચ તેનાથી પણ સારા‘ સુંવાળી પથ્થરે પોતાનું વાક્ય પૂર્ણ કર્યું.

# રાંદેર ઝોનના CRC કક્ષાના વિજ્ઞાનમેળાનું આયોજન

**અમદાવાદ, તા. 18**

રાંદેર ઝોનના CRC કક્ષાના વિજ્ઞાનમેળાનું આયોજન મુખ્ય કન્વીનરશ્રી ડોનિકા ટેલરના માર્ગદર્શન હેઠળ સંત પૂજ્ય શ્રી મોટા શાળા નં- 170 ખાતે કરવામાં આવ્યું. સદર પ્રદર્શનના ઉદ્ઘાટન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સુરત મહાનગર પાલિકાની ગાર્ડન સમિતિના ચેરમેન શ્રી ગીતાબેન સોલંકી, સુરત મહાનગરપાલિકા પાણી સમિતિના વોઈસ ચેરમેન શ્રી કૃણાલભાઈ સેલર, યુ. આર. સી. કો-ઓર્ડી. SMC સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. રાંદેર અને સેન્ટ્રલ જેલના URC કો-ઓર્ડીનેટર શ્રી રમેશભાઈ પટેલ અને નિરીક્ષક શ્રી રાગીનીબેન દલાલ એ પણ પ્રદર્શન નિહાળી બાળવૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા હતા. ઉપરોક્ત તમામ મહાનુભાવોએ આયોજકોને સુંદર આયોજન બદલ શુભેચ્છા પાઠવી હતી. આ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં સી.આર. સી. ૧(રામનગર), ૩(મોરાભાગળ) અને ૪(વરિયાવ)માં સમાવિષ્ટ જુદી જુદી 29 જેટલી શાળાના બાળ વૈજ્ઞાનિકો દ્વારા પ્રદર્શનના મુખ્ય વિષય : વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે સ્ટેમ (STEM) વિષય ઉપર 5 પેટા વિભાગોમાં કુલ 57 જેટલી કૃતિઓ રજુ કરવામાં આવી હતી.તમામ સ્પર્ધાઓમાં કુલ 114 બાળ વૈજ્ઞાનિકો અને 57 જેટલા માર્ગદર્શક શિક્ષકોએ ભાગ લીધો હતો. ભાગ લેનાર તમામ બાળ વૈજ્ઞાનિકો, માર્ગદર્શક શિક્ષકો અને શાળાઓને આયોજક સી.આર. સી. કો-ઓર્ડિનેટર દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરતના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ કાપડિયા, ઉપાધ્યક્ષ શ્રીમતી રંજનાબેન ગોસ્વામી તથા સદસ્ય શ્રી કુ. સ્વાતિબેન સોસા દ્વારા ટેલીફોનીક શુભેચ્છાઓ પાઠવવામાં આવી. સદર પ્રદર્શનમાં બાળ વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરવામાં આવેલ વિભાગવાર કૃતિઓમાંથી શ્રેષ્ઠ કૃતિઓની પસંદગી માટે પીપરડીવાલા ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ - રાંદેરના શ્રી આશિષભાઈ જરીવાલા, એમ. એમ. પી. હાઈસ્કૂલ - રાંદેરના શ્રી ઝૈનબબેન હાંસલોડ તેમજ શ્રીમતિ આઈ. એન. ટેકરાવાળા હાઈસ્કૂલના શ્રી ધર્મિષ્ઠાબેન ટંડેલએ નિર્ણાયક તરીકે બખૂબી પોતાની જવાબદારી નિભાવી હતી. સૌ નિર્ણાયક મિત્રોને સ્મૃતિભેટ અને પ્રમાણપત્ર આપી આયોજકો દ્વારા એમનો ઋણ સ્વીકાર કરી સન્માનીત કરવામાં આવ્યા. આયોજકો દ્વારા વિજ્ઞાન વિષય આધારિત સેલ્ફી પોઈન્ટ પણ બનવામાં આવ્યો હતો જેથી સૌ પોતાની સેલ્ફી લઈ આ પ્રદર્શનની યાદોને પોતાની સાથે લઈ જઈ શકે.આનુસંગીક વ્યવસ્થા સી. આર. સી. શ્રી અમિતકુમાર ટેલરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી.

# મંત્રી ઈશ્વરસિંહ પટેલનું ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા અભિવાદન



**અમદાવાદ, તા. 18**

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર ખાતે નવનિયુક્ત કેબિનેટ કક્ષાનાં મંત્રીશ્રીઓ તથા રાજ્યકક્ષાનાં મંત્રીશ્રીઓની શુભેચ્છા મુલાકાત લઈ તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. જે પૈકી તાજેતરમાં ગુજરાત સરકારનાં મંત્રીમંડળમાં રાજ્યકક્ષાનાં મંત્રી તરીકેનો પદભાર સંભાળનાર હાંસોટ-અંકલેશ્વરનાં ધારાસભ્ય ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ [જળસંપત્તિ, પાણી પુરવઠા (સ્વતંત્ર હવાલો)] ની શુભેચ્છા મુલાકાત ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાની આગેવાનીમાં યોજવામાં આવી હતી.

સિવિલ હોસ્પિટલની અંગદાન ક્રાંતિ - ૨૨૦ અંગદાતાઓ થકી મળ્યું ૭૧૧ અંગો-પેશીઓનું દાન

# નિર્ણાયક ૯ કલાક: અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બે અંગદાન થકી ૬ જીવનને મળ્યું વરદાન

**અમદાવાદ, તા. 18**

દેશની અગ્રગણ્ય તબીબી સંસ્થાઓ પૈકીની એક એવી અમદાવાદ સિવિલ હોસ્પિટલ અદ્યતન સારવાર સાથે અંગદાન ક્ષેત્રે સતત જાગૃતિ કાર્યક્રમો સહિત વિક્રમજનક અંગદાન થકી જનસેવાની જ્યોત પ્રજ્વલિત રાખી રહી છે. તાજેતરમાં, સિવિલ હોસ્પિટલે અંગદાન ક્ષેત્રે વધુ એક પ્રેરણાદાયી સિદ્ધિ હાંસલ કરી છે. માત્ર ૯ કલાકના ટૂંકા ગાળામાં બે બ્રેઈન ડેડ દર્દીઓના પરિવારે દુઃખની ઘડીમાં લીધેલા ઉમદા નિર્ણયથી ૬ મહામૂલા અંગોનું દાન મળ્યું છે, જે ૬ લોકોને નવજીવન આપશે. આ ઘટના સિવિલ હોસ્પિટલના અંગદાન કાર્યક્રમની સફળતા અને લોકોમાં જાગૃતિના વધતા સ્તરનો જીવંત પુરાવો છે. નિર્ણાયક ૯ કલાક: બે અંગદાન થકી ૬ જીવનને મળ્યું વરદાન, - વિરમગામના ખેંગારીયા ગામના ૩૫ વર્ષીય સંજયભાઈને ૧૪ નવેમ્બરના રોજ મગજમાં હેમરેજ થતાં સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. ૭૨ કલાકની સઘન સારવાર બાદ ૧૭ નવેમ્બરના રોજ ડોક્ટરોએ તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. સિવિલ હોસ્પિટલ અંગદાન ટીમના ડો. મોહિત ચંપાવતે પરિવારને સમજાવતાં, તેમના પત્ની સજનબેને બ્રેઈન ડેડ પતિના અંગોનું દાન કરવા સંમતિ આપી હતી, જેના થકી બે કિડની અને એક લિવરનું દાન મળ્યું.- એ જ રીતે, ૪૮ વર્ષીય મહિલા દર્દી ICU માં સારવાર દરમિયાન ૧૭ નવેમ્બરના રોજ બ્રેઈન ડેડ જાહેર કરાયા હતા. અંગદાન ટીમના ડો. ભાવેશ પ્રજાપતિ દ્વારા અંગદાન વિશે સમજાવ્યા બાદ, પરિવારે પોતાના સ્વજનના અંગોનું દાન કરવાનો નિર્ણય લીધો હતો, જેનાથી બે કિડની અને એક લિવરનું દાન મળ્યું હતું.સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોશીએ આ અંગદાન વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ અંગદાનમાં ૪ કિડની અને ૨ લિવરનો સમાવેશ થાય છે.

'જળ વ્યવસ્થાપન' ક્ષેત્રે ગુજરાતની વધુ એક રાષ્ટ્રીય સિદ્ધિ

# સમગ્ર દેશમાં ગુજરાતને દ્વિતીય સ્થાને 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર-૨૦૨૫' એનાયત

**ખેડા, તા. 18**

'જળ વ્યવસ્થાપન' ક્ષેત્રે ગુજરાતે વધુ એક રાષ્ટ્રીય સિદ્ધિ હાંસલ કરી છે. કેન્દ્ર સરકારના જળ શક્તિ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર -૨૦૨૫'માં ગુજરાતે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારતના રાષ્ટ્રપતિ શ્રી દ્રૌપદી મુર્મુના હસ્તે તેમજ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં આજે નવી દિલ્હી ખાતે આયોજિત કાર્યક્રમમાં ગુજરાતને આ સિદ્ધિ બદલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. જળ સંપત્તિ વિભાગના સચિવ શ્રી પાર્થિવ સી.વ્યાસે ગુજરાત સરકાર વતી નવી દિલ્હી ખાતે આ એવોર્ડ સ્વીકાર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં ગુજરાત સરકારે જળ સંચાલન ક્ષેત્રે કરેલા ટકાઉ, નવીન અને જનકેન્દ્રિત પ્રયત્નોને પરિણામે આ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. મહારાષ્ટ્રને પ્રથમ જ્યારે ગુજરાતને બીજા ક્રમે આ એવોર્ડ આપવામાં આવ્યો છે. નોંધનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા ગત વર્ષ ૨૦૨૪માં પણ ગુજરાતને જળ સંચયમાં રાષ્ટ્રીય ક્ષેત્રે ત્રીજા ક્રમે આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ દ્વારા રાજ્યમાં પાણીના સ્ત્રોતોનું યોગ્ય આયોજન અને પાણીનું ટકાઉ સંચાલન સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. જેમાં પાણીના સ્ત્રોતોનું સંચાલનમાં ડેમ, બેરેજ, ચેકડેમ દ્વારા પાણીનું સંગ્રહ, વિતરણ અને પુનઃઉપયોગ માટે મજબૂત તંત્ર ઉભું કરાયું છે. વધુ પાણી ધરાવતા વિસ્તારોથી પાણી ઉદ્વહન કરી પાણીની તંગી ધરાવતા વિસ્તારોમાં પહોંચાડવાની ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી છે. જ્યારે ભૂગર્ભ જળ રિચાર્જ અને ખાર નિયંત્રણ થકી પાણીની તંગી વાળા વિસ્તારોમાં રિચાર્જ પ્રોજેક્ટ્સ આધારિત યોજનાઓ દ્વારા જળ સંતુલન જાળવવામાં આવ્યું છે. વધુમાં નાગરિક સહભાગિતા અને નવીન યોજનાઓના માધ્યમથી શુદ્ધ કરેલા ગંદાપાણીનો પુનઃઉપયોગ, પીવાના પાણી માટે ભૂગર્ભ સ્ત્રોતોનો ઓછો ઉપયોગ અને પાણી વ્યવસ્થાપનમાં સમુદાયની સહભાગિતા દ્વારા ગુજરાતે દેશ સમક્ષ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# રોડ સેફ્ટી અને ટ્રાફિક મેનેજમેન્ટ માટે ગુજરાત પોલીસની મહત્વપૂર્ણ પહેલ: સ્વદેશી એપ મેપલ્સ (Mapmyindia) સાથે MoU

## ગુજરાત પોલીસ મેપમાયઈન્ડિયાને દૈનિક ધોરણે રીઅલ-ટાઇમમાં ટ્રાફિક એડવાઈઝરી અને ટ્રાફિક સંબંધિત માહિતી પૂરી પાડશે

**ખેડા, તા. 18**

ગુજરાતમાં રોડ સેફ્ટી અને ટ્રાફિક મેનેજમેન્ટ અંગે એક મહત્વપૂર્ણ પહેલ અંતર્ગત ગુજરાત પોલીસ અને સ્વદેશી એપ મેપલ્સ (Mapmyindia) વચ્ચે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ તાજેતરમાં હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી અભિયાન અંતર્ગત તમામ વિભાગો સાથે ખાસ બેઠક યોજીને સ્વદેશી અપનાવવાના મુદ્દા પર ભાર મૂક્યો હતો. ત્યારે રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયના માર્ગદર્શનમાં સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા સ્વદેશી એપ મેપલ્સ સાથે ટ્રાફિક મેનેજમેન્ટ અને રોડ સેફ્ટી માટે ખાસ સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. મેપલ્સ (Mapmyindia) દ્વારા તેમની એપમાં વિશેષ સુવિધાઓ ડેવલપ કરી નાગરિજલક્ષી ખાસ ફિચર્સ અપડેટ કરવામાં આવ્યા છે. હવે નાગરિકો/ વાહનચાલકોને નેવિગેશનની સાથે સાથે આ એપ બ્લેક સ્પોટ્સ, એક્સિડન્ટ ઝોન, સ્પીડ લિમિટ ઉપરાંત રિયલ ટાઈમ ટ્રાફિક એડવાઈઝરી અપડેટ આપશે. સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા પૂરો પાડવામાં આવેલો બ્લેક સ્પોટ્સ અને સંભવિત અકસ્માત ઝોનનો ડેટા મેપલ્સ દ્વારા આ એપમાં અપડેટ કરી દેવાયો છે. તે ઉપરાંત વાહનચાલકોને ડાર્ક રસ્તા અંગે પણ પહેલેથી અંદાજ આવી જાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્પીડ લિમિટ પણ આ એપમાં અપડેટ કરવામાં આવી છે. MoU મુજબ, ગુજરાત પોલીસ મેપમાયઈન્ડિયાને દૈનિક ધોરણે રીઅલ-ટાઈમમાં ટ્રાફિક એડવાઈઝરી અને સ્ટે ટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા પૂરો પાડવામાં આવેલો બ્લેક સ્પોટ્સ અને સંભવિત અકસ્માત ઝોનનો ડેટા મેપલ્સ દ્વારા આ એપમાં અપડેટ કરી દેવાયો છે. તે ઉપરાંત વાહનચાલકોને ડાર્ક રસ્તા અંગે પણ પહેલેથી અંદાજ આવી જાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્પીડ લિમિટ પણ આ એપમાં અપડેટ કરવામાં આવી છે. MoU મુજબ, ગુજરાત પોલીસ મેપમાયઈન્ડિયાને દૈનિક ધોરણે રીઅલ-ટાઈમમાં ટ્રાફિક એડવાઈઝરી અને ટ્રાફિક સંબંધિત માહિતી પૂરી પાડશે, જેમાં બંધ કરાયેલા રોડ અંગેની માહિતી (Road Closures), પ્લાન્ડ રોડ કન્સ્ટ્રક્શન/રિપેર એક્ટિવિટિઝ તથા રેલીઓ અને અન્ય કાર્યક્રમોની માહિતી આ એપમાં રિયલ ટાઈમ અપડેટ થશે જેની જાણ નાગરિકોને થતા તેઓ વૈકલ્પિક રૂટ પસંદ કરી શકશે. આ MoUના સંદર્ભમાં તમામ જિલ્લાના પોલીસને આ હેતુ માટે બનાવેલા વોટ્સએપ ગ્રુપ દ્વારા મેપમાયઈન્ડિયાને ઈનપુટ્સ કેવી રીતે આપવા તેની તાલીમ આપવામાં આવી છે. ડેટા અપડેશનનું કાર્ય શરૂ થઈ ચૂક્યું છે. ગુજરાત પોલીસ વાહનચાલકો માટે તેમની મુસાફરી વધુ અનુકૂળ બનાવવા માટે રીઅલ-ટાઈમમાં વધુ સારા ટ્રાફિક અપડેટ્સ આપવા માટે મેપમાયઈન્ડિયા સાથે સતત કાર્ય કરી રહી છે. કસ્ટમાઈઝ્ડ ટ્રાફિક અપડેટ્સ મેળવવા અને વધુ સારા ટ્રાફિક મેનેજમેન્ટ માટે ગુજરાત પોલીસ દ્વારા રાજ્યના નાગરિકોને મેપમાયઈન્ડિયા (Mapmyindia) એપનો મહત્તમ ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે. આ MoUના સંદર્ભમાં તમામ જિલ્લાના પોલીસને આ હેતુ માટે બનાવેલા વોટ્સએપ ગ્રુપ દ્વારા મેપમાયઈન્ડિયાને ઈનપુટ્સ કેવી રીતે આપવા તેની તાલીમ આપવામાં આવી છે. ડેટા અપડેશનનું કાર્ય શરૂ થઈ ચૂક્યું છે. ગુજરાત પોલીસ વાહનચાલકો માટે તેમની મુસાફરી વધુ અનુકૂળ બનાવવા માટે રીઅલ-ટાઈમમાં વધુ સારા ટ્રાફિક અપડેટ્સ આપવા માટે મેપમાયઈન્ડિયા સાથે સતત કાર્ય કરી રહી છે. કસ્ટમાઈઝ્ડ ટ્રાફિક અપડેટ્સ મેળવવા અને વધુ સારા ટ્રાફિક મેનેજમેન્ટ માટે ગુજરાત પોલીસ દ્વારા રાજ્યના નાગરિકોને મેપમાયઈન્ડિયા (Mapmyindia) એપનો મહત્તમ ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

# અમદાવાદ મંડળે વર્ષ 2025-26 દરમ્યાન એપ્રિલથી ઓક્ટોબર સુધી ઉત્કૃષ્ટ પ્રદર્શન 29.18 મિલિયન ટન લોડિંગ કરી અને ₹3865 કરોડથી વધુની આવક હાંસલ કરી

**અમદાવાદ, તા. 18**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે નાણાકીય વર્ષ 2025-26ના પ્રથમ સાત મહિનાઓ (એપ્રિલ-ઓક્ટોબર 2025) દરમિયાન માલ વહન ક્ષેત્રમાં અત્યંત ઉત્કૃષ્ટ અને નોંધપાત્ર પ્રદર્શન નોંધાવ્યું છે. કુલ માલ લોડિંગ, સરેરાશ વેગન લોડિંગ અને માલ આવક ત્રણેમાં અમદાવાદ મંડળે ગયા વર્ષની સરખામણીએ નોંધપાત્ર વૃદ્ધિ હાંસલ કરી છે. ઓક્ટોબર 2025 સુધી અમદાવાદ મંડળે કુલ 29.181 મિલિયન ટન (MT) માલ લોડ કર્યો, જે છેલ્લા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં 5.92% વધુ છે. જેમાંથી 22.779 મિલિયન ટન માલનું ગાંધીધામ વિસ્તારમાંથી સફળતાપૂર્વક પરિવહન કરવામાં આવ્યું હતું, જેનાથી વિભાગને 3077.04 કરોડની નોંધપાત્ર નૂર આવક થઈ હતી. સરેરાશ વેગન લોડિંગમાં પણ અમદાવાદ મંડળે ઉત્તમ પ્રદર્શન કરતાં 2842.49 વેગન લોડ કર્યા, જ્યારે ગયા વર્ષે આ આંકડો 2699.71 વેગન પ્રતિદિન હતો, જે 5.29% નો વધારો દર્શાવે છે. માલ આવકમાં પણ મંડળનું પ્રદર્શન ઉત્કૃષ્ટ રહ્યું છે અને આ નાણાકીય વર્ષે ઓક્ટોબર 2025 સુધી કુલ 3865.22 કરોડની આવક થઈ, જે ગયા વર્ષની તુલનામાં 2.63% વધુ છે.

અમદાવાદ મંડળની મુખ્ય નવી સિદ્ધિઓ (એપ્રિલ-ઓક્ટોબર 2025)

ખારાઘોડાથી અનંતનાગ (જમ્મુ) માટે પહેલીવાર મિની રેક દ્વારા ઈન્ડસ્ટ્રીયલ મીઠાના લોડિંગથી 27.34 લાખની આવક થઈ.

સાણંદ ખાતેના MHPL ફ્રેઈટ ટર્મિનલ પરથી પહેલી રેફ્રિજેરેટેડ (રીફર) કન્ટેનર રેક પિપાવાવ પોર્ટ માટે લોડ કરવામાં આવી, જેના દ્વારા 6.57 લાખની આવક થઈ.

કડી ને 24x7 કાર્યરત એક્સક્લૂસિવ કન્ટેનર રેલ ટર્મિનલ (ECRT) તરીકે સફળતાપૂર્વક કમિશન કરવામાં આવ્યું, જેના કારણે ઈનવર્ડ અને આઉટવર્ડ કન્ટેનર ટ્રાફિકમાં નોંધપાત્ર સુગમતા અને ઝડપ મળી. દેવળિયા સ્થિત વેસ્ટર્ન કેરિયર GCT માં પ્રથમ વખત ટાઈલ્સ લોડ કરેલી ચાર કન્ટેનર રેક્સ લોડ કરવામાં આવી, જેના દ્વારા 1.49 કરોડની વધારાની આવક થઈ. કાંકરિયા (KKF)થી 20 BCN વેગનની રાહત સામગ્રીની મિની રેક 11 સપ્ટેમ્બર 2025ના રોજ પંજાબના પૂરગ્રસ્ત વિસ્તારો (ફિરોજપુર) તરફ મોકલીને સામાજિક જવાબદારીને નિભાવવામાં આવી.

અમદાવાદ મંડળ કોમોડિટી પ્રમાણે પ્રદર્શન (એપ્રિલ-ઓક્ટોબર 2025)

કન્ટેનર કોમોડિટીમાં કુલ 8442 રેક લોડ કરીને 1397.25 કરોડની આવક થઈ.

ખાતર (Fertilizer) કોમોડિટી માં 2213 રેક લોડ કરીને 1026.94 કરોડની આવક થઈ.

મીઠું (Salt) કોમોડિટી માં 1490 રેક લોડ કરીને 597.26 કરોડની આવક થઈ.

પેટ્રોલિયમ (POL) કોમોડિટી માં 598 રેક લોડ કરીને 222.86 કરોડની આવક થઈ.

કોલસો (Coal) કોમોડિટી માં 344 રેક લોડ કરીને 221.42 કરોડની આવક થઈ.

ઓટોમોબાઈલ્સ કોમોડિટી માં 1098 રેક લોડ કરીને 147.20 કરોડની આવક થઈ.

બેન્ટોનાઇટ કોમોડિટી માં 71 રેક લોડ કરીને 61.74 કરોડની આવક થઈ.

ખાદ્ય તેલ (EOIL) કોમોડિટી માં 206 રેક લોડ કરીને 59.41 કરોડ મળ્યા.

સિમેન્ટ કોમોડિટી માં પહેલીવાર 15 રેક લોડ કરીને 7.60 કરોડની આવક થઈ.

અન્ય (MISC ITEMS) કોમોડિટી માં 562 રેક લોડ કરીને 123.54 કરોડ કરોડની આવક થઈ.

ગાંધીધામ વિસ્તાર [કચ્છ જિલ્લો]

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળ હેઠળના ગાંધીધામ વિસ્તારે નાણાકીય વર્ષ 2025-26 ના એપ્રિલથી ઓક્ટોબર સમયગાળા દરમિયાન માલવહનની ક્ષેત્રે ઉત્તમ પ્રદર્શન કર્યું છે. આ સમયગાળા દરમિયાન કુલ 10,181 રેક્સ દ્વારા 22.779 મિલિયન ટન માલનું સફળ વહન કરવામાં આવ્યું, જેનાથી મંડળને 3077.04 કરોડનું રાજસ્વ પ્રાપ્ત થઈ.

ગાંધીધામ વિસ્તાર કોમોડિટી પ્રમાણે પ્રદર્શન (એપ્રિલ-ઓક્ટોબર 2025):

આ અવધિમાં કુલ 10,181 રેક્સ દ્વારા 22.779 MT મલનું સફળ પરિવહન કરવામાં આવ્યું જેનાથી મંડળને 3077.04 કરોડની આવક થઈ.

કન્ટેનર કોમોડિટી માં 5866 રેક્સ દ્વારા 10.586 MT લોડિંગ કરીને 1069.47 કરોડની આવક પ્રાપ્ત થઈ.

ખાતર (Fertilizer) માં 2117 રેક લોડ કરીને 5.973 MT માલવહનથી 988.10 કરોડની આવક પ્રાપ્ત થઈ.

કોલસો (Coal) કોમોડિટી માં 345 રેકો દ્વારા 1.396 MT લોડિંગથી 221.55 કરોડની આવક પ્રાપ્ત થઈ.

એડીબલ સોલ્ટ માં 470 રેક દ્વારા 1.12 MT લોડિંગથી 214.83 કરોડની આવક થઈ.

ઈન્ડસ્ટ્રીયલ સાલ્ટ માં 479 રેક દ્વારા 1.727 MT લોડિંગથી 205.46 કરોડની આવક થઈ.

પેટ્રોલિયમ (POL)માં 337 રેક દ્વારા 0.838 MT લોડિંગથી 155.30 કરોડની આવક થઈ LPG માં 238 રેક દ્વારા 0.276 MT વહન કરીને 65.66 કરોડની આવક થઈ

બેન્ટોનાઇટ માં 69 રેક દ્વારા 0.238 MT લોડિંગથી 61.08 કરોડની આવક થઈ.

ખાદ્ય તેલ (Tank & Jumbo) માં 184 રેક દ્વારા 0.393 MT લોડિંગથી 55.25 કરોડની આવક થઈ, ઉપરાંત જિપ્સમ, ક્લિંકર, મોલેસિસ, દાળ, ખાંડ, બેમ્બૂ પલ્પ વગેરે અન્ય કોમોડિટીઝે પણ કુલ આવકમાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો.

## આંગણવાડી બહેનોએ આશીર્વાદ પાત્રનું દૂધ કુપોષિત બાળકો સુધી પહોંચાડ્યું , દૂધના દાનથી બાળ પોષણનો નવતર ઉદ્યમ

# ગામનો નિર્ધાર, સહકારથી સાકાર, અભિયાન હેઠળ અત્યાર સુધી માતરમાં ૧૭૫.૧ લીટર દૂધનું દાન થયું

**ખેડા, તા. 18**

ખેડા જિલ્લામાં કુપોષણ નિવારણને નવી દિશા આપતું "ગામનો નિર્ધાર, સહકારથી સાકાર" અભિયાન તીવ્ર ગતિએ આગળ વધી રહ્યું છે. અમૂલ ડેરી અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત પ્રયાસોથી માતર તથા પરીએજ વિસ્તારમાં શરૂ કરાયેલ આ પહેલ ગામના સહકાર અને માનવતા બંનેનું જીવંત ઉદાહરણ બની રહી છે. "ગામનો નિર્ધાર, સહકારથી સાકાર" અભિયાન અંતર્ગત જ્યારે ગામના પશુપાલક ભાઈ-બહેન દૂધ ડેરી પર જમા કરવા આવે છે ત્યારે ત્યાં રાખેલ 'આશીર્વાદ પાત્ર' માં તેઓ પોતાની ઈચ્છા શક્તિ મુજબ ૧૦, ૩૦, ૫૦ મિલી કે વધુ પ્રમાણમાં દૂધનું દાન કરે છે. આ દૂધ સીધું આંગણવાડીના કુપોષિત બાળકોને મળી રહે તે માટે આંગણવાડી બહેનો દ્વારા તેનું આયોજનબદ્ધ વિતરણ કરવામાં આવે છે. તા. ૧૪ નવેમ્બરના રોજ શરૂ થયેલ ગામનો નિર્ધાર, સહકારથી સાકાર અભિયાન હેઠળ માતર તાલુકાની દૂધ સહકારી મંડળીઓ દ્વારા



સહકાર તેમજ મદદની ભાવનાથી કુપોષિત બાળકોને આશીર્વાદ પાત્રમાં નિયમિત દૂધનું દાન કરવામાં આવી રહ્યું છે. તથા કર્મનિષ્ઠ આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા આ દૂધ સ્વીકારીને તેને જરૂરિયાતમંદ કૂપોષિત બાળકો સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે. ગઈકાલે તા.૧૭ નવેમ્બરના રોજ



માતરની વિવિધ મંડળીઓના પશુપાલક ભાઈઓ અને બહેનો દ્વારા કુલ ૭૬.૫ લિટર દૂધનું દાન મળેલ હતું. જે માતર તાલુકાના કુપોષિત બાળકોને આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા આપવામાં આવ્યું હતું. આજે તા. ૧૮ નવેમ્બરના રોજ રોજ માતરની વિવિધ મંડળીઓના પશુપાલક ભાઈઓ અને બહેનો દ્વારા કુલ ૯૦.૬ લિટર દૂધનું દાન મળેલ છે. જે માતર તાલુકાના કુપોષિત બાળકોને આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા આપવામાં આવ્યું હતું. તેમજ આજ દિન સુધી કુલ ૧૭૫.૧ લીટર દૂધનું દાન મળેલ છે. ઉલ્લેખનીય છે કે, ખેડા જિલ્લાના કુપોષિત બાળકોને સુપોષિત બનાવવાના ઉમદા વિચાર સાથે જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવના માર્ગદર્શન અને અમૂલ ડેરીની ભાગીદારી સાથે શરૂ કરાયેલ ગામનો નિર્ધાર, સહકારથી સાકાર" અભિયાનની નવીન પહેલ ખેડા જિલ્લામાં બાળ પોષણ માટે આશાનો દીપ બની છે. સમગ્ર જિલ્લામાં ગામની દૂધ મંડળીઓ સહકારની ભાવનાથી દૂધનો ખૂબ નાનો ભાગ બાળકો માટે દૈનિક રીતે આપે તો આવનારા સમયમાં ગામમાંથી કુપોષણ નિવારવાનો આ અભિયાનનો હેતુ છે. અને તેમાં ગામની દૂધ મંડળીઓ દ્વારા રોજ માત્ર થોડું દૂધ આપવાની ભાવનાએ આગળ જઈને કુપોષણને જડમૂળથી દૂર કરવાનો સંકલ્પ પ્રગટ કર્યો છે.

# ફ્લાઈટ મોડી પડી, ભારતીય આર્ચર્સ ઢાકામાં 10 કલાક સુધી ફસાયા

**દિલ્હી, તા. 18**

રાત્રે બે સગીરો સહિત ભારતીય તીરંદાજી ટીમના 11 સભ્યો લગભગ 10 કલાક સુધી ઢાકામાં ફસાયેલા રહ્યા. ઢાકાથી પાછા ફરતી તેમની ફ્લાઈટ વારંવાર મોડી પડી. હિંસાગ્રસ્ત બાંગ્લાદેશની રાજધાનીમાં તેમને બિન-એસ્કોર્ટ લોકલ બસમાં ચઢવાની ફરજ પડી. બાદમાં તેમને એક ખરાબ હોટલમાં રહેવું પડ્યું. અભિષેક વર્માએ PTIને જણાવ્યું કે ઢાકાથી પરત ફરતી તેમની ફ્લાઈટ વારંવાર મોડી પડી રહી હતી. તેમણે જે એરલાઈનથી ટિકિટ બુક કરાવી હતી તેમાંથી તેમને બહુ ઓછી મદદ મળી. તેમણે આગળ સમજાવ્યું, 'અમે જે ધર્મશાળામાં રહેતા હતા, જે એક ગેસ્ટહાઉસ



હોવાનું માનવામાં આવતું હતું, તે ખૂબ જ ખરાબ હાલતમાં હતી. તેમાં છ બેડવાળો એક ઓરડો અને ફક્ત એક જ શૌચાલય હતું, જે અત્યંત ગંદુ હતું. મને નથી લાગતું કે કોઈ તેમાં સ્નાન કરી શકે.' ભારતીય ટુકડી, જેમાં સિનિયર એથ્લેટ્સ અભિષેક વર્મા, જ્યોતિ સુરેખા અને ઓલિમ્પિયન ધીરજ બોમ્મદેવરાનો સમાવેશ થાય છે, શનિવારે રાત્રે 9:30 વાગ્યે દિલ્હી જવા માટે ઢાકા એરપોર્ટ પર પહોંચ્યા, પરંતુ વિમાનમાં ચઢ્યા પછી, તેમને કહેવામાં આવ્યું કે વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાઈ છે અને તે ઉડાન ભરી શકશે નહીં.રસ્તાઓ પર હિંસા થઈ, અમને લોકલ બસમાં બેસાડ્યા અભિષેક વર્માએ મુશ્કેલ સમયમાં નેશનલ ટીમને ટેકો ન આપવા બદલ એરલાઈનને દોષી ઠેરવવામાં અચકાયા નહીં. તેમણે કહ્યું, 'તમારું વિમાન ખરાબ થયું. તમે જાણો છો કે બહાર રમખાણો થાય છે, તો પછી તેઓએ અમને લોકલ બસમાં કેવી રીતે બેસાડ્યા? જો અમને કંઈક થયું હોત, તો તેના માટે કોણ જવાબદાર હોત?' વર્માએ કહ્યું, 'જો અમને ખબર હોત કે અમને સવારે 11 વાગ્યા સુધીમાં ટિકિટ મળી જશે, તો પણ અમે એરપોર્ટ પર જ રોકાઈ ગયા હોત કારણ કે તેઓએ (એરલાઈન) કંઈપણ પુષ્ટિ આપી ન હતી.'

# જર્મની FIFA વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થયું:સ્લોવાકિયાને 6-0થી હરાવ્યું

**દિલ્હી, તા. 18**

યુરોપિયન ક્વોલિફાયર્સની ફાઈનલ મેચમાં મોટી જીત સાથે જર્મની અને નેધરલેન્ડ્સે 2026 FIFA વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું. જર્મનીએ લીપઝિગના રેડ બુલ એરેના ખાતે સ્લોવાકિયાને 6-0થી હરાવીને સતત 19મી ટુર્નામેન્ટમાં સ્થાન મેળવ્યું. દરમિયાન, નેધરલેન્ડ્સે એમ્સ્ટરડેમમાં લિથુઆનિયાને 4-0થી હરાવ્યું. જર્મની તરફથી લેરોય સાને બે ગોલ કર્યા જર્મની તરફથી નિક વોલ્ટેમેડ (18મી મિનિટ), સર્જ ગ્નાબ્રી (29મી મિનિટ), લેરોય સાન (36મી મિનિટ અને 41મી મિનિટ), રિડલ બાકુ (67મી મિનિટ) અને અસન ઓએડ્રાઓગો (79મી મિનિટ)એ ગોલ કર્યા. સેને બે ગોલ સાથે ટીમની પ્રભાવશાળી જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તિજાની રેન્ડર્સ (16 મિનિટ), કોડી ગાક્પો (58 મિનિટ, પેનલ્ટી), ઝેવી સિમોન્સ (60 મિનિટ) અને ડોનેલ મેલેન (62 મિનિટ)ના ગોલની મદદથી નેધરલેન્ડ્સે જીત મેળવી. ટીમે સમગ્ર મેચ દરમિયાન શરૂઆતની લીડ જાળવી રાખી.

જર્મનીએ 4 વખત ટાઈટલ જીત્યું બ્રાઝિલ FIFA વર્લ્ડ કપમાં સૌથી સફળ ટીમ છે. બ્રાઝિલે સૌથી વધુ પાંચ વખત વર્લ્ડ કપ જીત્યા છે, ત્યારબાદ જર્મની અને ઈટાલીનો ક્રમ આવે છે, જેમણે ચાર-ચાર વખત જીત મેળવી છે. આર્જેન્ટિનાએ ત્રણ ટાઈટલ જીત્યા છે, જ્યારે ફ્રાન્સ અને ઉરુગ્વેએ બે-બે વખત જીત મેળવી છે. ઈંગ્લેન્ડ અને સ્પેન એક-એક વખત ટુર્નામેન્ટ જીતી ચૂક્યા છે. નેધરલેન્ડ્સ હજુ સુધી વર્લ્ડ કપ જીતી શક્યું નથી, 1974, 1978 અને 2010માં રનર્સ-અપ રહ્યું હતું. પ્રથમ વખત, 3 દેશો યજમાની કરશે 2026 FIFA વર્લ્ડ કપ યુનાઈટેડ સ્ટેટ્સ, મેક્સિકો અને કેનેડા સંયુક્ત રીતે યોજશે. ઈતિહાસમાં આ પહેલી વાર છે જ્યારે ત્રણ દેશોને વર્લ્ડ કપનું આયોજન સોંપવામાં આવ્યું છે. 2026ની સ્પર્ધા માટે 16 યજમાન શહેરોની જાહેરાત કરવામાં આવી છે. આ વર્ષે, 48 ટીમ ભાગ લેશે.



# નીતિશ રેડ્ડી બીજી ટેસ્ટ માટે ભારતીય ટીમનો ભાગ રહેશે:ગિલ ટીમ સાથે ગુવાહાટી જઈ શકે

**મુંબઈ, તા. 18**

સાઉથ આફ્રિકા સામેની બીજી ટેસ્ટ પહેલા ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીને ભારતીય ટેસ્ટ ટીમમાં પાછો બોલાવ્યો છે. તે કોલકાતા પહોંચી ગયો છે, જોકે તેણે પ્રેક્ટિસ સેશનમાં ભાગ લીધો ન હતો. શુભમન ગિલ ટીમ સાથે ગુવાહાટી જશે, પરંતુ જો તેની ઈજા હેશે, તો તેને સારવાર અને સ્વસ્થતા માટે બેંગલુરુમાં BCCI સેન્ટર ઑફ એક્સેલન્સમાં મોકલવામાં આવી શકે છે. બીજી ટેસ્ટ 22 નવેમ્બરથી ગુવાહાટીમાં રમાશે. રેડ્ડીને પહેલી ટેસ્ટ પહેલા જ રિલીઝ કરવામાં આવ્યો હતો જેથી તે સાઉથ આફ્રિકા-A સામે ઈન્ડિયા-Aની સિરીઝમાં રમી શકે. BCCI એ અગાઉ કહ્યું હતું કે તે બીજી ટેસ્ટ માટે ટીમમાં જોડાશે, પરંતુ હવે તેને શિડ્યૂલ પહેલાં જ બોલાવ્યો છે. ભારત પહેલી ટેસ્ટ હાર્યું, મેચ અઢી દિવસમાં જ સમાપ્ત થઈ ગઈ ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી પહેલી ટેસ્ટ માત્ર અઢી દિવસમાં જ સમાપ્ત થઈ ગઈ. ભારત 30 રનથી મેચ હારી ગયું. 14 નવેમ્બરના રોજ શરૂ થયેલી આ મેચ 18 નવેમ્બર સુધી ચાલુ રહેવાની યોજના હોવા છતાં, 16 નવેમ્બરના રોજ બપોરે સમાપ્ત થઈ. સાઉથ આફ્રિકાએ પ્રથમ ઈનિંગમાં 159 રન અને બીજા ઈનિંગમાં 153 રન બનાવ્યા. ઈન્ડિયા-Aમાં રેડ્ડીનું પ્રદર્શન રાજકોટમાં ઈન્ડિયા-A માટે પહેલી મેચમાં નીતિશ રેડ્ડીએ 37 રન બનાવ્યા હતા અને 1/18 ની બોલિંગ ફીગર રહી હતી. તે બીજી મેચમાં રમ્યો ન હતો. હવે, ટેસ્ટ ટીમમાં પાછા ફરવાના કારણે, તે 19 નવેમ્બરના રોજ ત્રીજી ઈન્ડિયા-A મેચ ગુમાવશે. ગિલની ફિટનેસ શંકામાં, રેડ્ડી એક વિકલ્પ હોઈ શકે છે કેપ્ટન શુભમન ગિલની ગરદનની ઈજા હજુ સંપૂર્ણપણે સાજી થઈ નથી અને બીજી ટેસ્ટમાં તેની ભાગીદારી અનિશ્ચિત છે. તેથી, ટીમ મેનેજમેન્ટને વધારાના બેટિંગ કવરની જરૂર પડી શકે છે. ભારત પાસે દેવદત્ત પડિકલ અને સાઈ સુદર્શન જેવા વિકલ્પો છે, પરંતુ બંને ડાબા હાથના બેટર છે અને ટીમમાં પહેલાથી જ ઘણા ડાબા હાથના બેટર છે, જે મેચ-અપની સમસ્યામાં વધારો કરી શકે છે. આવી સ્થિતિમાં, નીતિશ રેડ્ડી ટીમને વધુ સારું સંતુલન પૂરું પાડી શકે છે. નીચલા ક્રમમાં બેટિંગ કરીને, તે લેફ્ટી-રાઈટી જોડી જાળવી રાખવામાં મદદ કરશે અને તેની ઓલરાઉન્ડ કુશળતાથી વધારાના વિકલ્પો પૂરા પાડશે. ગુવાહાટીમાં પહેલી ટેસ્ટ, ભારતને વાપસીની આશા કોલકાતા ટેસ્ટ અઢી દિવસમાં સમાપ્ત થઈ ગઈ, અને ભારતને હારનો સામનો કરવો પડ્યો. બધાની નજર હવે ગુવાહાટીમાં રમાનારી બીજી ટેસ્ટ પર છે, જે આ સ્થળે રમાનારી પહેલી ટેસ્ટ મેચ પણ હશે. ભારત અહીં જીત મેળવીને શ્રેણી 1-1 થી બરાબર કરવાનો પ્રયાસ કરશે. સાઈ સુદર્શન અને ધ્રુવ જુરેલે એક પેડ પહેરીને પ્રેક્ટિસ કરી મંગળવારે કોલકાતામાં વૈકલ્પિક નેટ સેશન માટે ફક્ત 6 ખેલાડીઓ હાજર રહ્યા હતા. સિનિયર ખેલાડી રવીન્દ્ર જાડેજાએ લાંબો બેટિંગ સેશન રમ્યો. સાઈ સુદર્શન અને ધ્રુવ જુરેલે સ્પિનરો સામે ફક્ત એક જ પેડ પહેરીને પ્રેક્ટિસ કરી. તેનો ઉદ્દેશ્ય આગળના પગે લાંબી ચાલવાની આદત વિકસાવવાનો હતો.

# પિતા માગે છે મોત: યુવરાજના પિતા યોગરાજનું દર્દ છલકાયું

**મુંબઈ, તા. 18**

પૂર્વ દિગ્ગજ ક્રિકેટર યુવરાજ સિંહના પિતા અને એક્ટર યોગરાજ સિંહે હાલમાં જ પોતાની જિંદગી વિશે વાત કરી. તેમણે યુવરાજ સાથે બાળપણમાં થયેલી અનબન વિશે વાત કરી અને પોતાની જિંદગીના સૌથી મોટા આઘાત વિશે જણાવ્યું. યોગરાજ સિંહે એક ઈન્ટરવ્યૂમાં એકલતા, પરિવારથી અંતર અને ભાવનાત્મક દર્દ વિશે ખૂલીને જણાવતાં કહ્યું કે હવે તેઓ એકલા રહે છે અને ખાવા સુધી માટે બીજા પર નિર્ભર છે. પહેલી પત્ની શબનમ અને યુવરાજનાં ઘર છોડીને જવાને તેમણે સૌથી મોટો આઘાત ગણાવ્યો. વિન્ટેજ સ્ટુડિયોને આપેલા ઈન્ટરવ્યૂમાં યોગરાજ સિંહે પહેલી પત્ની શબનમ કૌર અને દીકરા યુવરાજના તેમને છોડીને જવાને જિંદગીનો સૌથી મોટો આઘાત ગણાવ્યો. ત્યાં જ તેમણે ખુલાસો કર્યો કે તે હવે મરવા માટે તૈયાર છે, કારણ કે હવે તે જિંદગીમાં કંઈ નથી ઈચ્છતા. તેમણે પોતાની લાઈફ વિશે વિચાર્યું અને કહ્યું કે સિનેમા અને ક્રિકેટે ભલે તેમને ભટકાવ્યા હોય. પણ અંતે તેમની જિંદગી તે જ વળાંક પર આવી ગઈ છે. જ્યાંથી તેમણે બધું શરૂ કર્યું હતું. જોકે તે પોતાના નિર્ણયોથી ખુશ છે, પણ તેમને જિંદગીમાં એકલતા પણ અનુભવાય છે.પહેલી પત્ની સાથેના સંબંધો પર યોગરાજ સિંહે કહ્યું, 'તે વળાંક પર જ્યારે યુવી અને તેની માએ મને છોડી દીધો. તેણે મને સૌથી મોટો આઘાત આપ્યો. જે સ્ત્રી માટે મેં પૂરી જિંદગી, મારી જવાની કુરબાન કરી દીધી, તેમણે મને છોડી દીધો અને ચાલ્યા ગયા. યોગરાજે કહ્યું કે તેમણે જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા, પણ હવે અવારનવાર એવું વિચારે છે કે વૃદ્ધાવસ્થામાં તેમની સાથે કોઈ કેમ નથી. તેમણે કહ્યું, 'આ ભગવાનનો ખેલ હતો, મારા માટે આ જ લખાયેલું હતું. ખૂબ ગુસ્સો હતો, બદલો લેવાની ભાવના પણ હતી. પછી ક્રિકેટ આવ્યું, પણ વચ્ચે અટકી ગયું. યુવીને ક્રિકેટ રમાડ્યું, તે રમ્યો અને જતો રહ્યો.



# કરીના કપૂરે ભત્રીજાવાદ પર પોતાના વિચારો શેર કર્યાં

**મુંબઈ, તા. 18**

કરીના કપૂર ખાન ઘણીવાર વિવિધ મુદ્દાઓ પર ખૂલીને પોતાના વિચારો વ્યક્ત કરે છે. પોતે એક સ્ટાર કિડ છે પરંતુ તેણે બોલિવૂડમાં નેપોટિઝમ વિશે ખૂલીને પોતાના વિચારો શેર કર્યા છે. હકીકતમાં, એક્ટ્રેસે તાજેતરમાં બરખા દત્તના શો 'વી ધ વુમન' માં એક ચર્ચામાં ભાગ લીધો હતો. ત્યાં તેણે તેના પ્રિવલેજ પોઝિશન વિશે વાત કરી અને જણાવ્યું કે, ઈન્ડસ્ટ્રીમાં ટકી રહેવા માટે કેટલીક બાબતો જરૂરી હોય છે. 'નેપોટિઝમથી ડેબ્યૂ મળી શકે, સફળતા નહીં' નેપોટિઝમના મુદ્દા પર વાત કરતા એક્ટ્રેસે કહ્યું, 'નેપોટિઝમ તમને ડેબ્યૂ કરવામાં મદદ કરી શકે છે, પરંતુ તે લાંબા કરિયરની ગેરંટી આપતું નથી. દર્શકોની સ્વીકૃતિ તમારા કરિયરને નક્કી કરે છે, તમારા પરિવારનું નામ નહીં.'થોડા સમય અગાઉ રાજ કપૂરના પૌત્ર અને 'ડાઈનિંગ વિથ ધ કપૂર્સ'ના સર્જક, અદાર જૈને આ જ મુદ્દા પર 'ETimes' સાથે વાત કરતા કહ્યું, 'લોકો નેપોટિઝમ વિશે વાત કરે છે, પરંતુ મને તેનો કોઈ ફાયદો થયો નથી. હા, હું રાજ કપૂરનો પૌત્ર છું અને કરીના અને રણબીર કપૂરનો સગો છું, પરંતુ તેનો અર્થ એ નથી કે હું દર વર્ષે 50 ફિલ્મોમાં કામ કરીશ અથવા સતત બ્રાન્ડ પાર્ટનરશિપ અને જાહેરાત મેળવીશ. કમનસીબે, તે અર્થમાં, હું નેપોટિઝનનું પ્રોડક્ટ રહ્યો નથી.'



# રસિકા દુગ્ગલે કહ્યું- મને દરેક શૉટ ખબર હતી, 'દિલ્હી ક્રાઈમ્સ 3'માં અલગ અવતાર દેખાશે'

**મુંબઈ, તા. 18**

ફિલ્મોથી લઈને OTT પ્લેટફોર્મ સુધી પોતાના દમદાર અભિનયથી દર્શકોનું દિલ જીતી લેનારી રસિકા દુગ્ગલ પોતાના દરેક રોલથી નવી છાપ છોડી રહી છે. 'દિલ્હી ક્રાઈમ્સ 3' હવે નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહી છે. મન્ટોથી લઈને મિર્ઝાપુર અને 'દિલ્હી ક્રાઈમ' જેવી સિરીઝો સુધીની રસિકાની સફર પ્રેરણાદાયક રહી છે. એક્ટ્રેસે તાજેતરમાં દિવ્ય ભાસ્કર સાથે ખાસ વાત કરી. અહીં કેટલીક હાઈલાઈટ્સ વાંચો... પ્રશ્ન: 'દિલ્હી ક્રાઈમ' સીઝન 3માં તમારું પાત્ર કેટલું મજબૂત અને અલગ દેખાશે? જવાબ: 'દિલ્હી ક્રાઈમ'ની ત્રીજી સીઝનમાં, નીતિ સિંહનું પાત્ર પહેલાં કરતા ઘણું અલગ અને મજબૂત હશે. અત્યાર સુધી, તમે તેનામાં સમાન પરિવર્તન જોયું હશે: સિસ્ટમમાં કામ કરવાની સમજ. આ વખતે, ખૂબ જ મુશ્કેલ નિર્ણયોનો સામનો કરવો પડશે જે સામાજિક પરંપરાઓથી અલગ પડે છે. કેટલાક વળાંકો મૂંઝવણભર્યા હશે, પરંતુ તે હિંમતથી બધું સંભાળશે. એકંદરે, તેની સફર પહેલા કરતાં વધુ પ્રમાણિક, હિંમતવાન અને પ્રભાવશાળી હશે.પ્રશ્ન: શું તમે આ વખતે પણ પોલીસ અધિકારીની ભૂમિકા ભજવવા માટે તમારી બોડી લેંગ્વેજ પર કામ કર્યું છે કે કોઈ પ્રકારનું રિસર્ચ કર્યું છે? જવાબ: સીઝન 1માં, નીતિ સિંહનું પાત્ર એક પ્રોબેશન ઓફિસર હતું. હું જે વાસ્તવિક ઓફિસરને ફોલો કરી રહી હતી તે જ હોદ્દા પર હતી.

# ગિરિજાએ કહ્યું, જાણીજોઈને છોકરીઓ સાથે અડપલાં થાય છે


## 'ગળાથી લઈને નીચે સુધી આંગળી ફેરવી':'જવાન' એક્ટ્રેસ સાથે ટ્રેનમાં છોકરાએ ગંદી હરકત કરી



**મુંબઈ, તા. 18**

શાહરુખ ખાન સાથે ફિલ્મ 'જવાન'માં એક્ટિંગ કરનારી એક્ટ્રેસ ગિરિજા ઓકે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં લોકલ ટ્રેનમાં તેની સાથે થયેલી છેડતી વિશે વાત કરી હતી. તેણે કહ્યું હતું કે ભીડમાંથી એક વ્યક્તિએ તેને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો, પરંતુ તે પ્રતિક્રિયા આપે એ પહેલાં તે વ્યક્તિ ભાગી ગઈ હતી. લલ્લનટોપ સાથેની એક મુલાકાતમાં આ ઘટના વિશે વાત કરતાં ગિરિજા ઓકે કહ્યું, 'લોકલ ટ્રેનોમાં આ રીતે સ્પર્શ કરવો અને ધક્કો મારવો એ એટલું સામાન્ય છે કે બધાને તેના વિશે ખબર છે. હું ચાલી રહી હતી અને એક છોકરો ક્યાંકથી મારી પાછળ આવ્યો, પણ મને કોઈ અવાજ સંભળાયો નહીં. તે બાજુથી આવ્યો હશે અને મારા ગળાના ઉપરના ભાગથી મારા નિતંબ સુધી આંગળી ફેરવી અને પછી અચાનક પાછળ ફરી ગયો. એક્ટ્રેસે જણાવ્યું કે તે રિએક્શન આપે એ પહેલાં જ તે માણસ ત્યાંથી ચાલ્યો ગયો હતો. ગિરિજાએ એ પણ ખુલાસો કર્યો કે તેના શાળાના દિવસોમાં એક છોકરો તેને ધમકાવતો હતો. એક દિવસ જ્યારે તે છોકરાએ તેની વેણી ખેંચી ત્યારે તેણે ગુસ્સાથી તેને થપ્પડ મારી હતી. એક્ટ્રેસે કહ્યું કે તેની દાદીએ તેને પોતાના માટે ઊભા રહેવાની હિંમત આપી. તેની દાદીએ ઘણીવાર તેને શીખવ્યું કે જે કોઈ તને પરેશાન કરે તેને કેવી રીતે મારવું.

# 'ધુરંધર'ના ડિરેક્ટરે દીપિકા પર નિશાન સાધ્યું?



**આદિત્ય ધરે કહ્યું,- અમારી ટીમે દરરોજ 16 થી 18 કલાક કામ કર્યું; કોઈએ એકવાર પણ ફરિયાદ ન કરી**

**મુંબઈ, તા. 18**

રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર'ના ટ્રેલર લૉન્ચમાં કામના કલાકો પર ચર્ચા થઈ. ડિરેક્ટર આદિત્ય ધરએ જણાવ્યું કે, આખી ટીમે, એક્ટરથી લઈને આસિસ્ટન્ટ્સ અને સ્પોટ બૉય સુધી, દોઢ વર્ષ સુધી દરરોજ 16 થી 18 કલાક સતત કામ કર્યું. રસપ્રદ વાત એ છે કે, આટલી લાંબી શિફ્ટ હોવા છતાં, કોઈએ એકવાર પણ ફરિયાદ કરી નહોતી. આદિત્ય ધરના મતે, દરેક જણ આ પ્રોજેક્ટ પ્રત્યે એટલા ઉત્સાહી હતા કે તેમને કામના કલાકોની પરવા જ નહોતી. ધ્યાન માત્ર એ વાત પર હતું કે ફિલ્મ ઉત્તમ બનવી જોઈએ. દીપિકાની માંગણી વચ્ચે ડિરેક્ટરનું નિવેદન આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે દેશભરમાં રણવીર સિંહની પત્ની દીપિકા પાદુકોણની '8 કલાકની શિફ્ટ'ની માંગ પર ચર્ચા તીવ્ર બની છે. આવા માહોલમાં, 'ધુરંધર' ટીમની આ 16-18 કલાકની દિનચર્યા વધુ ચર્ચામાં આવી ગઈ છે. રણવીર બોલ્યા- તમે માસ્ટરક્લાસ છો ટ્રેલર લૉન્ચ પર રણવીર સિંહે આર. માધવનની મહેનતનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે, માધવનને દરરોજ પોતાનો લુક તૈયાર કરવા માટે પ્રોસ્થેટિક્સમાં ત્રણથી ચાર કલાક આપવા પડતા હતા.

# સેબીની ચેતવણીના પગલે ઓક્ટોબરમાં ડિજિટલ ગોલ્ડની ખરીદીમાં 60 ટકાનો ઘટાડો

## સપ્ટેમ્બરમાં ખરીદીનો આંક રૂ. 1410 કરોડ પરથી ઘટી ઓક્ટોબરમાં 550 કરોડ રહ્યો

મુંબઈ, તા.18

યુપીઆઈના ઉપયોગ દ્વારા ડિજિટલ ગોલ્ડની ખરીદી ઓક્ટોબરમાં ૬૦ ટકા જેટલી ઘટી વર્તમાન વર્ષની સૌથી નીચી સપાટીએ રહી હતી. ડિજિટલ ગોલ્ડ પર કોઈ નિયમન નહીં હેવાની વારંવારની ચેતવણીને પરિણામે ખરીદી પર અસર પડી હોવાનું માનવામાં આવે છે.

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા જે યુપીઆઈ વ્યવસ્થા પૂરી પાડે છે તેના ડેટા પ્રમાણે સપ્ટેમ્બરમાં ડિજિટલ ગોલ્ડની ખરીદીનો આંક જે રૂપિયા ૧૪૧૦ કરોડ હતો તે ઓકટોબરમાં ઘટી રૂપિયા ૫૫૦ કરોડ પર આવી ગયો છે.




વર્તમાન વર્ષમાં ડિજિટલ ગોલ્ડની સરેરાશ ખરીદી રૂપિયા ૯૫૧ કરોડ રહી છે. ડિજિટલ ગોલ્ડની ખરીદી માટે યુપીઆઈ એક સૌથી લોકપ્રિય પદ્ધતિ છે.

અગાઉ વર્તમાન મહિનામાં સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ જણાવ્યું હતું કે ડિજિટલ ગોલ્ડ પર કોઈપણ સંસ્થાનું નિયમન નથી.

આ પહેલા કેટલાક ડિજિટલ નિષ્ણાતોએ પણ રોકાણકારોને ચેતવણી આપી હતી અને જણાવ્યું હતું કે, ડિજિટલ ગોલ્ડનું વેચાણ કરતા પ્લેટફોર્મ્સ બંધ પડી જવાના કિસ્સામાં રોકાણકારોએ તેમના નાણાં મેળવવાનું મુશકેલ બની જાય છે.

યુપીઆઈ મારફત ઓગસ્ટમાં ડિજિટલ ગોલ્ડ ખરીદીના વ્યવહાર જે ૧૦ કરોડ રહ્યા હતા તે સપ્ટેમ્બરમાં વધી ૧૦.૩૦ કરોડ રહ્યા હતા અને ઓક્ટોબરમાં ૮૦ ટકા ઘટાડો થઈ ૨.૧૦ કરોડ નોંધાયો હતો.

વર્તમાન વર્ષમાં વિવિધ પેમેન્ટ એપ્સ મારફત ડિજિટલ ગોલ્ડનું વેચાણ જે જાન્યુઆરીમાં રૂપિયા ૭૬૨ કરોડ રહ્યું હતું તે સપ્ટેમ્બરમાં વધી રૂપિયા ૧૪૧૦ કરોડ પર પહોંચી ગયું હતું.

સોનાના ભાવમાં વધારો અને સેફ હેવન ગુણવત્તા તથા ઓનલાઈન મારફત ખરીદીમાં સરળતાને પરિણામે ડિજિટલ ગોલ્ડની ખરીદીમાં રોકાણકારોના રસમાં તાજેતરમાં વધારો જોવા મળ્યો છે.

વર્તમાન મહિનાના પ્રથમ સપ્તાહમાં બજાર નિયામક સેબીએ જણાવ્યું હતું કે, 'ડિજિટલ ગોલ્ડ' પ્રોડક્ટસ સેબી દ્વારા નિયંત્રિત ગોલ્ડ પ્રોડક્ટસથી ભિન્ન છે, કારણ કે તે ન તો સિક્યુરિટીઝ તરીકે વર્ગીકૃત છે કે ન તો કોમોડિટી ડેરિવેટિવ્ઝ તરીકે નિયંત્રિત છે. ડિજિટલ ગોલ્ડ સંપૂર્ણપણે સેબીના કાર્યક્ષેત્રની બહાર કાર્ય કરે છે. આવા ડિજિટલ ગોલ્ડ પ્રોડક્ટસ રોકાણકારો માટે નોંધપાત્ર જોખમો લાવી શકે છે.

રોકાણકારોમાં સોનાની ખરીદી અથવા રોકાણમાં રસ વધી રહ્યો હોવાથી ઘણા ઓનલાઈન પ્લેટફોર્મ આવી ગયા છે, જે એવા પ્રોડક્ટસ ઓફર કરી રહ્યા છે, જે સેબી દ્વારા કોઈપણ રીતે નિયંત્રિત નથી.

# સેન્સેક્સ 277 પોઈન્ટ ઘટીને 84,673 પર બંધ : નિફ્ટીમાં પણ 103 પોઈન્ટ ઘટાડો, ફાઇનાન્સ અને આઈટી શેરોમાં વેચવાલી રહી

મુંબઈ, તા.18

18 નવેમ્બરના રોજ શેરબજારમાં ઘટાડો થયો હતો. સેન્સેક્સ 277 પોઈન્ટ ઘટીને 84,673 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 103 પોઈન્ટ ઘટીને 25,910 પર બંધ થયો હતો.

સેન્સેક્સના 30 શેરમાંથી 23 શેર ઘટ્યા અને 7 શેર વધ્યા. આજે ફાઈનાન્સ, આઈટી અને ઓટો શેરોમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો. ટેક મહિન્દ્રા 2.21% ઘટીને બંધ થયો, જ્યારે ઈન્ફોસિસ 1.33% ઘટ્યો. એશિયન બજારો: જાપાનનો નિક્કેઈ 1.77% ઘટીને 49,432 પર, કોરિયાનો કોસ્પી 2.24% ઘટીને 3,997 પર અને હોંગકોંગનો હેંગ સેંગ 1.38% ઘટીને 26,019 પર કારોબાર કરી રહ્યો છે. યુએસ બજાર: 17 નવેમ્બરના રોજ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 1.18% ઘટીને 46,590 પર બંધ થયો. નેસ્ડેક કમ્પોઝિટ 0.84% અને S&P 500 0.92% ઘટીને બંધ થયો. વિદેશી vs સ્થાનિક રોકાણકારો 17 નવેમ્બરના રોજ, વિદેશી રોકાણકારો (FIIs) એ 771 કરોડના શેર ખરીદ્યા, અને સ્થાનિક રોકાણકારો (DIIs - આપણા દેશના મોટા ભંડોળ) એ 1200 કરોડના શેર ખરીદ્યા. આ મહિનામાં અત્યાર સુધીમાં - FIIs એ 13210 કરોડના શેર વેચ્યા, DIIs એ 42817 કરોડના શેર ખરીદ્યા. એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસનો IPO 19 નવેમ્બરે ખુલશે એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસનો પ્રારંભિક જાહેર ઓફર (IPO) 19 નવેમ્બરના રોજ ખુલશે અને 21 નવેમ્બરના રોજ બંધ થશે. બુક-બિલ્ટ ઈશ્યૂ 500 કરોડનો છે, જેમાં 180 કરોડના મૂલ્યના 1.50 કરોડ શેરનો નવો ઈશ્યૂ છે. વધુમાં, 320 કરોડમાં 26.7 મિલિયન શેરનો ઓફર ફોર સેલ (OFS) ઓફર કરવામાં આવશે. પ્રાઈસ બેન્ડ 114 થી 120 પ્રતિ શેર છે.



# વિશ્વ બજાર પાછળ સોનાચાંદીમાં સ્થિરતા

મુંબઈ, તા.17

અમેરિકામાં મહત્વના આર્થિક ડેટાની વર્તમાન સપ્તાહમાં જાહેરાત પહેલા સોનામાં સ્થિરતા જોવા મળી હતી.ફેડરલ રિઝર્વનો વ્યાજ દર અંગેનો નિર્ણય મહત્વના ડેટા પર નિર્ભર રહેતો હોવાથી બજારની નજર આ ડેટા પર રહેલી છે. ગુરુવારે નોનફાર્મ પેરોલ ડેટા જાહેર થવા પહેલા બજારમાં સાવચેતીનો સૂર જોવાયો હતો. વ્યાજ દરમાં ઘટાડો આવશે તેવી શકયતા જોનારાઓની ટકાવારી ઘટી ૫૦ની અંદર ઊતરી ગઈ છે.

ઘરઆંગણે મુંબઈ ઝવેરી બજારમાં ૯૯.૯૦ દસ ગ્રામ સોનાના જીએસટી વગરના ભાવ રૂપિયા ૧,૨૨,૯૨૪ મુકાતા હતા. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા મુકાતા હતા. ૯૯.૫૦ સોનાના જીએસટી વગર રૂપિયા ૧,૨૨,૪૩૨ બોલાતા હતા. ચાંદી .૯૯૯ એક કિલોના જીએસટી વગર રૂપિયા ૧,૫૪,૯૩૩ મુકાતા હતા. અમદાવાદ બજારમાં સોનુ ૯૯.૯૦ પ્રતિ દસ ગ્રામ રૂપિયા ૧,૨૭,૦૦૦ બોલાતુ હતું. ૯૯.૫૦ સોનાના દસ ગ્રામ દીઠ ભાવ રૂપિયા ૧,૨૬,૭૦૦ રહ્યો હતો. ચાંદી .૯૯૯ એક કિલોના રૂપિયા ૧,૫૮,૦૦૦ કવોટ થતા હતા. વિશ્વ બજારમાં સોનુ પ્રતિ ઔંસ ૪૦૮૫ ડોલર બોલાતુ હતું. ચાંદી ઔંસ દીઠ ૫૦.૮૮ ડોલર કવોટ થતી હતી. પ્લેટિનમ ઔંસ દીઠ ૧૫૫૨ ડોલર જ્યારે પેલેડિયમ ૧૪૦૭ ડોલર કવોટ થતું હતું.

ચોક્કસ પ્રકારની પ્લેટિનમ જ્વેલરી પર ભારત સરકારે તાત્કાલિક રીતે અમલમાં આવે તે રીતે આયાત અંકૂશ મૂકી દીધા છે. આ અંકૂશ ૩૦ એપ્રિલ,૨૦૨૬ સુધી લાગુ રહેશે એમ ડાયરેકટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડના એક નોટિફિકેશનમાં જણાવાયું છે.

પ્લેટિનમ જ્વેલરીની આયાતને મુકતમાંથી મર્યાદિત આયાત યાદીમાં આવરી લીધી છે. ચોક્કસ પ્રકારની જ્વેલરીની આયાત કરવા આયાતકારોએ હવેથી ડાયરેકટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડનું લાયસન્સ મેળવવાનું રહેશે. ડોલર ૧૨ પૈસા ઘટી ૮૮.૬૩ રૂપિયા રહ્યો હતો. પાઉન્ડ ૫ પૈસા ઘટી રૂપિયા ૧૧૬.૬૯ જ્યારે યુરો ૩૦ પૈસા ઘટી રૂપિયા ૧૦૨.૮૪જોવાયો હતો. રશિયાના નિકાસ ટર્મિનલો ખાતે ક્રુડ તેલના લોડિંગ ફરી શરૂ થયાના અહેવાલે ક્રુડ તેલમાં સ્થિરતા જોવા મળી હતી.

# ભારત-અમેરિકા વચ્ચે ઐતિહાસિક ડીલ, LPGની મોટી માત્રામાં કરશે આયાત, શું સિલિન્ડર સસ્તા થશે....?

મુંબઈ, તા.17

ભારતે યુએસ પાસેથી LPG આયાત કરવા માટે પોતાનો પ્રથમ લાંબા ગાળાનો કરાર કર્યો છે. સરકારનું કહેવું છે કે વૈશ્વિક અસ્થિરતા વચ્ચે આ પગલું દેશની ઊર્જા સુરક્ષા મજબૂત કરશે અને પુરવઠાના સ્રોતોમાં વિવિધતા લાવશે.

કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ સોમવારે જાહેરાત કરી કે સરકારી ઓઈલ કંપનીઓએ વર્ષ 2026 માટે યુએસ ગલ્ફ કોસ્ટમાંથી વાર્ષિક આશરે 2.2 મિલિયન ટન(MTPA) LPG આયાત કરવા માટે એક વર્ષનો કરાર કર્યો છે. આ જથ્થો ભારતની વાર્ષિક LPG આયાતનો લગભગ $10 છે.

આ યુએસ સાથે ભારતનો અત્યાર સુધીનો પ્રથમ સંરચિત LPG ખરીદી કરાર છે અને તેને Mont Belvieu સાથે બેન્ચમાર્ક કરવામાં આવ્યો છે, જે LPG માટેનું મુખ્ય US પ્રાઈસિંગ હબ છે. ઈન્ડિયન ઓઈલ કૉર્પોરેશન(IOC), ભારત પેટ્રોલિયમ કૉર્પોરેશન લિ.



(BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કૉર્પોરેશન લિ. (HPCL)ના અધિકારીઓની એક સંયુક્ત ટીમ છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન મુખ્ય અમેરિકન ઉત્પાદકો સાથે વાટાઘાટો કરવા માટે યુએસ ગઈ હતી.

કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું કે, 'આ એક ઐતિહાસિક પ્રથમ પગલું છે, જે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા LPG બજારોમાંનું એક હવે ઔપચારિક રીતે યુએસના પુરવઠા માટે ખુલી રહ્યું છે. ભારતના લોકોને સુરક્ષિત અને સસ્તું LPG પૂરું પાડવાના અમારા પ્રયાસમાં, અમે અમારા સ્રોતોમાં વિવિધતા લાવી રહ્યા છીએ. આ સોદો તે દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.'

ભારત વિશ્વનો બીજો સૌથી મોટો LPG ગ્રાહક છે. ઉજ્જવલા યોજનાના વિસ્તરણને કારણે તેની માંગ વધી છે અને હાલમાં ભારત તેની 50%થી વધુ LPG જરૂરિયાત પશ્ચિમ એશિયામાંથી આયાત કરે છે. યુએસ પાસેથી મોટો હિસ્સો મેળવવાનો આ નિર્ણય પરંપરાગત સપ્લાયરો પરની નિર્ભરતા ઘટાડવા, પુરવઠાની સ્થિરતા સુધારવા અને વૈશ્વિક ભાવના તીવ્ર ઉછાળા સામે ભાવના જોખમને ઘટાડવા અથવા નિયંત્રિત કરવા માટેની ભારતની વ્યૂહરચનાનો ભાગ છે.

કેન્દ્રીય મંત્રી પુરીએ જણાવ્યું હતું કે, 'ગયા વર્ષે વૈશ્વિક LPGના ભાવ 60%થી વધુ વધ્યા હોવા છતાં, સરકારે 40,000 કરોડથી વધુ ખર્ચ કરીને ગ્રાહકોને વાજબી ભાવ આપીને રાહત આપી હતી, જેનાથી ઉજ્જવલાના લાભાર્થીઓએ 1100ના વાસ્તવિક ખર્ચ સામે માત્ર 500-550 ચૂકવ્યા હતા.

તેમણે યુએસ સાથેના આ કરારને ભારતીય પરિવારો માટે 'સુરક્ષિત, સસ્તું અને ભરોસાપાત્ર LPG પુરવઠો' સુનિશ્ચિત કરવાની દિશામાં બીજું પગલું ગણાવ્યું. આ કરાર ભારત-યુએસ ઊર્જા સહયોગને ગાઢ બનાવશે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ માટે, પુરવઠામાં વિવિધતા સપ્લાય-ચેઈનનું જોખમ ઘટાડે છે અને ભાવ સ્થિરતા વધારે છે. ગ્રામીણ વિસ્તારોમાં LPG બજાર વિસ્તરી રહ્યું હોવાથી, સ્રોતોનું વધુ વૈવિધ્યકરણ સરકારની મુખ્ય પ્રાથમિકતા રહેશે.

# ટ્રમ્પ બેકફૂટ પર....:ભારતનાં ચા-કોફી-મસાલા પરથી 50% ટેરિફ હટાવ્યો.....

નવી દિલ્હી, તા.17

અમેરિકાએ ભારતનાં કોફી, ચા, મસાલા, ટ્રોપિકલ ફ્રૂટ્સ અને ફ્રૂટ જ્યૂસ જેવી પ્રોડક્ટ્સ પર લગાવેલા 50% રેસિપ્રોકલ ટેરિફને પાછો ખેંચી લીધો છે. આનાથી લગભગ 1 અબજ ડોલર (આશરે 9,000 કરોડ)ના કૃષિ નિકાસને મોટી રાહત મળશે.

આ છૂટ 12 નવેમ્બરના રોજ વ્હાઈટ હાઉસના એક્ઝિક્યુટિવ ઓર્ડરથી જારી થઈ અને 13 નવેમ્બરથી લાગુ થઈ ગઈ છે. અમેરિકાએ રશિયન તેલ ખરીદવાના કારણે ભારત પર 50% ટેરિફ લગાવ્યો હતો. અમેરિકામાં ખાણી-પીણીની વસ્તુઓના ભાવ સતત વધવાના કારણે ટ્રમ્પ પ્રશાસન બેકફૂટ પર આવી ગયું.

નાણાકીય વર્ષ 2025માં ભારતનો અમેરિકાને કૃષિ નિકાસ 2.5 અબજ ડોલર (22 હજાર કરોડ) નો હતી, જેમાંથી 9 હજાર કરોડની નિકાસ હવે ટેક્સ-ફ્રી થઈ ગઈ છે. આ વાતની જાણકારી કોમર્સ મિનિસ્ટ્રીએ 17 નવેમ્બરના રોજ આપી છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT)એ કહ્યું હતું કે આનાથી ભારતીય નિકાસકારોને લેવલ પ્લેઈંગ ફિલ્ડ મળશે. ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ હવે લગભગ અંતિમ તબક્કામાં છે. ભારતના વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતુ કે અમેરિકાની ભારતીય બજારમાં પહોંચની માગ, 25% રેસિપ્રોકલ ટેરિફ અને કાચા તેલ પર વધારાની 25% ડ્યૂટી જેવા મુદ્દાઓ પર સહમતી લગભગ સધાઈ ચૂકી છે. તેમણે કહ્યું હતું કે અમે જલદી જ એને અંતિમ સ્વરૂપ આપીશું. બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલ પર આ વર્ષે ફેબ્રુઆરીથી વાતચીત ચાલી રહી છે. અમેરિકાએ ત્યાં ઓછી માત્રામાં ઉત્પાદિત થતાં ઉત્પાદનો પરના ટેરિફ હટાવી દીધા છે. વાણિજ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, 358.66 મિલિયન ડોલર (લગભગ 3,200 કરોડ)ના મૂલ્યની મસાલાની નિકાસ હવે કરમુક્ત છે. એવી જ રીતે 491.31 મિલિયન ડોલર (લગભગ 4,345 કરોડ)ની કિંમતની 50 પ્રોસેસ્ડ ફૂડ વસ્તુઓ અને 82.54 મિલિયન ડોલર (લગભગ 731 કરોડ)ની કિંમતની ચા અને કોફીની નિકાસમાં રાહત મળી છે.

# 2647 કંપનીઓનો સંયુક્ત નફો 10 ટકા વધ્યો, છેલ્લા છ ક્વાર્ટરમાં શ્રેષ્ઠ

## કોમોડિટી કંપનીઓની કમાણીમાં વધારો થતા કોર્પોરેટ ક્ષેત્રની નફા વૃધ્ધિમાં સુધારો જોવા મળ્યો

અમદાવાદ, તા.18

ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટર (જુલાઈ-સપ્ટેમ્બર)માં કોર્પોરેટ નફામાં વૃદ્ધિમાં સુધારો થયો છે, પરંતુ આ વૃદ્ધિ મુખ્યત્વે કોમોડિટી ઉત્પાદકો દ્વારા જોવાઈ હતી. અન્ય ક્ષેત્રોની કંપનીઓએ વધુ ખરાબ કમાણી નોંધાવી હતી જેથી ક્વાર્ટર દરમિયાન આવક અને નફામાં વૃદ્ધિ ધીમી પડી હતી.

નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરમાં પરિણામો નોંધાવનારી ૨,૬૪૭ લિસ્ટેડ કંપનીઓનો સંયુક્ત ચોખ્ખો નફો ૧૦.૮% વધ્યો છે, જે છેલ્લા છ ક્વાર્ટરમાં શ્રેષ્ઠ છે. બેંકો, નાણાકીય સેવાઓ, વીમા અને બ્રોકિંગ (બીએફએસઆઈ) સિવાય, અન્ય કંપનીઓએ પ્રમાણમાં સારું પ્રદર્શન કર્યું હતું,




બીજા ક્વાર્ટરમાં સંયુક્ત નફો ૧૫.૩% વધ્યો, જે નાણાકીય વર્ષ ૨૦૨૪ ના ત્રીજા ક્વાર્ટર પછીનો શ્રેષ્ઠ વિકાસ છે.

જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરમાં નોન-બીએફએસઆઈ અને નોન-કોમોડિટી ઉત્પાદક કંપનીઓનો સંયુક્ત ચોખ્ખો નફો માત્ર ૬.૩% વધ્યો હતો, જે ૧૭ ક્વાર્ટરમાં સૌથી ધીમો વૃદ્ધિ દર છે. તેની તુલનામાં, આ કંપનીઓનો સંયુક્ત ચોખ્ખો નફો પાછલા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં ૧૧.૪% અને નાણાકીય વર્ષ ૨૦૨૬ ના પ્રથમ ક્વાર્ટરમાં ૬.૮% વધ્યો હતો.

નાણાકીય વર્ષ ૨૦૨૬ ના બીજા ક્વાર્ટરના પરિણામો ઓટોમોબાઈલ, આઈટી અને બેંકિંગ સહિત ગ્રાહક માંગમાં સતત નબળાઈ દર્શાવે છે. તેનાથી વિપરીત, ધાતુઓ, તેલ અને ગેસ અને મૂડી માલ જેવા કેટલાક ચક્રીય અને રોકાણ-લક્ષી ક્ષેત્રોમાં કંપનીઓએ વધુ સારું પ્રદર્શન કર્યું હતું.

લિસ્ટેડ કંપનીઓનો સંયુક્ત ચોખ્ખો નફો નાણાકીય વર્ષ ૨૦૨૬ ના બીજા ક્વાર્ટરમાં વધીને આશરે રૂા. ૩.૬૨ લાખ કરોડ થયો છે, જે પાછલા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં આશરે રૂા. ૩.૨૭ લાખ કરોડ હતો, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં વધીને રૂા. ૩.૭૭ લાખ કરોડ થયો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬ ના બીજા ક્વાર્ટરમાં BFSI સિવાયની કંપનીઓનો કુલ નફો વધીને આશરે રૂા. ૨.૩ લાખ કરોડ થયો છે, જે પાછલા નાણાકીય વર્ર્ષના સમાન સમયગાળામાં આશરે રૂા. ૨ લાખ કરોડ હતો, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં આશરે રૂા. ૨.૪૪ લાખ કરોડ કરતા ઓછો હતો. તેની સરખામણીમાં, બીએફએસઆઈ અને કોમોડિટી કંપનીઓ સિવાયની કંપનીઓનો કુલ ચોખ્ખો નફો પાછલા નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં રૂા. ૧.૪૪ લાખ કરોડથી વધીને ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં રૂા. ૧.૫૩ લાખ કરોડ થયો છે.

# નિકાસકારો માટે જાહેર કરાયેલા રાહતના પગલાંથી રૂપિયા પર દબાણ આવશે....

## વિદેશી ખરીદદારો પાસેથી ડોલર મેળવવામાં નિકાસકારો ઢીલ કરશે

મુંબઈ, તા.18

અમેરિકા દ્વારા લાગુ કરાયેલા ટેરિફને કારણે પડકારોનો સામનો કરી રહેલા દેશના નિકાસકારોને રાહત પૂરી પાડવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા નિકાસકારો માટે જાહેર કરાયેલા રાહતના પગલાંથી રૂપિયા પર દબાણ આવશે એમ કેટલાક બેન્કરો માની રહ્યા છે.

નિકાસકારોને લોનના રિપેમેન્ટસમાં અપાયેલા ચાર મહિનાના મોરેટોરિઅમને કારણે નિકાસકારો તેમના વિદેશ વેપાર મારફતની ડોલરના સ્વરૂપની આવકને સ્વદેશ લાવવામાં ઢીલ કરશે જેને કારણે ડોલરનો પૂરવઠો ખોરવાઈ જવાની શકયતા નકારાતી નથી એમ એક બેન્કરે જણાવ્યું હતું.



શુક્રવારે જાહેર કરેલા કેટલાક નિર્ણયોમાં એક નિકાસ મારફત થયેલી આવકને સ્વદેશ લાવવાનો સમયગાળો ૯ મહિનાથી વધારી ૧૫ મહિના કરાયો છે. સમયગાળો વધારવામાં આવતા ડોલરની આવક ઢીલમાં પડશે. નિકાસકારો તેમના ખરીદદારો પાસેથી પેમેન્ટસ મેળવવામાં ઉતાવળ નહીં કરે એમ એક બેન્કરે જણાવ્યું હતું.

નિકાસકારો આમપણ હેજિંગ કરવામાં સાવચેતી ધરાવી રહ્યા છે ત્યારે ડોલર સ્વદેશ લાવીને તેને રૂપિયામાં કન્વર્ટ કરવામાં તેઓ વધુ સમય લઈ લેશ.

ડોલરનો પૂરવઠો ખોરવાશે તો રૂપિયા સામે તેની કિંમત વધુ નબળો પડી શકે છે, જેનો લાભ છેવટે નિકાસકારોને જ થશે એમ અન્ય એક બેન્કરે જણાવ્યું હતું. વર્તમાન વર્ષમાં અન્ય કરન્સીસની સરખામણીએ ડોલર સામે રૂપિયાની કામગીરી નબળી રહી છે. ડોલર સામે રૂપિયો વર્તમાન વર્ષમાં ૩.૫૦ ટકા જેટલો ઘટયો છે.

ટેરિફના દબાણને કારણે નિકાસકારો સામે ઊભા થયેલા પડકારને ધ્યાનમાં રાખી તેમને નાણાંનો પ્રવાહ જળવાઈ રહે તે હેતુ સાથે રિઝર્વ બેન્કના રાહતના પગલાં આવી પડયા છે.

# માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓમાં 450 લાખ ખાતાઓનો ઘટાડો, મોટી ચિંતાનો વિષય

અમદાવાદ, તા.17

માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓમાં ગયા વર્ષ દરમિયાન લોન ખાતાઓની સંખ્યામાં ૪૫૦ લાખનો ઘટાડો અને બાકી રકમમાં ઘટાડો માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ માટે ચિંતા અને તણાવનો વિષય છે અને આ ક્ષેત્રે આ મુદ્દા પર આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. જરૂરિયાતમંદ લોકો ઊંચા વ્યાજ દરે ઉધાર લઈ શકે છે પરંતુ ચૂકવણી કરી શકતા નથી તેમ નાણાકીય સેવાઓ વિભાગના સુત્રોએ જણાવ્યું હતું. માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ દ્વારા વસૂલવામાં આવતા વ્યાજ દરો ઊંચા છે. ઊંચા વ્યાજ દર વાસ્તવમાં માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓના સંગઠનમાં બિનકાર્યક્ષમતાને કારણે છે. વ્યાજ દરને વાજબી સ્તરે રાખવા એ



નાણાકીય સમાવેશ માટે મહત્વપૂર્ણ છે. સપ્ટેમ્બર સુધીમાં લોન ખાતાઓની સંખ્યામાં ૪૫૦ લાખનો ઘટાડો થયો છે.

લોન ખાતાઓમાં કુલ બાકી રકમ માર્ચ ૨૦૨૪ માં રૂા. ૪.૪ લાખ કરોડથી ઘટીને સપ્ટેમ્બર ૨૦૨૫ માં ?૩.૪ લાખ કરોડ થઈ ગઈ છે. માઈક્રોફાઈનાન્સ ક્ષેત્ર આર્થિક અને સમાવેશી વિકાસનો સૌથી મહત્વપૂર્ણ સ્તંભ બની ગયું છે અને દેશમાં નાણાકીય સમાવેશ સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. મોટી સંખ્યામાં ચાલુ સરકારી યોજનાઓ હોવા છતાં, હજુ પણ ઘણા યુવાનોને ભંડોળ પૂરું પાડવાની જરૂર છે. સરકાર નાણાકીય સમાવેશ અને મહિલા સશક્તિકરણ માટે માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓને ટેકો આપવાનું ચાલુ રાખશે, પરંતુ માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓમાં હજુ પણ જુસ્સો અને પ્રતિબદ્ધતાનો અભાવ છે. આ ક્ષેત્રે યુવા પેઢીને આકર્ષવાની જરૂર છે. માઈક્રોફાઈનાન્સ સામાન્ય રીતે બેંકો, નોન-બેંકિંગ નાણાકીય સંસ્થાઓ, સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા અને નેશનલ એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટ બેંક પાસેથી ભંડોળ મેળવે છે. તેઓ બોન્ડ દ્વારા પણ ભંડોળ એકત્ર કરે છે. માર્ચ ૨૦૨૫ ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષમાં માઈક્રોફાઈનાન્સ ભંડોળ અડધાથી વધુ ઘટીને ?રૂ. ૫૮,૧૦૯ કરોડ થયું હતું.

# ભારતની જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસ 31 ટકા ઘટીને 2.17 અબજ ડોલર

## ઓક્ટોબરમાં પોલિશ્ડ લેબ-ગ્રોન હીરાની નિકાસમાં ૩૫%નો ઘટાડો, કટ અને પોલિશ્ડ હીરાની નિકાસ 27% ઘટી

અમદાવાદ, તા.18

ઓક્ટોબર ૨૦૨૫માં ભારતના રત્નો અને ઝવેરાત ક્ષેત્રની નિકાસમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ અનુસાર કુલ નિકાસ ૩૦.૫૭ ટકા ઘટીને ૨.૧૭ અબજ ડોલર થઈ ગઈ છે. આ સિવાય આયાત પણ ૧૯.૨ ટકા ઘટીને ૧.૨૭ અબજ ડોલર થઈ ગઈ છે.આ ઘટાડો યુએસ, યુરોપ અને ચીન જેવા મુખ્ય બજારોમાં નબળી માંગ, ધીમી વૈશ્વિક વૃદ્ધિ અને યુએસ ટેરિફની અસરને કારણે થયો હતો.

ઓક્ટોબરમાં કટ અને પોલિશ્ડ હીરાની નિકાસ ૨૭ ટકા ઘટીને ૧.૦૨ અબજ ડોલર થઈ છે.



આયાતમાં પણ ૩૫.૮ ટકાનો ઘટાડો આવ્યો છે. આ ક્ષેત્ર હજુ પણ યુએસ ટેરિફ અને ઓછી કિંમતના લેબગ્રોન હીરાના વધતા હિસ્સાથી પ્રભાવિત છે. ઘણા ઉત્પાદકોએ ઉત્પાદન ઘટાડયું છે અને નવી આયાત વધારવાને બદલે જૂના સ્ટોકના ક્લિયરન્સ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

એપ્રિલ અને ઓક્ટોબર વચ્ચે રફ ડાયમંડની કુલ આયાત ૬.૪૫ અબજ ડોલર હતી, જે ગયા વર્ષ જેટલી જ હતી, પરંતુ વોલ્યુમમાં ૬.૬ ટકાનો ઘટાડો થયો છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે કંપનીઓ જૂજ માત્રામાં ખરીદવાને બદલે ઉચ્ચ મૂલ્યના રફ ડાયમંડ ખરીદી રહી છે.એપ્રિલ અને ઓક્ટોબર વચ્ચે ૧૨.૯૫ ટકાનો ઘટાડાની સામે ઓક્ટોબરમાં પોલિશ્ડ લેબ-ગ્રોન હીરાની નિકાસમાં ૩૪.૯ ટકાનો ઘટાડો થયો હતો. વૈશ્વિક સપ્લાયમાં વધારો, સોનાના ઊંચા ભાવ અને ગ્રાહકોની પસંદગીઓમાં ફેરફાર આ ઘટાડા માટે મુખ્ય કારણો હતા.

ઓક્ટોબરમાં સાદા સોનાના દાગીનાની નિકાસમાં ૩૯ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે સમગ્ર વર્ષ દરમિયાન એકંદર વૃદ્ધિ ૨૯.૭ ટકા હતી. ૫૦ ટકા યુએસ ટેરિફથી ઓછી સ્પર્ધાત્મક બનતા સ્ટડેડ સોનાના દાગીનાની નિકાસમાં ૨૧.૪ ટકાનો ઘટાડો થયો હતો. ઓક્ટોબરમાં સોનાના દાગીનાની નિકાસમાં ૨૪.૬ ટકાનો ઘટાડો થયો હતો. જોકે એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન કુલ નિકાસમાં ૧૧.૯ ટકાનો વધારો થયો છે. યુએસ ટેરિફ અને રેકોર્ડ સોનાના ભાવને કારણે ઓર્ડર ૨૬ થયા હતા અને માંગ ઓછી થઈ હતી.

એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન ચાંદીના દાગીનાની નિકાસમાં ૯.૯ ટકાનો વધારો થયો હતો. સોનાના ઊંચા ભાવને કારણે, યુવા ગ્રાહકો વધુને વધુ સસ્તા ચાંદીના ડિઝાઈન પ્રોડક્ટો પસંદ કરી રહ્યા છે. કલર્ડ જેમસ્ટોનની નિકાસમાં ૩.૨ ટકાનો ઘટાડો થયો છે.

# 50 લાખની ખંડણી માંગતા કુખ્યાત વિશાલ ગોસ્વામી સહિત ત્રણને પાંચ વર્ષની કેદની સજા

**અમદાવાદ, તા.18**

અમદાવાદમાં 50 લાખ રૂપિયાની ખંડણી માંગવાના ચકચારભર્યાં કેસમાં મેટ્રોપોલીટન કોર્ટે કુખ્યાત ખંડણીખોર વિશાલ ગોસ્વામી સહિત ત્રણ આરોપીઓને પાંચ-પાંચ વર્ષની કેદની સજા ફટકારતો ચુકાદો જાહેર કર્યો છે. વધુમાં કોર્ટે આરોપી વિશાલ ગોસ્વામી અને રિન્કુ ગોસ્વામીને 1.75 લાખ રૂપિયા અને અન્ય આરોપીઓ સતીષ ગોસ્વામીને ચાર-ચાર લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. કોર્ટે દંડની રકમ ફરિયાદીને વળતર પેટે ચૂકવી આપવા પણ હુકમમાં ઠરાવ્યું હતું. આ કેસમાં અન્ય ચાર આરોપીઓને કોર્ટે શંકાનો લાભઆપી નિર્દોષ ઠરાવી છોડી મૂક્યા હતા.

કોર્ટે આરોપી વિશાલ ગોસ્વામી, રિન્કુ ગોસ્વામી અને સતીષ ગોસ્વામીને સજા ફટકારતાં ચુકાદામાં જણાવ્યું કે, આરોપીઓ સામે 50 લાખ રૂપિયાની ખંડણી




માંગવાનો કેસ નિશંકપણે પુરવાર થાય છે, તે જોતાં ન્યાયના હિતમાં આરોપીઓને યોગ્ય સજા કરવાની ન્યાયોચિત લેખાશે.

ચકચારભર્યા કેસના ટ્રાયલ દરમિયાન રાજ્ય સરકાર તરફથી સ્પેશ્યલ પબ્લીક પ્રોસીક્યુટર ચેતન શાહ અને અધિક સરકારી વકીલ કમલેશ જૈને કોર્ટ સમક્ષ પૂરતા સાક્ષીઓ તપાસી અને દસ્તાવેજી પુરાવાઓ અદાલતના રેકર્ડ પર મૂકતાં જણાવ્યું હતું કે, શહેરના નારણપુરા વિસ્તારમાં રહેતા જ્વેલર્સ હર્ષદ ઝીંઝુવાડિયાને વર્ષ 2014-2015 દરમિયાન કુખ્યાત વિશાલ ગોસ્વામી સહિતના આરોપીઓએ જુદા જુદા નંબરો પરથી ફોન કરી ધમકીઓ આપી હતી અને 50 લાખ રૂપિયાની ખંડણી માંગી હતી. આરોપીઓએ ખંડણીની રકમ જમા કરાવવા માટે જુદા જુદા બેન્ક એકાઉન્ટ નંબરો પણ આપ્યા હતા. જેમાં હર્ષદભાઈ દ્વારા 11 લાખ રૂપિયા જેટલી રકમ પણ જમા કરાવાઈ હતી. જે પૈસા બાદમાં આરોપીઓએ ખાતામાંથી ઉપાડી લીધા હતા.

આ સમગ્ર મામલે હર્ષદભાઈના પુત્ર ધર્મેશભાઈએ શહેર ક્રાઈમ બ્રાન્ચમાં ખંડણીખોર વિશોલ ગોસ્વામી, રિન્કુ ગોસ્વામી, સતીષગીરી ગોસ્વામી સહિતના આરોપીઓ સામે ફરિયાદ નોધાવી હતી. સરકારપક્ષ તરફથી અદાલતનું ધ્યાનદોરતાં જણાવ્યું કે, આરોપીઓ શહેરના જુદા જુદા જ્વેલર્સ પાસેથી લાખો-કરોડોની ખંડણી વસૂલવાનું પૂર્વઆયોજિત ષડયંત્ર અને ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા છે. આરોપીઓ સામે અગાઉ પણ આ પ્રકારના ગુનાઓ નોંધાયેલા હોઈ તેનો ભૂતકાળ ગુનાઈત ઈતિહાસથી ખરડાયેલો છે. સાક્ષીઓના નિવેદનો અને રેકર્ડ પરના પુરાવાઓને જોતાં આરોપીઓને સમાજમાં દાખલો બેસે તે પ્રકારે કોર્ટે સખતમાં સખત સજા ફટકારવી જોઈએ. સરકારપક્ષની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે ઉપરોક્ત ચુકાદો આપ્યો હતો.

ગુજરાતમાં ગુજસીટોક કાયદો અમલમાં આવ્યા બાદ પહેલીવાર આ કાયદા હેઠળ કુખ્યાત વિશાલ ગોસ્વામી ગેંગ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કુખ્યાત ખંડણીખોર વિશાલ ગોસ્વામી ગેંગના ચાર આરોપીઓની મેઘાણીનગરમાંથી ધરપકડ કરી હતી. ચારેય આરોપીઓ પાસેથી મોટીમાત્રામાં હથિયારો મળી આવ્યા હતા. શહેરમાં ત્યાં ખંડણીખોર વિશાલ ગોસ્વામી ગેંગ સક્રિય થઈ હતી. ગોસ્વામી ગેંગ દ્વારા શહેરના મોટા જ્વેલર્સ-વેપારીઓને ફોન પર ધમકીઓ આપી લાખો-કરોડો રૂપિયાની ખંડણી વસૂલવામાં આવતી હતી.

# અમદાવાદમાં દારૂબંધીના ધજાગરા: જુહાપુરામાં ખુલ્લા પ્લોટમાંથી 2 લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

**અમદાવાદ, તા.18**

અમદાવાદમાં દારૂની હેરાફેરીના નેટવર્ક પર ક્રાઈમ બ્રાન્ચે વધુ એક સપાટો બોલાવ્યો છે. સોમવારે (17મી નવેમ્બર) મોડી રાત્રે ક્રાઈમ બ્રાન્ચે જુહાપુરા વિસ્તારમાં વિશાલા આઈસ ફેક્ટરી નજીકના એક ખુલ્લા પ્લોટમાંથી 2.16 લાખ રૂપિયાની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ (IMFL)નો જંગી જથ્થો કબજે કર્યો છે. પોલીસે દારૂની 1,644 બોટલ સાથે બે શખસોની ધરપકડ કરી છે, જ્યારે એક ફરાર આરોપીની શોધખોળ ચાલુ છે.

ક્રાઈમ બ્રાન્ચની ટીમને રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે કેટલાક લોકો આઈસ ફેક્ટરી નજીક ખુલ્લા મેદાનમાં IMFLનો મોટો જથ્થો રિક્ષામાં ટ્રાન્સફર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. પોલીસ ટીમ સ્થળ પર પહોંચીને દરોડા પાડતા એક વ્યક્તિ ફરાર થઈ ગયો હતો, જ્યારે બે શખસને રિક્ષામાં દારૂ ભરવાના પ્રયાસ દરમિયાન ઝડપી લેવામાં આવ્યા હતા. પકડાયેલા આરોપીઓની



ઓળખ અખિલ ઈસ્માઈલ શેખ અને આફતાબ હુસનુદ્દીન શેખ તરીકે થઈ છે. જ્યારે ફરાર થયેલા આરોપીની ઓળખ સજ્જાદ તરીકે કરવામાં આવી છે.

પકડાયેલા બંને આરોપીઓએ પૂછપરછ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી છે. પોલીસને આપોરીઓએ જણાવ્યું હતું કે, આ દારૂનો કન્સાઈન્મેન્ટ સજ્જાદ દ્વારા ગોઠવવામાં આવ્યો હતો, જ્યારે જુહાપુરામાં રહેતા અન્ય એક સાથી ઝુબૈર ઉર્ફે કાલુ અકબર અલીએ તેને પહોંચાડવામાં મદદ કરી હતી. દારૂનો આ જથ્થો આઈસ ફેક્ટરી નજીક ઝેડ રો હાઉસમાં રહેતી નસીમબાનુ માટે હતો.

હાલ પોલીસે ગુજરાત દારૂબંધી કાયદાની કલમો હેઠળ કેસ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. દારૂના સપ્લાયર્સને શોધવા, દારૂના સ્ત્રોતને ઓળખવા અને જપ્ત કરાયેલ રિક્ષાનો ઉપયોગ ગેરકાયદે દારૂ વહેંચવા માટે નિયમિતપણે થતો હતો કે કેમ તે ચકાસવા માટે તપાસ ચાલુ છે.

# અમદાવાદમાંથી 18.3 કિલો ગાંજો ઝડપાયો, 3 આરોપીઓની ધરપકડ, મહારાષ્ટ્ર કનેક્શન ખુલ્યું

**અમદાવાદ, તા.18**

રાજ્યમાં સતત નશાનો વેપલો વધી રહ્યો છે ત્યારે અમદાવાદ જાણે નશાનું હબ બની ગયું એમ અવાર-નવાર લાખોની કિંમતનો નશાકારક સામાન પકડાઈ છે. ત્યારે સોમવારે સાંજે અમદાવાદ શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG) એ નશાના કારોબાર સામે મોટી કાર્યવાહી કરી છે. બાતમીના આધારે SOG એ મહાકાળી ઈન્ડસ્ટ્રીઝ પાસેથી એક ઓટોરિક્ષાને અટકાવીને તેમાંથી રૂ.9.15 લાખની કિંમતનો 18.3 કિલોગ્રામ ગાંજો (મારિજુઆના) જપ્ત કર્યો છે. પોલીસે આ મામલે રાજેશ્વરીબેન ઉર્ફે ચાચલી રાઠોડ, ભાવેશભાઈ પરમાર અને સાહિલ ગારંગે નામના ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. SOG ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે આરોપીઓ કાલુપુરથી નરોડા પાટિયા તરફ ઓટોરિક્ષામાં ગાંજાનો મોટો જથ્થો લઈ જઈ રહ્યા છે. આ માહિતીના આધારે SOG ની ટીમે બે સરકારી પંચ સાક્ષીઓને સાથે રાખી મહાકાળી ઈન્ડસ્ટ્રીઝ પાસે વોચ



ગોઠવી હતી. સાંજે 6.30 વાગ્યે શંકાસ્પદ ઓટોરિક્ષાને અટકાવી તલાશી લેતા મુસાફરો પાસેની ત્રણ કાપડની બેગમાંથી BOPP ટેપથી વીંટાળેલા નવ પાર્સલ મળી આવ્યા હતા. FSL અધિકારી દ્વારા કરાયેલા પ્રાથમિક પરીક્ષણમાં આ પદાર્થ ગાંજો હોવાની પુષ્ટિ થઈ હતી. જપ્ત કરાયેલા ગાંજાનું વજન 18 કિલો 300 ગ્રામ થયું હતું, જેની કિંમત રૂ.9.15 લાખ આંકવામાં આવી છે. પોલીસે ગાંજા ઉપરાંત ત્રણ મોબાઈલ ફોન અને રોકડ સહિત કુલ રૂ.9.35 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓએ કબૂલ્યું કે તેઓએ આ જથ્થો મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના તારદાણા ગામની રહેવાસી જ્યોતિ તામચે પાસેથી કુબેરનગર વિસ્તારમાં ફરીથી વેચાણ કરવા માટે મેળવ્યો હતો. રિક્ષાચાલકની સંડોવણી ન જણાતા તેને છોડી મુકવામાં આવ્યો હતો. ત્રણેય મુખ્ય આરોપીઓ સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી સપ્લાય ચેઈનની વધુ કડીઓ શોધવા તપાસ હાથ ધરવામાં આવી છે.

# આર્થિક સંકડામણના કારણે ગુજરાતમાં 25 દિવસમાં 6 ખેડૂતોનો આપઘાત, પેકેજની જાહેરાત છતાં અપમૃત્યુનો દોર

**અમદાવાદ, તા.18**

ગુજરાતમાં આ વખતે માવઠાએ ખેડૂતોની માઠી દશા કરી છે. ઓચિંતા વરસેલાં વરસાદને લીધે રાજ્યમાં 42 લાખ હેક્ટરમાં ખેતીને નુકશાન પહોંચાડ્યું છે, જ્યારે 16 હજારથી વધુ ગામડાઓને ખેડૂતો અસરગ્રસ્ત થયાં છે. ખેતરોમાં ઊભા પાક ભોંયભેગાં થતાં ખેડૂતોના મોઢાંમાંથી જાણે કોળિયો છીનવી લેવાયો છે. આર્થિક રીતે તબાહ થયેલાં ખેડૂતો મજબૂરવશ થઈ જીવનલીલા સંકેલી રહ્યાં છે. છેલ્લાં એકાદ મહિનામાં ગુજરાતમાં કુલ મળીને છ ખેડૂતોએ આપઘાત કર્યો. આના પરથી ખેડૂતોની આર્થિક પરિસ્થિતિ કેટલી હદે કથળી હશે તેનો અંદાજ લગાવી શકાય છે.

માવઠાને લીધે પાક નિષ્ફળ જતાં આર્થિક સંકળામણના ભારથી ગુજરાતમાં વધુ એક ખેડૂતે આપઘાત કર્યો છે. વિસાવદરના ઈશ્વરીયા ગામમાં 42 વષીય ખેડૂત શૈલેષ સાવલિયાએ ઝેરી દવા પીને



જીવન ટૂંકાવ્યુ હતું. આ ખેડૂતે આઠ વીઘા જમીનમાં મગફળીની સાથે સાથે ડુંગળી અને તુવેરનું વાવેતર કર્યું હતું. કમોસમી વરસાદ વરસતાં મગફળી અને તુવેરનો પાક ધોવાયો હતો. પાક નિષ્ફળ જતાં હવે કેવી રીતે દેવુ ચૂકવવું અને કેવી રીતે જીવન નિર્વાહ કરવો તે મુદ્દે ખેડૂત શૈલેષભાઈ મૂંઝવણમાં મૂકાયા હતાં. હવે આર્થિક રીતે બેઠાં થવાય તેવી સ્થિતિ નથી તેવું વિચારી તેણે ખેતરમાં ઝેરી દવા પીને મોતને વ્હાલ કર્યું હતું. ચિંતાજનક એછેકે, પાક નિષ્ફળ જતાં આર્થિક સંકડામણ અનુભવતાં ખેડૂતોએ એક પછી મોતને વ્હાલુ કરી રહ્યાં છે.

અગાઉ રાજકોટ જિલ્લાના કોટડા સાંગણી તાલુકાના અરડોઈ ગામમાં 50 વર્ષિય ખેડૂત દીલીપ વિરિયાએ ઝેરી દવા પીને આપઘાત કરી હતી. જ્યારે વિંછીયા તાલુકાના રેવાણિયા ગામમાં 49 વર્ષિય ગફારભાઈ ઉનડે કૂવામાં ઝંપલાવી આપઘાત કર્યો હતો. ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના રબારિકા ગામમાં 65 વર્ષિય વૃદ્ધ ખેડૂતે પણ આપઘાત કર્યો હતો. દેવભૂમિ દ્વારકામાં માનપુર ગામમાં 37 વર્ષિય કરશનભાઈ વાનોરિયાએ પણ આપઘાત કરી મોતને વ્હાલ કર્યું હતું.

રાજ્ય સરકારે 10 હજાર કરોડ રૂપિયાનું કૃષિ સહાય પેકેજ જાહેર કર્યું છે, પરંતુ હજુ સુધી એકેય ખેડૂતને સહાયની કાણી પાઈ ચૂકવાઈ નથી. કૃષિ સહાય માટે ખેડૂતો ધરમધક્કા ખાઈ રહ્યાં છે પરંતુ સહાય ક્યારે મળશે તે હજુ કંઈ નક્કી નથી. કરોડોનું કૃષિ પેકેજ પણ ખેડૂતોને આર્થિક રીતે મદદરુપ થઈ શકે તેમ નથી.

ખેડૂતોની એવી ફરિયાદ છે કે, મગફળીના બારદાનનું વજન 700 ગ્રામ હોય છે પણ કૃષિ વિભાગ બારદાનનું વજન એક કિલો ગણે છે. જેથી ખેડૂતને બોરી દીઠ 300 ગ્રામ મગફળી વધુ આપવી પડી રહી છે. જો 75 મણ મગફળી ખરીદવામાં આવે તો 72 બોરી દીઠ કુલ મળીને 22 કિલો મગફળી મફતમાં આપવી પડે જેની કિંમત સરેરાશ 1600 રૂપિયા ગણી શકાય. બીજી તરફ, સરકારે દાવો કર્યો છે કે, અત્યાર સુધી ટેકાના ભાવે કુલ 1.05 લાખ મગફળી ખરીદવામાં આવી છે, જેનુ મૂલ્ય 769 કરોડ રૂપિયા થવા જાય છે. 45 હજારથી વધુ ખેડૂતોએ મગફળીનું વેચાણ કર્યું છે છે.

કૃષિ સહાય પેકેજ માટે ખેડૂતોએ દોડધામ મચાવી છે. અરજી સાથે દસ્તાવેજ રજૂ કરવાના હોવાથી ૭-૧૨, ૭ અ ના દાખલા મેળવવા ખેડૂતો ગ્રામ પંચાયત દોડયાં છે જ્યાં લાઈન લાગી છે. તેમાં ય સર્વર ડાઉન થતાં દાખલા મેળવતાં ખેડૂતોને આંખે પાણી આવ્યુ છે. સર્વર ડાઉન થતાં ખેડૂતો કૃષિ સહાય પેકેજના ફોર્મ ભરવામાં મુશ્કેલી વેઠી રહ્યાં છે. આટલી દોડધામ પછી પણ સહાય મળશે કે કેમ તે હજુ નક્કી નથી.

ખેડૂતોની મુશ્કેલી ઓછી થવાનુ નામ લેતી નથી. હજુ તો કૃષિ સહાય પેકેજના ફોર્મ ભરવામાં ધાંધિયા થયાં છે. ત્યાં હવે રવિપાકના વાવેતર માટે ખેડૂતોને ખાતર મળતુ નથી. પાટણ-ભાભર સહિત અન્ય વિસ્તારોમાં ખાતરની કૃત્રિમ ખેંચ વર્તાઈ રહી છે. ખાતરના ડેપો પર ખેડૂતોની લાઈનો લાગી છે.

# સાબરમતી જેલમાં 3 કેદીએ ISISના આતંકીને મારમાર્યો

## આંખમાં ઈજા પહોંચતા અહેમદ સૈયદને સિવિલ લઈ જવાયો, બોલાચાલી થતાં મામલો બિચક્યો હતો

**અમદાવાદ, તા.18**

ગત 9 નવેમ્બર 2025ના રોજ ગુજરાત ATSએ પકડેલા ISISના 3 આતંકીને સાબરમતી જેલમાં કાચા કામના કેદી તરીકે રાખવામાં આવ્યા છે. જ્યાં આતંકી અહેમદ સૈયદને આજે ત્રણ અન્ય કેદી સાથે માથાકૂટ થતા તેમણે અહેમદ સૈયદને માર માર્યો હતો. મારમારીના આ બનાવને લઈ જેલમાં પહોંચેલી પોલીસે તપાસ શરૂ કરી છે. કઈ બાબતે મારમારી થઈ તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

કાચા કામની બેરેકમાં રહેલા ત્રણ આતંકી પૈકી અહેમદ સૈયદને અન્ય ત્રણ કેદી સાથે બોલાચાલી થઈ હતી. જે બાદ ઝઘડો થતાં આ ત્રણ કેદીઓએ અહેમદ સૈયદને માર માર્યો હતો. આ દરમિયાન આતંકીને આંખ તેમજ મોઢાના અને શરીરના અન્ય ભાગે ઈજા પહોંચી છે. જેને પગલે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે. અહેમદ સૈયદનું નિવેદન નોંધીને ત્રણ અન્ય કેદી સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

ગુજરાત ATSએ ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લામાંથી 9 નવેમ્બરના



રોજ ISISના ત્રણ આતંકીઓને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા ત્રણ આરોપીઓ પૈકીના એક ડો. સૈયદ અહેમદનો ખતરનાક ઈરાદો હોવાનો ઘટસ્ફોટ થયો હતો. ચીનમાં તબીબી અભ્યાસ કરનાર ડો. સૈયદના પાકિસ્તાનના કેટલાક લોકો સાથે સંપર્ક હતા. તે સાઈનાઈડથી ખતરનાક ઝેર બનાવી રહ્યો હતો. મોટું ફંડ એકત્ર કરી ગુજરાત કે દેશમાં મોટો આતંકી હુમલો કરવાનો તેનો ઈરાદો હતો. ઝડપાયેલા ત્રણેય ISKP(ઈસ્લામિક સ્ટેટ-ખોરાસાન પ્રાંત)થી પ્રભાવિત હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

ડો. અહેમદ મોહ્યુદ્દીન સૈયદ મૂળ હૈદ્રાબાદનો રહેવાસી છે અને ગુજરાત તે હથિયાર કલેક્ટ કરવા આવ્યો હતો. આઝાદ સુલેમાન શેખ અને મોહમ્મદ સુહેલ નામના યુપીના આતંકીઓએ રાજસ્થાનના હનુમાગઢથી હથિયારો મેળવીને ગાંધીનગરના કલોલ નજીકના એક કબ્રસ્તાનમાં છોડી દીધા હતા. જે ડો. અહેમદ સૈયદે કલેક્ટર કર્યા હતા. જોકે, તે હથિયારો લઈ પરત હૈદ્રાબાદ જાય તે પહેલાં જ ATSએ તેને દબોચી લીધો હતો. ત્રણેય આતંકીઓ પાસેથી 3 વિદેશી બનાવટની પિસ્ટલ, 30 જીવતા કારતૂસ અને 4 લિટર કેસ્ટર ઓઈલ કબજે કરાયું હતું.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.

લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
Finolex PIPES
NILKANTH STEEL



નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર